# સનાતન ધર્મ અને ગાંધીજી

લેખક
નારણજી પુરુષોત્તમ સાંગાણી

VISIT…

LANZAROTE
Caliente.COM

# નિવેદન.

"તત્ત્વામૃત" અથવા "હિંદુધર્મની આંતરિક ભાવની સત્યતાનો અતિશય અનુભવ" નામક ગ્રંથ 'ભારત' તરફથી બહાર પડતાં મળી ભરાઉ તેનો બહોળો પ્રમાણમાં ફેલાવો થતાં તે માંહેની ઉપકારતાથી વાકેફ થતાં જેઓ બુદ્ધિમાન ધર્મનિષ્ઠ હિંદુઓ છે તેઓએ તો અત્યંત પ્રસન્નતા દર્શાવી; પરંતુ જેઓ ધર્મહીન પાખંડીઓ છે તેઓના સમાજની સીમા રહી નહિ "તત્ત્વામૃત" ના અવલોકનથી કેટલાક અપરિચિત સજ્જનોએ અમને રૂબરૂમાં અને કેટલાકે પત્રથી સમાગમનો લાભ લઈ આપી અભિનંદન આપવી આદ ભરાણ, ધર્મની સેવા વિશેષ ઉત્સાહથી આગળ ધપાવવાની પ્રેરણા કરવા સાથે સનાતન ધર્મ અને ગાંધીજીના પ્રકરણો ઉક્ત પુસ્તકમાંથી તારવી જુદા છપાવી બહાર પાડવા સૂચવ્યું. તેઓએ જણાવ્યું કે "હાલ પ્રસ્તુત" સનાતન ધર્મ અને ગાંધીજીના યથાર્થ સ્વરૂપથી બિલકુલ અજ્ઞાત છે, અને એવી ભયંકર અજ્ઞાનતાને પોષિત તેઓ અહીં તહીં જોયા બાદ વિશેષ આપત્તિ જોઈએ છે; માટે અનેક વિષયમાં ઓતપ્રોત થયેલ એ પ્રકરણોને છૂટાં પાડી તમે તેને ગ્રંથાકારમાં મૂકશો તો લોકોની આંખો ખુલશે અને હૃદયમાં સત્યની પ્રતીતિ થશે, ને તેમ થતાં ઉન્નતિના વાસ્તવિક માર્ગે તેઓ પ્રયાણ કરશે." આ સૂચના અમને યોગ્ય-હિતાવહ લાગવાથી અમે તેનો સ્વીકાર કરી "તત્ત્વામૃત" માંથી "સનાતન ધર્મ અને ગાંધીજી" ને સંબંધ ધરાવતાં પ્રકરણો તારવી કાઢવા એટલું જ નહિ પણ તેને લગતા બીજા અનેક લોકોપયોગી સ્વતંત્ર પ્રકરણો પણ નવાં તેમાં ઉમેર્યાં, તે પ્રભુ કૃપાથી આજે પ્રસ્તુત પુસ્તક રૂપે પ્રકટ થાય છે. આશા છે કે ભારત અન્ય ગ્રંથોની જેમ આનો પણ હિંદુ પ્રજા ઘટતો સત્કાર કરી લાભ ઉઠાવશે.

ચાઇના બીલ્ડીંગ-ગોદી બંદર,
મુંબઈ સં. ૧૯૮૦ જન્માષ્ટમી.
} નારાયણજી પુરુષોત્તમ સાંગાણી.

હરિઃ ૐ તત્સત

નારાયણ ગ્રંથમાળા — પુષ્પ ૧૧ મું.

# સનાતન ધર્મ અને ગાંધીજી.


લેખક અને પ્રકાશક,

**નારણજી પુરૂષોત્તમ સાંગાણી.**


ચાઇના બીલ્ડીંગ, ભીંડી બજાર—મુંબઇ.



પ્રથમ આવૃત્તિ. — પ્રત ૧૦૦૦.

સંવત ૧૯૮૦. — સને ૧૯૨૪.

**મૂલ્ય રૂ. ૦ ૮-૦.**


ધી 'ગુજરાત' પ્રિન્ટીંગ પ્રેસમાં
શાહ સોમાલાલ મંગળદાસે
છાપ્યુ, ઠે. પાંચકુવા-અમદાવાદ.

# અર્પણ.

શ્રીમાન્ શેઠ કેદારમલજી લઢિયા,

નિવાસી મંડાવા—જયપુર.

આપ ચુસ્ત સનાતન ધર્મપ્રેમી સજ્જન છો. અગરવાળ વૈશ્ય જ્ઞાતિના સન્માનનીય અગ્રેસર છો. આપે આપની સંપત્તિના સનાતન ધર્મની ઉન્નતિમાં ઉદાર મને વ્યય કર્યો છો ને કરી રહ્યા છો. કાશીમાં અન્નક્ષેત્ર, મંડાવામાં સંસ્કૃત પાઠશાળા અને મંડાવા તથા મુંબઈમા ધર્માર્થ આયુર્વેદિક ઔષધાલયો ખોલી આપ હજારોના આશીર્વાદ લઈ રહ્યા છો. આ ઉપરાંત કુવા, બગીચા, ગોરક્ષણાદિ લોકહિતના અનેક શુભ કાર્યોમાં સહાયતા અર્પી સનાતન ધર્મની આજ્ઞાનું યથાશક્ય પરિપાલન કરી સદા સર્વદા ધર્મ સંરક્ષણ કરવા કટિબદ્ધ રહો છો; એવા આપના અનુપમ અને આદરણીય ગુણોના સ્મરણમાં આ પુસ્તક આપને સપ્રેમ સમર્પણ કરૂં છું.

પ્રભુ કૃપાકાંક્ષી,

**નારણજી પુરૂષોત્તમ સાંગાણી.**

# અનુક્રમણિકા.





હરિ ૐ તત્ સત

# સનાતન ધર્મ અને ગાંધીજી.

नारायणं नमस्कृत्य नरं चैव नरोत्तमम् ।
देवीं सरस्वतीं व्यासं ततो जयमुदीरयेत् ॥

જગદીશ શ્રી નારાયણને, નરોમાં ઉત્તમ એવા નરને, સરસ્વતી દેવીને તથા ભગવાન્ વેદ વ્યાસને નમસ્કાર કરી આ ગ્રંથ લખવાની પ્રવૃત્તિ કરૂં છું.

જેઓ ધર્મનિષ્ટ જીવો છે તેઓ હમણાના લોક વ્યવહારથી મોટે ભાગે અલગ રહી રાજદ્વારી નેતાઓ ધર્મ માટે શું કહી રહ્યા છે એ વિશે ભાગ્યેજ થોડે અંશે પણ જાણતા હોય છે; અને જેઓ નાની વયથીજ ધર્મનું જ્ઞાન, રહસ્ય જાણ્યા વિના રાજદ્વારી ક્ષેત્રમાં વિચરે છે તેઓ સનાતન ધર્મ એટલે શું? ધર્મશાસ્ત્રોમાં મનુષ્ય દેહ ધારણ કરી પોતાને હિંદુ આત્મા કહેવરાવનારને પ્રાતઃકાલથી તે સાયંકાલ સુધીમાં કયા કયા કર્મો કેવી કેવી રીતે આચરવાના છે! કયું કર્મ વિહિત કે અવિહિત છે એનું ઘણા થોડાને ભાન હોય છે. આવા ઉભયગામી એટલે સનાતની અને સ્વરાજ્યવાદી બન્નેને સનાતન ધર્મનું તથા હમણાની સ્વરાજ્યની ચળવળના નેતા ગાંધીજીના વાસ્તવ સ્વરૂપનું ભાન થાય એવા હેતુથી તે સંબંધમાં મારો અનુભવ ક્રમપૂર્વક દર્શાવું છું.

# સનાતન ધર્મ.

**वेद प्रणिहितं कर्म्म धर्म्मस्तन्मङ्गलं परम**
**प्रतिषिद्ध क्रिया साध्यः स गुणोऽधर्म्म उच्यते ॥**
**प्राप्नुवन्ति यतः स्वर्गं मोक्षौ धर्म्म परायणे ।**
**मानवा मुनिभिनूनं सधर्म्म इति कथ्यते ॥**

પૂજ્યપાદ ઋષિમુનિઓએ સનાતન ધર્મની વ્યાખ્યા આ પ્રમાણે કરી છેઃ—જે પરમ મંગળ કરનારૂં કર્મ વેદ વિહિત છે તે ધર્મ, અને જે કર્મનો વેદમાં નિષેધ કરેલો છે તે અધર્મ ગણાય છે. જે કર્મ કરવાથી મનુષ્ય સ્વર્ગનો અને મોક્ષનો અધિકારી થાય છે તેને મહાનુભાવ મહર્ષિઓ ધર્મ કહે છે.

વેદ આપણુ હિંદુ–આર્ય પ્રજાને ઇશ્વર તુલ્ય છે. વેદ સૃષ્ટિની ઉત્પત્તિ વખતેજ પરમાત્માએ પ્રકટ કરેલા છે. વેદ મનુષ્યની કૃતિ ન હોઇ પ્રભુકૃતિ છે, માટેજ તેને અપૌરૂષેય કહેવામાં આવે છે. સૃષ્ટિ આજની નથી પણ સૃષ્ટિનો પ્રવાહ આદિઅનાદિ કાળથી ચાલ્યો આવે છે. જયારે સૃષ્ટિજ અતિ પ્રાચીન છે ત્યારે વેદ તો સૃષ્ટિ રચના પહેલાના પ્રકટ થયેલા હોઈ પુરાતનમાં પુરાતન કહેવાય અને તેથીજ આપણા ધર્મને પુરાતન, નિત્ય–સદા કાળનો અથવા સનાતન ધર્મ કહેવામાં આવે છે. વેદશાસ્ત્ર અતિ ગંભીર છે. તેનો અર્થ સમજવો બહુ અઘરો છે. ઋષિમુનિઓ જયારે વર્ષોના વર્ષો સુધી બ્રહ્મચર્ય યમનિયમ પાળી ગુરૂસેવા કરતાં થકા

અધ્યયન કરતા ત્યારે વેદનો અર્થ સમજી શકતા. વેદનું જ્ઞાન પ્રાપ્ત કરવા ઇચ્છનારને પ્રથમ વેદના અંગો જાણવા જોઇએ. વેદાંગ પછી પુરાણ પછી ધર્મશાસ્ત્ર, પછી ન્યાયમીમાંસા વિગેરે દર્શન શાસ્ત્ર, પછી ઉપવેદ અને પછી વેદ જાણી શકાય છે.

વેદાંગ છ છે. તેના નામઃ શિક્ષા, છંદ, વ્યાકરણ, નિરૂક્ત, જ્યોતિષ અને કલ્પ.

પુરાણ અઢાર છે. તેના નામ બ્રહ્મ, પદ્મ, વિષ્ણુ, શિવ, ભાગવત, નારદ, માર્કન્ડેય, અગ્નિ, ભવિષ્ય, વૈવર્ત, લિંગ, વરાહ સ્કંદ, વામન, કૂર્મ, મત્સ્ય, ગરૂડ અને બ્રહ્માંડ. મહાભારત અને રામાયણ ઇતિહાસમાં ગણાય છે. પુરાણોના ઉપપુરાણો પણ છે.

ધર્મશાસ્ત્ર અથવા સ્મૃતિ વીશ છે. તેના નામ મનુ, અત્રિ વિષ્ણુ, હારિત, યાજ્ઞવલ્ક્ય, ઉશનસ, અંગિરા, યમ, આપસ્તંભ, સંવત, કાત્યાયન, બ્રહસ્પતિ, પારાશર, વ્યાસ, શંખ, લિખિત, દક્ષ, ગૌતમ, શાતાતપ અને વસિષ્ઠ. સ્મૃતિઓની ઉપ સ્મૃતિઓ પણ છે.

દર્શન શાસ્ત્ર સાત છે. તેના નામઃ ન્યાય, વૈશેષિક, સાંખ્ય, યોગ, પૂર્વ મીમાંસા, દૈવીમીમાંસા અને ઉત્તરમીમાંસા ( બ્રહ્મસૂત્ર )

ઉપવેદ ચાર છે. તેના નામ· આયુર્વેદ, ધનુર્વેદ, ગાંધર્વવેદ અને સ્થાપત્ય વેદ.

વેદ ચાર છે. તેના નામ. ઋગ્વેદ, યજુર્વેદ સામવેદ અને અથર્વ વેદ. વેદના ત્રણ ભાગ છે. એક સંહિતા, બીજો બ્રાહ્મણ-ભાગ અને ત્રીજો આરણ્યકભાગ. સંહિતાભાગમાં ઇશ્વર રૂપ

દેવતાઓની પ્રાર્થના અને સ્તુતિઓના મંત્ર છે, જે યજ્ઞ કરતી વખતે ઉપયોગમાં આવે છે. બ્રાહ્મણ ભાગમાં યજ્ઞ કરાવવાની વિધિ તથા તેના ફળ અને ધર્મકથાઓ વિગેરે છે. સંહિતા ભાગમાં ગુરૂપરંપરાથી કે બીજા કારણોથી અનેક શાખા પડી ગઈ છે, જેની સંખ્યા ૧૧૮૦ છે. ઋગ્વેદની ૨૧, યજુર્વેદની ૧૦૯, સામવેદની ૧૦૦૦ અને અથર્વ વેદની ૫૦ શાખા છે.

આરણ્યક ભાગ અરણ્યમાં ઋષિઓના ચિત્તમાં સ્ફુર્યો હતો તેથી આરણ્યક કહેવાય છે. તેમા વાનપ્રસ્થાશ્રમીના કર્મોનું તથા મોક્ષમાર્ગનું નિરૂપણ કરવામાં આવ્યું છે; અર્થાત્ બ્રહ્મજ્ઞાન પ્રતિપાદન કરાયલું છે. આ ઉપનિષદ્‌ના નામથી પણ ઓળખાય છે. ઉપનિષદોમાં અગાધ જ્ઞાનનો ભંડાર છે; એની તુલનામાં જગતનુ કોઇ દાર્શનિક શાસ્ત્ર આવી શકે એમ નથી. ઉપનિષદ્‌ની સંખ્યા ૧૭૦ ની છે, તેમાં બાર મુખ્ય છે. તેના નામ—ઐતરેય, કૌશતકીય બ્રાહ્મણ, બૃહદારણ્યક, છાંદોગ્ય, કઠ, કેન, તૈત્તિરીય, ઇશ, માંડૂક્ય, મુંડક, પ્રશ્ન અને શ્વેતાશ્વતર.

સનાતન ધર્મનું તત્ત્વ આત્માની ઉર્ધ્વગતિ કરનારૂં છે. તેમાં એક એક વિષય જગન્નિયંતાની કૃપાથી એવા સંગીન સમાયેલા છે કે તેના અધ્યયન, અવલંબનથી મનુષ્યનો ઇહલોક સુધરવા સાથે પરલોકમાં સદ્‌ગતિ-મોક્ષ પણ થઇ શકે છે. આજ વિશ્વવ્યાપી સનાતન ધર્મમાંથી નાના પ્રકારના ધર્મો શાખા રૂપે, પ્રશાખા રૂપે કે છાયા—ભાસરૂપે ઉત્પન્ન થયેલા છે. યુગ યુગનું પ્રાબલ્ય રહ્યા કરે છે. સત્યયુગમાં લોકો વેદ આજ્ઞા પ્રમાણે માત્ર સત્ય ઉપર ચાલતા. ત્રેતામાં તપ ઉપર, દ્વાપરમાં યજ્ઞ ઉપર અને કલિ-

યુગમાં વેદનું અધ્યયન છોડી કર્મ ઉપર ચાલે છે. ધર્મના મુખ્ય અંગ–સત્ય, તપ અને યજ્ઞ ત્યજી દેવાથી મનુષ્ય જ્ઞાનહીન, બળહીન બુદ્ધિહીન તથા ઐશ્વર્યહીન બની ગયા છે. અત્યારે પણ વેદ આજ્ઞાને ધારણ કરી વર્તનારા ધર્માત્મા પુરૂષો પરમ જ્ઞાની તથા ધન કીર્તિ આરોગ્યતાએ પૂર્ણ સુખી છે.

સૃષ્ટિ ઉત્પત્તિના સંબંધમાં વેદશાસ્ત્ર આ પ્રમાણે વર્ણન કરે છેઃ–ભગવાન્ નારાયણ જળની અંદર શેષશાયી ભગવાનપર યોગ નિદ્રામાં પોઢયા છે. નારાયણના ચિત્તમાં એવો સંકલ્પ સ્ફુર્યો કે **एकोऽहं बहुस्यामि** "એકમાંથી બહુરૂપે થાઉં" સંકલ્પ થતાંજ ભગવાનના નાભિકમળમાંથી પિતામહ બ્રહ્મા ઉત્પન્ન થયા. બ્રહ્માજીને કાંઇ કરવાની સૂઝ ન પડી એટલે આકાશવાણી થયા પ્રમાણે પિતામહે તપદ્વારા ભગવાનની આરાધના કરવા માંડી. તપથી ભગવાને પ્રસન્ન થઇ સૃષ્ટિ રચવાની આજ્ઞા આપી. પિતામહ બ્રહ્માએ ભગવાનની આજ્ઞાનુસાર સૂર્ય, ચંદ્ર, ઇંદ્ર, વાયુ, વરૂણ, અગ્નિ, યમ, પ્રજાપતિ, સપ્તર્ષિ, દેવ, દૈત્ય, મનુષ્ય, પશુ, પક્ષી વગેરે નિર્માણ કર્યા. મનુષ્યમાં સ્ત્રીપુરૂષની ઉત્પત્તિ આ પ્રમાણેઃ બ્રાહ્મણ ભગવાનના મુખમાંથી, ક્ષત્રિય બાહુમાંથી, વૈશ્ય ઉરૂમાંથી અને શૂદ્ર ચરણમાંથી ઉત્પન્ન થયા.

દેવ દાનવ પશુ પક્ષી કરતાં મનુષ્ય અવતારની મહત્તા અધિક છે; કારણ કે મોક્ષનું સાધન કેવળ મનુષ્યથીજ બની શકે છે. ત્રિગુણ–સત્વ, રજ, તમ એમ ત્રણ ગુણમયી માયામાંથી જે મનુષ્ય સત્વગુણને ધારણ કરી વેદ શાસ્ત્રનો અભ્યાસ કરી જાતિ અનુસાર કર્મ કરે છે એટલે કે બ્રાહ્મણે વેદશાસ્ત્ર ભણવું અને ભણા-

વવું, યજ્ઞ કરવો અને કરાવવો તથા દાન લેવું અને દેવું. ક્ષત્રિયે વેદશાસ્ત્ર ભણી પ્રજાનું રક્ષણ કરવું. વૈશ્યે વેદશાસ્ત્રનો અભ્યાસ કરી ગોરક્ષા ખેતી અને વેપાર કરવો, ને શૂદ્રને વેદશાસ્ત્ર ભણવાનો અધિકાર નથી પણ તેણે ઉપરના ત્રણ વર્ણ જે દ્વિજ જાતિના નામે ઓળખાય છે તેની સેવા કરવી.

દ્વિજ જાતિ એટલે બ્રાહ્મણ ક્ષત્રિય વૈશ્યે જન્મથી તે મરણ પર્યન્ત ધર્મશાસ્ત્રાજ્ઞા પ્રમાણે સોળ સંસ્કાર તથા પંચ યજ્ઞ આવશ્યક રીતે કરવાના છે. સોળ સંસ્કારના નામ; ગર્ભાધાન, પુંસવન, સીમંતોન્નયન, જાતકર્મ, નામકરણ, અન્નપ્રાશન, ચુડાકરણ, ઉપનયન, બ્રહ્મવ્રત, વેદવ્રત, સમાવર્તન, ઉદ્વાહ, અગ્ન્યાધાન, દીક્ષા, મહાદીક્ષા અને સંન્યાસ. પાંચ યજ્ઞઃ બ્રહ્મયજ્ઞ, દેવ યજ્ઞ, ભૂતયજ્ઞ, પિતૃયજ્ઞ અને નૃયજ્ઞ.

જેમ મનુષ્યની ચાર જાતિ નિર્માણ થઇ છે તેમ તેના આશ્રમ પણ ચાર છે. તેના નામઃ–બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સંન્યસ્ત. છોકરો આઠ વર્ષનો થાય ત્યારથી તેને બ્રહ્મચર્ય પળાવી યોગ્ય ગુરૂ પાસે વેદ શાસ્ત્રાદિ ૧૪ વિદ્યા ૨૪ વર્ષની વય થાય ત્યાં સૂધી ગુરૂકુળમાં રાખી ભણાવવો તે બ્રહ્મચર્યાશ્રમ. વિદ્યા ભણ્યા પછી માતા પિતાની આજ્ઞા પ્રમાણે ૨૪ વર્ષ પછી સ્વજાતિની કન્યા કે જે રૂપ ગુણમાં યોગ્ય હોય તેની સાથે લગ્ન કરી શાસ્ત્રના કહેવા પ્રમાણે સંતાન ઉત્પત્તિ, માતા પિતા દેવ સંન્યાસીઓ અને મનુષ્યોની સેવા, વેપારથી દ્રવ્ય ઉપાર્જન કરવાની સાથે ૪૫ વર્ષની વય સૂધી કરવી તે ગૃહસ્થાશ્રમ. ૪૫ વર્ષ પછી વ્યવહારનો બોજો પુત્રને સોંપી સંસાર તરફ વૈરાગ્ય વૃત્તિથી

રાખી પરમાર્થ પ્રભુભક્તિ સેવતા થકા ૬૦ વર્ષ સુધી રહેવું તે વાનપ્રસ્થાશ્રમ અને તે બાદ સમસ્ત સંસારને ત્યાગી કેવળ પ્રભુપરાયણ જીંદગી ગાળવી તેનું નામ સંન્યસ્તાશ્રમ છે. કલિયુગમાં સંન્યસ્ત લેવાની આજ્ઞા નથી; કારણ કે તેના નિયમ અતિ કઠિન હોવાથી દેશકાળ ફરી જતાં તે પાળવા મુશ્કેલ થઇ પડયા છે.

આ પ્રમાણે જાતિ અને આશ્રમમાં રહ્યો થકો મનુષ્ય સોળ સંસ્કાર, સંધ્યાવંદન, પાંચ યજ્ઞાદિ નિત્ય કર્મ, તીર્થયાત્રા શ્રાદ્ધ યજ્ઞયાગ સત્સંગાદિ નૈમિત્તિક કર્મ કરે એટલે તે પાપમાંથી મુક્ત થઇ સ્વર્ગ અને મોક્ષનો અધિકારી ઠરે છે.

વેદ જેમ અપૌરૂષેય અથવા ભગવદ્ વાક્ય છે તેમ શ્રીમદ્ ભગવદ્ગીતા પણ સાક્ષાત્ શ્રીકૃષ્ણ પરમાત્માના મુખથી કહેવાઇ છે એટલે તે પણ વેદ તુલ્યજ છે. આ બે: વેદ અને ગીતા ભગવદવાક્ય હોવાથી ત્રિકાળાબાધિત છે. તેમાં સકળ જ્ઞાનનો સમાવેશ થઇ જાય છે, જરા પણ અપૂર્ણતા જોવામાં આવતી નથી. વેદ અને ગીતા આપણા હિંદુઓનું તો પરમ દૈવત હોઇ આપણે તેને પ્રભુ સ્વરૂપ માની તેની આજ્ઞાનુસાર વર્તીએજ; પરંતુ મેકસમૂલર હીરેન, ટોડ, જોન્સ, એરિયન ટેલર, વિલ્સન, રોબર્ટસન વિગેરે યુરોપીઅન પંડિતો પણ વેદ ગીતાજીને જોઇ તેના સર્વાંગ સંપુર્ણ જ્ઞાનથી આશ્ચર્યચકિત થઇ જઇ તેના પર અનેક પુસ્તકો રચી ગુણ ગાયા છે. વેદ પ્રાચીનમાં પ્રાચીન છે એમ તેઓએ મુક્ત કંઠે સ્વીકાર્યું છે.

સનાતન ધર્મમાં પાંચ દેવની ઉપાસના કરવાનું વિધાન છે. ભગવાન્ શ્રીકૃષ્ણ મુખ્યદેવ છે પરંતુ બીજા દેવતાઓ પણ ભગવાનના અંશરૂપ છે, તેથી એકમાર્ગી બની પોતપોતાનો વાડોજ સાચો, બાકી બધું ખોટું એમ ન માનતાં શાસ્ત્રાજ્ઞા પ્રમાણે પોતાના ઇષ્ટદેવને મુખ્યરૂપે અને બીજાઓને ગૌણરૂપે ઉપાસવા. પાંચદેવના નામઃ વિષ્ણુ ( શ્રીકૃષ્ણ ), ગણપતિ, સૂર્ય, શિવ અને શક્તિ ( લક્ષ્મી, કાળી, સરસ્વતી વગેરે માતા. )

ઉપર પ્રમાણે સનાતન ધર્મ તેની વિધિ અને સાધનો છે. કલ્યાણ ઇચ્છનાર મનુષ્યે સદ્ગુરૂદ્વારા ધર્મને જાણી આચરવો જોઇએ. આપણો મનુષ્ય યોનિમાં અવતાર અનેક જન્મના અંતે મહાન્ પુણ્યના યોગે ભગવાનની પરમકૃપાથી થયો છે, તેને બીજા દેશની વિષય લુબ્ધ પ્રજાની માફક કિંવા દેહને આત્મા માનનારા નાસ્તિકોની જેમ વ્યર્થ ગુમાવી ન દેવો જોઇએ. શાસ્ત્રની આજ્ઞાનુસાર વર્તનારનેજ ખરૂં અને નિત્ય સુખ મળે છે. શાસ્ત્રને ગપોડા સમજી અથવા પોતાને અશક્ત માની ઇન્દ્રિયોને આધીન થઇ જે માણસ વિષયનો કીડો બની વર્તે છે તે અતિ દુઃખી થવા સાથે દારૂણ નરકનો અધિકારી ઠરે છે. કલિયુગ છે તેથી સનાતન ધર્મમાંથીજ કઇક પાખંડ પ્રકટ થશે, કઇક અધમ વ્યક્તિઓ ધર્મની નિંદા કરશે-ધર્મ પ્રત્યે ઘૃણા બતાવશે, ધર્મને નષ્ટ કરવા કોશિષ કરશે, માટે તેવાના ભોગ ન થતાં ધર્મના આચરણ અને રક્ષણદ્વારા ધર્મને સજીવન રાખી પરમ પદના અધિકારી બનવું.

પરમાત્મ સ્વરૂપ ઋષિ મુનિઓએ હજારો અને લાખો વર્ષ તપ યોગ ભક્તિનું અનુષ્ઠાન કરી વેદનું ગહન તત્ત્વ પ્રાપ્ત કર્યું હતું.

વેદના સ્વરૂપ-જ્ઞાનને જાણ્યા પછી તે ઉદાર આત્માઓએ જગતના હિતાર્થે અનેક શાખા પ્રશાખા રૂપે જ્ઞાન પ્રકટ કર્યું છે. ભારતના-હિંદુ પ્રજાના દુર્ભાગ્યે આજે તેમાંથી ઘણું થોડું બચ્યું છે-મળી શકયું છે; બાકી બધું કયાં ચોરાઇ ગયું કે નષ્ટ થઇ ગયું તેનો પત્તો નથી; છતાં પણ જે છે તે ઓછું નથી. આપણી પાસે સનાતન ધર્મરૂપી અમૃત છે કે જેના અવલંબનથી ધર્મ અર્થ કામ અને મોક્ષ ચારેય પુરૂષાર્થ સફળ થાય તેમ છે છતાં કઇક કલિયુગી જીવો-પામર બુદ્ધિના પ્રાણીઓ તેમાં ખામી કાઢી ધર્મને નષ્ટ કરવા કોશિષ કરી રહ્યા છે, પરંતુ તેથી જરાય સંતાપ પામવાનું કે ડગવાનું કારણ નથી. હિંદુસ્થાનમાં હિરણ્યાક્ષ રાવણ, કંસ, ચાર્વાક ઇત્યાદિથી લઇ હજારો સમર્થ આસુરી જીવો થઈ ગયા. તેઓએ સનાતન ધર્મને નિર્મૂળ કરવા ઘણી ઘણી ઉથલપાથલ કરી હતી પણ સઘળી વ્યર્થ નિવડી હતી. સનાતન ધર્મના નાશ કરનારા પોતેજ નાશ પામી ગયા, અને તેમણે કરેલો સઘળો પુરૂષાર્થ ધૂળમાં મળી ગયો. જયારે એવા પ્રબળોથી કાંઇ ન બન્યું તો અત્યારના બિચારા રાંકલા ઢીકલા પતંગીઆઓથી શું વળવાનું હતું! નાસ્તિકો સનાતન ધર્મ વિરૂદ્ધ પોકાર કરી નાતો જાતો અળસાવી ઢેઢ ભંગીને એક કરી, ગમે તેની સાથે ગમે તે ખાવાની, વિધવા વિવાહની, મૂર્તિપૂજા શ્રાદ્ધાદિ ન કરવાની, અવતારો, દેવતાઓ, પુરાણો તથા મથુરા કાશી ગંગા યમુનાદિ તીર્થસ્થાનોને ન માનવાની વાતો કરે છે પરંતુ તેથી તેનો અને તેમનામાં મોહ પામેલાઓનોજ નાશ થવાનો છે. સનાતન ધર્મનું એમાં રૂવાડુંય ખંડિત થવાનું નથી એ નિશ્ચિત માની લેવું.

ગીતાજીમાં ભગવાને પ્રતિજ્ઞા કરવા મુજબ જ્યારે જ્યારે ધર્મનો નાશ થાય છે, અધર્મ વધી જાય છે, સત્પુરૂષો રીબાવા માંડે છે, દુષ્ટો પરોપકાર, દેશોન્નતિ, એકતાના નામે મહાત્મા બની તાગડધિન્ના કરે છે ત્યારે ત્યારે ભગવાન્ સ્વયં મુખ્ય અવતારરૂપે કે અંશાવતારરૂપે પૃથ્વીપર અવતરી અધર્મ નિવારી ધર્મ સ્થાપે છે. સત્યયુગથી આરંભી આજ સૂધીના એવા મુખ્ય અવતાર નવ થઇ ચૂકયા છે. તેના નામઃ મત્સ્ય, કૂર્મ, વરાહ, નૃસિંહ, વામન, પરશુરામ, રામ, કૃષ્ણ, ને બુદ્ધ. હવે દશમો અવતાર કલ્કિ ભગવાનનો થશે જે ધર્મજ્ઞોનું રક્ષણ કરી ધૂર્ત પાખંડી, સનાતન ધર્મદ્રોહીઓનો નાશ કરશે; માટે કોઈ હિંદુ આત્માએ ગભરાવું નહિ. તેમ લાલચથી કે વેષધારી મહાત્માઓના અડુક દડુકીઆ ફાવતા ફાવતા વચનોથી ચલિત થવું નહિ. ભગવાન્ સર્વ સમર્થ છે. તે સત્પુરૂષોની કસોટી તો કરે છે; પરંતુ કસોટીના અંતે ઉત્તીર્ણ થનારને અનંત સુખ આપે છે એમાં સંદેહ નથી. લોકોએ સાથે મળીને પોતાના દુઃખ નિવારવા, અગવડો દૂર કરવા, સુખ સાધનો વધારવા પ્રયત્ન અવશ્ય કરવો. તેમ કદાચ સાથે ન બને તો એકલા પણ કરવો પરંતુ તે ધર્મ સાચવીને, ધર્મની આજ્ઞાનુસારજ કરવો. સ્વચ્છંદ બુદ્ધિને કે દેખાદેખીને તેમાં સ્થાન હોવું જોઇએ નહિ.

મુખ્ય અવતારો ઉપરાંત અંશાવતાર પણ થયા છે ને થાય છે, ગુરૂ દત્તાત્રેય, કપિલદેવ, પૃથુ વગેરે. ઋષિ મુનિ અથવા આચાર્ય રૂપે પણ ભગવાન ધર્મની રક્ષા અને સ્થાપના કરે છે, જેમકે ભગવાન્ વેદવ્યાસ, વસિષ્ઠજી, નારદજી, શુકદેવજી, ભૃગુ, ભરદ્વાજ,

અંગિરા વગેરે. અને હમણા બે હજાર વર્ષ દરમ્યાનમાં બુદ્ધ ચાર્વાક જૈન કાપાલિક શાક્તનું જોર વધી જતાં જગદ્‌ગુરૂ શ્રીમદ્ આદ્ય શંકરાચાર્ય, શ્રીમદ્ વલ્લભાચાર્ય, શ્રીમદ્ રામાનુજાચાર્ય અને શ્રીમદ્ માધવાચાર્ય આ ચારે આચાર્યોએ અવતાર ધરી સનાતન ધર્મનું રક્ષણ કર્યું હતું. આપણા ભારત વર્ષમાં અત્યારે આ ચાર આચાર્યોના સંપ્રદાયો વેદ વિહિત અને માન્ય ગણાય છે. કારણ કે આ ચારેય આચાર્યોએ વેદનું રક્ષણ કરી વેદત્રયી ઉપર ભાષ્ય લખી, સનાતન ધર્મની રક્ષા અને પ્રચાર કર્યો છે. આપણામાં સ્વામીનારાયણ, રામાનંદી, ગોરખ, કબીર વગેરે અવાંતર પંથો પણ છે. આચાર્યોમાં જેમ ધર્મ રક્ષણ કરવા સારૂ પ્રભુ પોતાનો અંશ મૂકે છે તેમ યુધિષ્ઠિર, પ્રતાપ, શિવાજી જેવા રાજાઓમાં પણ પ્રવેશ કરી ધર્મ, જાતિ તથા દેશનું રક્ષણ કરાવે છે.

---

## ધર્મની સ્થિતિ, આચાર્યો અને હિંદુ પ્રજા.

गुरवो बहवः सन्ति शिष्यवित्तापहारकाः ।
तमेकं दुर्लभं मन्ये शिष्य संताप हारकम् ॥

કલ્પવૃક્ષ જેવા હિંદ દેશમાં કે જ્યાં ભગવાન્ શ્રી રામચંદ્રજી, હરિશ્ચંદ્ર કે અંબરીષ જેવા ધર્મનિષ્ઠ રાજા હોય ત્યાં ધર્મની સ્થિતિ ઉન્નત રહે એમાં સંદેહ શો ? હિંદુ દ્વિજ જાતિના ઘરે ઘરમાં વેદના પવિત્ર ધ્વનિ સંભળાતા હોય, અગ્નિહોત્ર રાખવામાં

આવતો હોય, યજ્ઞયાગ થતાં હોય, સત્ય તપ યોગ ભક્તિ જ્ઞાનની ઉપાસના થતી હોય, ફળફૂલવાળા વનો હોય, દેશની પેદાશ પરદેશ ઉપડી જતી ન હોવાથી અને કરના બોજા ન હોવાને લઇ અનાજ, દહીં, દૂધ, ઘી સસ્તા મળતા હોય, ઋષિમુનિઓ પાત્ર જોઇ નિઃસ્વાર્થ બુદ્ધિએ ઉપદેશ કરતા હોય, લાંચ રૂશ્વત ન ખવાતી હોય, અન્યાય પક્ષપાત ન થતો હોય, ઠામ ઠામ અખાડા હોય જેમાં નાના મોટા તમામ કસરત તથા યુદ્ધક્રિયા શીખતા હોય, ચોરી લૂંટફાટ, જુગાર, વ્યભિચાર, ગૌવધ, દારૂ, માંસ સેવન ઇત્યાદિ દુરાચારો બંધ હોય, ત્યાં ધર્મની સ્થિતિ સર્વોત્કૃષ્ટ ચડીઆતી હોય એમાં નવાઇ શી ! જે દેશમાં રાજા, આચાર્યો અને આગેવાનો ધર્મપ્રેમી તથા પરમાર્થ બુદ્ધિવાળા હોય તે દેશમાં ધર્મની હાલત અત્યંત શ્રેષ્ઠ હોય એ સ્વાભાવિક છે.

દુર્ભાગી હિંદ ધર્મના ઉન્નત શિખરેથી ચ્યુત થઈ અત્યારે અત્યંત અવનત હાલતમાં આવી પડ્યું છે. આર્યોએ પૂર્વકાળમાં જેટલા સુખ માન સંતોષ આનંદ પ્રમોદ ભોગવ્યા હતા તેટલાજ અત્યારે દુઃખ, અપમાન, અસંતોષ, ક્લેશ, ગધાવૈતરા ભોગવવા પડે છે. એકાએક આટલો જબર ફેરફાર થવાના કારણો ઘણાં છે. પ્રથમ તો યુગ-કાળનું કારણ ગણી શકાય. બીજું રાજા આચાર્યો આગેવાનો ભ્રષ્ટ પતિત થઈ વર્તે છે અને ત્રીજું સાધન તથા પ્રજામાં પણ ફેર પડી ગયો છે.

બુદ્ધદેવ પછીના વખતથી જેજે રાજાઓ થયા છે તેમાં વિશેષ કરીને ધર્મચ્યુત, કમતાકાત, મૂર્ખ અને પ્રજારંજાડ કરનારાજ થયેલા છે. શાસ્ત્રી અને પંડિત વર્ગમાંથી પણ રાજા રામમોહનરાય

અને દયાનંદ સરસ્વતી જેવા કેટલાય બુદ્ધિભ્રંશ, કુતર્કી અને જાતે અવળે રસ્તે ચડી બીજાને ચડાવનારા પેદા થયા છે. આગેવાનોમાં તો કોઈ વિરલજ શુભ હેતુ અને પવિત્ર બુદ્ધિવાળા જણાશે બાકી ઘણાખરા કૂદાકૂદ કરનાર શાસ્ત્રજ્ઞાનરહિત, દંભી અને ધર્મદ્રોહીજ નિવડયા છે. પ્રજામાં લગભગ સેંકડે ૯૯ ટકા તો સારાસારનો વિવેક વેચી, ટૂકડા રોટલા માટે સર્વસ્વનું બળિદાન કરનાર, બિન-સંસ્કારી, પોતાનું હલકું માની બીજાનું વગર વિચાર્યું અનુકરણ કરનારા અને વખાણનારાજ અવશેષ રહ્યા છે. પ્રભુના કૃપાપાત્ર કોઇ કોઇ સમજુ પુરૂષ કોઈ કોઈ સ્થળે અસ્તિત્વમાં છે તેઓ બાહુધા સાધનની તંગીથી કે સાધનના અભાવે પીડાતા હોય છે એટલે તેઓ જાહેર પ્રવૃત્તિ કરવા અશક્ત છે.

સ્વચ્છંદ જમાનામાં સ્વચ્છંદીઓ સંસાર બગાડાની હિમાયત તો રાતદિવસ કર્યાજ કરે છે પરંતુ પોતે પ્રતિજ્ઞા લઇને મહાસભામાં જાય છે કે અમે લોકોના સેવક છીએ અને લોકોની ઇચ્છા મુજબ વર્તશું એમ ભોળવાવી મત તથા દ્રવ્ય લઈ જાય છે. ધારાસભામાં ગયા પછી લીધેલ પ્રતિજ્ઞાનું વિસ્મરણ કરી જાણે લોકોએ તેઓને કેમ સર્વ સત્તા સુપ્રત કરી દીધી હોય ! અને તેઓ બાપ માલિકીનો હક્ક ધરાવતા હોય ! તેમ તેઓ લોકોના રક્ષણની અને લાભની વાત પડતી મૂકી વિધવા વિવાહનો, હિંદુ સ્ત્રીઓએ પતિ પાછળ સતી ન થવાનો, ધર્મ શિક્ષણ અને ધર્મને અપાતું ઉત્તેજન બંધ કરવાનો, અને ઢેઢ સ્પર્શ કરવાની ફરજ પાડનારો કાયદો પસાર કરાવવાની તનતોડ મહેનત કરે છે. પવિત્ર લગ્નવિધિનો હેતુ જાણ્યા વિના બ્રાહ્મણ ઢેઢડી સાથે અને

ઢેઢડી બ્રાહ્મણ સાથે લગ્ન કરી, તેની સંતતી વારસાના હક્ક સુદ્ધાં મેળવી ભોગવી શકે એવા કાયદા વડી ધારાસભામાં ઘડવાની હિમાયત કરે છે. મી. બાસુ, પટેલ, ગૌર વગેરેએ એજ પ્રમાણે હિંદુ પ્રજાને વર્ણસંકર બનાવવા ધારી હતી; પરંતુ તે સામે લોકોના સખ્ત પોકારથી તેઓ નિષ્ફળ નિવડયા છે. મી. પટેલના વર્ણસંકર બીલ વખતે અમે સભાઓ ભરી બીલનો નિષેધ કરવા કરાવવા ઉપરાંત નીચે પ્રમાણે પાંચ હજાર હેન્ડબીલો છપાવી મુંબઇ ગુજરાત કાઠિયાવાડ કચ્છ વગેરે સ્થળે ગુજરાતી ભાષા લખનારી બોલનારી હિંદુ પ્રજામાં વહેંચાવ્યા હતાઃ—

## હિન્દુ ધર્મપર ભારે આફત.

## હિંદુઓએ સત્વર સાવધાન થવાની જરૂર.

હિંદની પરતંત્રતાથી તથા પરદેશી પ્રજાના સંસર્ગથી હિંદુઓ આજકાલ ધર્મ કર્મહીન, નાસ્તિક, બીરૂ, દરિદ્ર, મોજીશોખી અને પોતાના તથા પારકા વચ્ચેનો વિવેક વિસરવા લાગ્યા છે.

એથી હિંદુ જાતિ અને ધર્મપર ખ્રિસ્તી મુસલમાન પારસી અરે ! ખૂદ હિંદુઓ તરફથી અનેક આક્ષેપો મૂકાય છે અને હિંદુ જાતિ તથા ધર્મને નાબુદ કરવા પ્રયાસ ચાલી રહેલ છે.

જેમકે; રા. મોહનદાસ ગાંધી, રા. પટેલ અને પારસી ક્રિશ્ચિયન છાપાઓ હિંદુ ધર્મ વિરૂદ્ધની—હિંદુઓના દિલ દુઃખવનારી—જેમાં હિંદુઓએ પોતાનું સર્વ શ્રેય માન્યું છે એવી વર્ણાશ્રમ—નાતજાત કાઢી નાંખવાની તથા અંત્યજોનો સ્પર્શ

કરવાની અવિચારી ચળવળ જોસભેર ચલાવી રહ્યા છે તે એટલે સૂધી કે દેશમાં વસતા ભિન્ન ભિન્ન જાતિ અને ધર્મના લોકોની કેવળ રાજદ્વારી વિષય ચર્ચનારી કોંગ્રેસ સુદ્ધાંમાં.

એ નાશકારક હિલચાલ ચલાવી તે હિંદુ ધર્મના દ્રોહીઓ, શાંત રહેતા નથી પણ સાથે સાથે પરબ્રહ્મની દશાએ પહોંચેલા હિંદુઓના ધર્મશાસ્ત્ર પ્રણેતા ઋષિમુનિઓને શયતાન અને પાખંડી કહેવાની પણ ગાંધીજી જેવા ધૃષ્ટતા બતાવી રહ્યા છે, અને હિંદુ ધર્મશાસ્ત્રો તેમના મતે શયતાનીયત ભરેલા હોઇ નવા રચવાની હિમાયત કરે છે.

આવી અવિચારી પ્રવૃત્તિથી હિંદુધર્મનાં મોક્ષદાયી રહસ્યથી અજ્ઞાત એવા ભોળા હૃદયના અનેક હિંદુઓ તેઓ સાથે સામેલ થઈ ભ્રષ્ટ બને એ સ્વાભાવિક છે.

આવે વખતે હિંદુ સનાતન ધર્મના નાના મોટા તમામ માણસેઃ બ્રાહ્મણ, વાણીયા, રજપુત, ભાટીયા, લુવાણા, કણબી, સોની, પૈસાદાર ગરીબ, ભણેલ અભણ, રાજા પ્રજા સર્વેએ શિવાજી મહારાજની માફક સ્વધર્મ અને સ્વદેશની દાઝ દિલે ધરી ક્ષણ પણ વિલંબ કર્યા વિના જાગૃત થઇ પ્રયત્નવાન્ બનવું જોઇએ.

કાર્યની રીતિઃ પ્રથમ પોતે હિંદુ ધર્મનું રહસ્ય ગુરૂ અને શાસ્ત્રોના ગ્રંથોદ્વારા જાણી લેઇ જે કોઇ સહવાસમાં આવે તેને પ્રસંગાનુસાર હિંદુ ધર્મ, સ્વરાજ્ય સાથે સમજાવવો. ગામેગામ "હિંદુ સભા" સ્થાપન કરાવી હુન્નર ઉદ્યોગ સાથે ધર્મશાસ્ત્રોનું ખાસ જ્ઞાન આપનાર શાળા પાઠશાળા શરૂ કરાવવી.

તેમાં પણ અતિ જરૂરી તો એ છે કે, મુંબઈ, અમદાવાદ, રાજકોટ, દિલ્હી, કરાંચી, કલકત્તા, મથુરા, કાશી, મદ્રાસ જેવા સ્થળમાં દૈનિક પત્ર, અઠવાડિક પત્ર અને માસિક પત્રો કઢાવવા, વિદ્વાન ઉપદેશકો મોકલી ઉપદેશ અપાવવો અને સ્થળે સ્થળે સંમેલનો ભરી ઋષિકુળ સ્થાપવા.

અત્યંત ખેદની વાત છે કે, હિંદુઓના દેશમાં અનેક ધર્મનિષ્ટ શ્રીમંત અને સત્તાધારી હિંદુઓ હોવા છતાં હિંદુઓની કોઇ શાળા, પાઠશાળા, વિદ્યાલય, મહાવિદ્યાલય, દૈનિક પત્ર કે અઠવાડિક પત્ર નથી તેમ કોઇને કાઢવાનું પણ સૂજતું નથી; નહિતર હિંદુઓને હાથે બીજા અનેક નિરર્થક કાર્યોમાં અને તે પણ હિંદુ ધર્મનું નિકંદન કાઢનારાઓનેજ બહુ મોટી રકમો ધર્માદા–ઉત્તેજન તરીકે અપાય છે. તેમ કોઇ પ્રયાસ પણ કરતું નથી સિવાય કે જગદ્‌ગુરૂ શ્રીમદ્‌ શંકરાચાર્ય શ્રી રાજરાજેશ્વરાશ્રમ મહારાજ અને મુંબઈનુ અઠવાડિક પત્ર "ગુજરાતી" જેઓ બન્ને હિંદુ સનાતન ધર્મની એકનિષ્ઠ સેવા બદલ ખરેખર ધન્યવાદને પાત્ર છે.

માટે બની શકે તો એક બે શ્રીમંત હિંદુઓએ અને તેમ ન બને તો વધારેએ મળી હિંદુ ધર્મના રક્ષણની ખાતર હિંદુ સનાતન ધર્મ અને તે સાથે દેશનો અતિ અગત્યનો પ્રશ્ન સ્વરાજ્ય ચર્ચનારૂં "હિંદુ" નામનું દૈનિક પત્ર મુંબઈમાં તુરત કઢાવવું, મોટું ફંડ એકઠું કરી સનાતન ધર્મના ઉપદેશકો દેશમાં સર્વત્ર મોકલવા અને પ્રસંગોપાત હસ્તપત્રીકાઓ છપાવી વંટાવવી. જો આવા પ્રયાસો શરૂ કરવામાં નહિ આવે કિંવા ધર્મના રક્ષણ તરફ

હિંદુઓ હજુપણ પ્રમાદ દાખવશે તો પાખંડીઓના દુષ્ટ પ્રયત્નથી હિંદુ જાતિ તથા ધર્મને ભારે ક્ષતિ પહોંચશે; તેથી કોઇ પણ જાતને સંકોચ ભય લાલચ કે લોભ રાખ્યા વિના પ્રાતઃસ્મરણીય શ્રીમદ્ વલ્લભાચાર્યજી, આદિ જગદ્ગુરૂ શ્રીમદ્ શંકરાચાર્યજી અને મહારાણા પ્રતાપનો આદર્શ દ્રષ્ટિ સન્મુખ રાખી આ ક્ષણથીજ કાર્ય કરવા મંડી જવું એવી પોતાને હિંદુ કહેવડાવનાર પ્રત્યેક હિંદુભાઇ પ્રત્યે મારી આગ્રહયુક્ત વિનંતિ છે.

**નારણજી પુરૂષોત્તમ સાંગાણી.**
ઠે. ચાઇના બીલ્ડીંગ—ભીંડીબજાર, મુંબઈ.
સંવત ૧૯૭૭ પોષ સુદિ ૧૧ ગુરૂવાર,

હેન્ડબીલો તથા લેખો પ્રસિદ્ધ કર્યા પછી સભાઓ ભરવા નક્કી કર્યું. પ્રમુખસ્થાન લેવા માટે બે ત્રણ વિદ્વાન્ ગણાતા આચાર્યો પાસે જઇ વસ્તુસ્થિતિ જણાવી તેઓને સભાપતિ થવા વિનતિ કરી. એક આચાર્ય મહારાજે કહ્યું: ઉતાવળ કરો નહિ, બીજા આચાર્યો બહાર ગયા છે તે આવશે એટલે તેમની સલાહ લઇ વિચારશું. અમોએ કહ્યું મહારાજશ્રી ! અત્યારે શાન્તિ કે સબુરીનો સમય નથી. પટેલ ગૌર જેવા નાસ્તિકને તો આવું વર્ણસંકર બીલ લાવવાનો કોઇ અધિકાર નથી પરંતુ સરકારને પણ તેવા બીલને કાઉન્સિલમાં દાખલ થવા દેવાનોય અધિકાર નથી. સન ૧૮૫૭ ના બળવા વખતે રાણી વિક્ટોરીઆએ સ્પષ્ટ કબુલાત આપી છે કે, અમો તમારા ધર્મમાં હસ્તક્ષેપ કરશું નહિ. આવી ચોખ્ખી શરત છતાં શામાટે વાઇસરોય એવા હિંદુ ધર્મ

વિરૂદ્ધ બીલોને દાખલ કરવાની મંજુરી આપે છે? યદિ સરકાર લોક લાગણીનો અનાદર કરી પરવાનગી આપે તો આપણે સાફ સાફ જણાવી દેવું જોઇએ કે એથી પરિણામ ઘણુંજ અસંતોષકારક આવશે માટે બીલને તત્કાળ રદ કરી ભવિષ્યમાં તેવું ન થવા પામે તેની સાવધાની રાખજો.

આટલી આકરી સૂચનાથી આચાર્યશ્રી ગભરાઈ બોલી ઉઠયા કે વખતે તેમ કહેવા જતાં સરકાર નારાજ થઈ એકનું બીજું કરે તો? અમોએ જણાવ્યું કે જો તે એકનું બીજું કરશે તો તેમાં આપને ફાંસીએ નહિ ચડાવી દે. જોકે ધર્મની ખાતર ફાંસીએ ચડવાનો મોકો આવે તો આચાર્યોએ ચડવું પણ જોઇએ; પરંતુ આ બાબતમાં તો આપે બેફિકર રહેવું. ધર્મના રક્ષણાર્થે ફાંસી નહિ કિંતુ શૂળીએ પણ ચડવા અમો તત્પર છીએ; માટે આપ નિર્ભય થઈ પ્રમુખસ્થાન સ્વીકારો, અમારે તમારો કોઇ પ્રકારનો ભોગ જોઇતો નથી. અમારે ફક્ત આગેવાની અને પીઠ ઠોકનાર તરીકે ટેકો જોઇએ છે. આ પ્રમાણે વાતચિત થયા બાદ આચાર્યશ્રી પોતાની અશક્તિ બતાવી શાંત રહ્યા ત્યારે બીજા આચાર્ય જે સારા વિદ્વાન્ વક્તા અને જાહેરમાં ભાગ લેવા હોંસીલા છે તેને મળી વિનતિ કરી તેમણે નમ્રતાથી જવાબ આપ્યો કે તમારૂં કહેવું બધું સાચું છે, અમારે આગેવાની ભર્યો *ભાગ લઈ ધર્મ રક્ષાનું આંદોલન કરવું જોઇએ પણ પ્રવાહની સામે પડવા અમો ખુશી નથી. ત્યારે અમે આચાર્યશ્રીને કહ્યું કે આપના પૂર્વજ પુરૂષે અતિ વિકટ સંજોગમાં કે જે વખતે બિલકુલ પ્રવાસના સાધનો ન હતા, યવની રાજય હતું, લોકો ધર્મ-

વિમુખ હતા, તે વખતે જીવના પણ જોખમ વહોરી ધર્મ રક્ષણનો તેઓશ્રીએ ઉપદેશ આપ્યો હતો; તો શું આપ તે મહાન્ આચાર્યના કુળમાં ઉત્પન્ન થઇ, તેના પ્રતાપે સુખ સંપતિ કીર્તિ માન ભોગવો છો છતાં તેઓશ્રીએ કરેલું અને કીધેલું કાર્ય કરતા નથી તેથી શું આપ તેમને લાંછન લગાડતા નથી ? મહારાજ સમજુ હોઈ કબુલ કર્યું કે અમારામાં અલ્પ શક્તિ છે એટલે ખરેખર કાંઇ કરી શકતા નથી.

ત્રીજા એક આચાર્ય બહુ સમજુ છે, સંયમી છે, ધર્મને અર્થે મરવા પણ તૈયાર થવું હોય તો થાય તેવા છે, પરંતુ તેને બે વાતની ઉણપ છેઃ-એક પ્રવૃત્તિ કરવા જેટલું દ્રવ્યનું સાધન તેની પાસે નથી ને બીજું તેઓ શાસ્ત્ર જ્ઞાન ઓછું ધરાવે છે; તેમ છતાં તે ભલા લાગણીવાળા પુરૂષ બનતું કર્યા કરે છે.

ધર્મની શિથિલતા દૂર થાય, સમય પરત્વે ધર્મસેવા કરવા સજ્જ રહે, તેવા ઉપયોગી કાર્યમાં આવશ્યક સહાય મળતી રહે; માટે શાસ્ત્રી પંડિતોનો પણ સારી પેઠે પરિચય કરી જોયો; પણ તે બાપડાઓને દુનિયાની ગમ નથી. પોપટની માફક લખ્યું ગોખ્યું બોલે એટલુંજ. તેઓ ભાગ્યદેવીના વફાદાર ગુલામ એવા બનેલાછે કે એક તરણાના બે પણ ન કરે. પંડિતજી ! પ્રમાદથી ભારે અનર્થ થશે, તમારે કાંઇક કરવું જોઇએ; ત્યારે તેઓ કહે છે કે અમે શું કરી શકીએ ! ભલેને નાસ્તિકો ગમે તેમ કરે, તેઓ ફાવે તેટલું મથે તોય સનાતન ધર્મને બિલકુલ ઈજા કરી શકે તેમ નથી એ નક્કી માનવું. ઇશ્વર એની ખબર લેવાવાળો સમર્થ છે; આવા આવા પુરૂષાર્થહીન અકર્તવ્યતાના ઉદ્દગારો

કાઢી શાસ્ત્રી પંડિતો પોતાની અશક્તિ જણાવવા લાગ્યા છે. કોઇ કોઇ મૂઢ તો વગર સમજણે આગળ આવવાની લાલસાએ પ્રથમ નાસ્તિક આગેવાનો વિશે વિરૂદ્ધમાં બોલે કિંવા લખે છે પણ પછી ભાવતું ભાવતું લખી તેની સાથે દોસ્તી બતાવી તેના વખાણ કરવા મંડી જાય છે. રાજકીય આંદોલન કરનાર નેતા, ઢેઢ સ્પર્શ કરાવી સનાતન ધર્મનો ખુલ્લે ખુલ્લો દ્રોહ કરે છે છતાં તેને માટે કોઇ કોઇ મૂર્ખ તો એવું લખે છે કે તે તો જગતમાં વૈષ્ણવતા ફેલાવે છે; આના કરતાં બીજી શી વધારે ધૃષ્ટતા કે મૂર્ખતા હોઈ શકે !

---

## શ્રીયુત ગાંધીજી સાથે પ્રથમ પરિચય.

આફ્રિકાથી પરવારી હિંદનો ઉદ્ધાર કરવા માટે શ્રીયુત ગાંધીજી સને ૧૯૧૪ ની સાલમાં હિંદ આવ્યા. તેમની સાદી રહેણી કરણી, ફળાહારનો ખોરાક, બહુધા દેશી ભાષામાં વાતચિત કરવાની ટેવથી આફ્રિકાની પ્રસિદ્ધિને લઇ તેમના પ્રત્યે માન ઉપજતું. દેશભકતો: લાલ, બાલ, પાલ ત્રણમાંથી કોઈ જેલમાં તો કોઇ અમેરિકામાં હોવાથી લોકો ઇચ્છતા હતા કે કોઇને કોઈ અમને સ્વરાજય અપાવનાર નિવડો. ગાંધીજીને ઘણી જગ્યાએ લોકોએ પૂછ્યું કે આપ હિંદમાં રહી હિંદના ઉદ્ધાર માટે કયો માર્ગ લેવા ઇચ્છો છો ? જવાબમાં ગાંધીજી જણાવતાં કે હું હિંદથી અપરિચિત છું તેથી ત્રણ વર્ષ સૂધી હિંદની હાલતનો અભ્યાસ કરી પછી મારા ( ગાંધીજીના ) ગુરૂ ગોખલેજીની આજ્ઞા પ્રમાણે

વર્તીશ. પ્રસંગોપાત ખેતીવાડી અને વણાટ કામમાં હિંદનો મોક્ષ છે એમ તેઓ કહેતા, એથી ભણેલા અને પ્રગતિશીલ વર્ગની તેમનાપર થી આસ્થા ઉઠી ગઇ હતી. લોકોએ ધાર્યું કે આ મોડરેટ પક્ષનો શિષ્ય, જેલીના કપડાં પહેરી શું ઉકાળશે ? તો પણ સાદી રહેણી કરણી મને અતિ પસંદ હોવાથી તેના પ્રત્યે રંગુનવાસી ડૉ. મ્હેતાના સહવાસે ભાવ ઉત્પન્ન કર્યો હતો એટલે મને માન હતું. તેઓ હિંદમાં આવ્યાના ખબર સાંભળ્યા ત્યારથી તેમની મુલાકાત લેવા મન આતુર રહેતું હતું. હરિદ્વારમાં તેઓ તેમના પત્ની કસ્તુરબાઇ સાથે આવેલા હતા. હું પણ હરિદ્વાર કુંભ મેળામાં સ્વયંસેવક તરીકે ગયો હતો એટલે અહીં તેમની સહજ મુલાકાત થઇ એટલુંજ નહિ પણ અઠવાડિયું સૂધી પરિચય થતોજ રહ્યો. આ પરિચય ગાંધીજી મુંબઇ આવતાં તેમનો ફળ પુષ્પ પુસ્તકોથી યથાશક્તિ સત્કાર કરતા રહી, ભીંડીબજારના કાપડીઆ ભાઇઓની એસોસીએશન દ્વારા રૂપિયાની થેલી અને માનપત્ર અર્પણ કર્યું તેથી વધારે ઘટ્ટ થયો. તેઓ જયારે જયારે મુંબઇ આવે ત્યારે ત્યારે કામકાજ પડતું મૂકી સ્ટેશન જઇ તેમને ઉતારી યથાશક્તિ ઉપયોગી થતો. તેમના આશ્રમ માટે પુસ્તકોનો સારો સંગ્રહ ભેટ આપી તેમના મંગાવવા પ્રમાણે ફળફૂલાદિના કંડીઆ મોકલતા રહેવાથી પરિચય ખૂબ વધી ગયો. કોઇને કોઇ કામકાજ અર્થે એક બે દિવસે તો ગાંધીજીનો પત્ર હોયજ. ટૂંકામાં ગાંધીજી હિંદનું શ્રેય ધાર્મિક દૃષ્ટિએ કરવા પ્રયત્ન કરશે તેમાં હું પણ મારો ફાળો આપી કૃતાર્થ થઇશ એવી માન્યતાથી ગાંધીજી આ વખતે મને પરમમિત્ર થઇ પડયા હતા.

# સર્વન્ટસ ઓફ ઇન્ડિયા સોસાઇટી.

સ્વ. ગોપાળકૃષ્ણ ગોખલેનું અર્થશાસ્ત્ર સંબંધીનું જ્ઞાન ઉત્તમ હતું. તેમણે આયાત નિકાશના તથા બજેટની વિગતના આંકડા એકત્ર કરી બજેટ ઉપર ધારાસભામાં સારો પ્રકાશ પાડયો હતો એટલે તેમનું નામ ભણેલા વર્ગમાં ઠીક જાણીતું થઇ પડયું હતું. સને ૧૯૧૪ સુધી મોડરેટ પક્ષના આગેવાનોનું જોર સરકાર દરબારમાં છટાદાર બુલંદ અવાજે ભાષણ કરવાનું તથા કોંગ્રેસમાં ઠરાવ પસાર કરવાનું વધારે પડતું હતું. સર ફીરોઝશા મહેતા, ગોખલે, બેનરજી, વાડીઆ, વાચ્છા, ચંદાવરકર વગેરે મોડરેટ આગેવાનો દેશનું ભવિષ્ય કાગળ ઉપર ઘડતા હતા. શ્રીયુત ગોખલેની લાગવગ વધવાથી તેણે તેના અનુયાયીઓ: મી. શાસ્ત્રી, પ્રાંજપે, દેવધર, જોશી વગેરેને એકત્ર કરી સર્વન્ટસ ઓફ ઇન્ડિયા સોસાઇટી સ્થાપી. જે ગ્રેજયુએટ થયેલ હોય અને જીંદગી પર્યન્ત સોસાઈટીની ધારણા પ્રમાણે પ્રવૃત્તિ કરવાને સ્વીકારતો હોય તેજ આજીવિકા જેટલા સાધનથી સંતોષ પામી સોસાઇટીનો સભાસદ થઇ શકે એવા નિયમ ઘડવામાં આવ્યો હતો. ગોખલેજીની હયાતીમાં કુલ મળી આશરે ૨૬ સભાસદો થયા હતા. શ્રીયુત ગોખલે જોકે મોડરેટ વિચારના હતા પરંતુ બુદ્ધિશાળી હતા. તેઓ દહી દૂધમાં પગ રાખી સરકાર માબાપ નારાજ ન થાય તેવો પ્રજાનો કેસ રજુ કરી હક્ક માટે દલીલ કરતા. ગોખલેજી સંસાર સુધારાના હિમાયતી હતા પણ તેમણે

તે વિષયમાં ઝાઝું લક્ષ આપ્યું નહોતું. તેમની સોસાઇટી દ્વારા સ્રી સુધાર ને અંત્યજ ઉદ્ધાર થાય એવું કામ મંદ ગતિએ થતું, પરંતુ જેમ 'ગુરૂ જાય ગોકળ ને પાછળ થાય મોકળ' અથવા સાપ જાય ને લીસોટા રહે તેમ તેમના સ્વર્ગસ્થ થયા પછી સોસાઇટીનું થયું છે.

સ્વરાજ્ય—હોમરૂલનો ઝુંડો ઉભો થયો તોય સોસાઇટીને કાંઇ કરવા જેવું કે તેવી હિલચાલને ઉત્તેજન આપવા જેવું જણાયું નહિ. રોલેટ એકટ—સત્યાગ્રહ—જલીયાવાળા બાગનો ભયંકર મામલો ઉભો થયો તોય સોસાઇટીને સ્રી સુધાર અને અંત્યજ ઉદ્ધાર સિવાય આગળ ડગલું ભરવાનું સૂઝયું નહિ. હા, એક કામ સોસાઇટીએ કર્યું અને તે એ કે, ગાંધીજીના પૂર્વ જન્મના યોગે તેમનો ઢેઢપરનો પ્રેમ દબાયલો પડયો હતો, પોરબંદરમાં બાલ્યાવસ્થામાં તેઓ ઢેઢને વળગી પડતા તે હમણા ભૂલાયું હતું, આફ્રિકામાં ઢેઢો સાથે સહભોજન કે ભાઇબંધી થઇ હતી તેના પર હિંદુસ્થાન આવતાં બળવાન હિંદુધર્મે વિસ્મરણ રૂપી પડદો નાંખ્યો હતો; તે સંસ્કારને, ગોખલેજીએ આફ્રિકાની લડતમાં ફંડ ઉઘરાવી મોકલવાના ઉપકારથી—ગુરૂને કુશળ દક્ષિણમાં અમદાવાદ ખાતે ગાંધીજીએ સત્યાગ્રહ નામનું આશ્રમ તમામ હિંદીવાનોની પ્રીતિ મેળવી આદર્શ પદ્ધતિનું સ્થાપવા ધારેલ તેમાં સોસાઇટીના એક સભાસદના આગ્રહથી દુદા નામના ઢેઢને ( ગાંધીજીના આશ્રમમાં ) દાખલ કરી તાજો કર્યો. તેણે ગાંધીજીને બંગાળના કાળા પહાડની માફક અંત્યજોદ્ધાર—ઢેઢ સેવા સ્પર્શ કરવા સિવાય જેલમાં ગયા ત્યાં સૂધી બીજું કાંઇ સૂઝવાજ

દીધું નહિ. એ ધર્મ વિરૂદ્ધ આચરણ–પાપના પ્રતાપથીજ પોતે ડૂબી દેશને પણ ડૂબાડયો.

આમાં સર્વન્ટસ ઓફ ઇન્ડિઆ સોસાઇટીનો દોષ નથી; પણ એતો માત્ર જનમેજય રાજાના કોઢની જેમ નિમિત્તરૂપ છે. તે બાપડી એકનેજ અવળે માર્ગે વહેનારી કેમ કહી શકાય ! જયાં બીજી સેંકડો સંસ્થાઓ અરે ખૂદ રાષ્ટ્રીય મહાસભા–કોંગ્રેસ જેવી સર્વ માન્ય, તમામ પ્રજાની રાજદ્વારી લડત ચલાવનારી સંસ્થા, હિંદુ ધર્મના અતિ માર્મિક પ્રશ્ન–ઢેઢને સ્પર્શ કરવાની હિમાયત કરે અને ખરેખરો સર્વ પ્રજાઓના હિતનો ગોરક્ષણનો સવાલ પડતો મૂકી ખિલાફતની બાંગ પોકારે ત્યાં દોષ કોને દેવો ! વસ્તુતઃ એ બધું કાળનુંજ કારણ છે. મુંબઇમાં સોસાઇટીનો અનુભવ તો સારી પેઠે થયોજ હતો પણ તેના વાર્ષિક સમ્મેલનમાં ગાંધીજી સાથે પુનાના હેડકવાર્ટરમાં જવાથી ખરી વસ્તુસ્થિતિ વિશેષ સમજવામાં આવી. અર્થાત્ દેશસેવાના બહાને લોકોનું ધન હરણ કરી અધર્મ ફેલાવવા સિવાય બીજું કોઈ ઉપયોગી કામ તે કરતી નથી એમ સ્પષ્ટ પ્રતીતિ થઈ.

# સત્યાગ્રહાશ્રમ નિવાસ.

નિત્યના પરિચયથી સને ૧૯૧૬ માં ગાંધીજી પ્રત્યે અત્યંત પ્રેમ-માન વધ્યું. તેમની પણ મારાપર લાગણી ઉત્તમ પ્રકારે અનુભવાતી હતી. ગાંધી ઉપર પ્રેમ કે માન હોવાનું ખાસ કારણ તો એ હતું કે તે જલદી દેશોન્નતિના કાર્યો હાથ ધરી દેશને તારી દેશે એમ લાગતું. સને ૧૯૧૪ માં યુરોપની ભયંકર લડાઇ સળગી ઉઠી હતી. ગોરા ગોરા વચ્ચેની યાદવાસ્થળીનો લાભ લઇ ગાંધીજીની આગેવાની નીચે આપણે હિંદનું દારિદ્રય ફેડશું એવા સંકલ્પથી ઓફિસનો વ્યવહાર અટકાવી અમે બન્ને માણસ-પતિપત્ની સત્યાગ્રહ આશ્રમમાં દેશસેવાર્થે જોડાયા. એક બે દિવસ વીત્યા એટલે ગાંધીજીએ દેશ સેવાનો ક્રમ નીચે પ્રમાણે આંકવા માંડયો; ઘઉં બાજરો સ્ત્રીઓ દળે છે તેમ તમારે પુરૂષોએ પણ દળવો, પાણી કુવાપરથી ખેંચી લાવવું, જમીન પડતર હતી તે ખોદવી, શાળ વણવાનું કામ શીખવું, ટટ્ટી-પાયખાને ગયા પછી પોતાનું મેલું પોતે સાફ કરી નાંખવું, દૂધ ખાવાથી માંસાહાર થાય છે માટે દૂધ ખાઈ ન શકાય, માત્ર લૂખા ઘી વિનાના રોટલા, જુવારનું ધાન, ઘઉંની રોટલી તથા બાફેલી દાળ કે શાક નિમક વિનાનું ખાવું તેજ સાત્વિક ભોજન કહેવાય. બ્રહ્મચર્ય પાળી પોતાની સ્ત્રીને બેન માતા બરોબર ગણવી; ( જેમ પોતે ચાર છ છોકરા પેદા કરી સ્ત્રી પુરૂષ એક બીજાને બાપુ બાના સંબોધનથી બોલાવે છે તેમ )

ઢેઢને અડકવું જોઇએ, મુસલમાન સાથે બેસી ડબલ રોટી ખાવામાં હરકત નથી, ધર્મશાસ્ત્રો તો ક્ષેપક, સ્વાર્થી લોકોના બનાવેલા છે વગેરે અધ્યાય, એક પછી એક ગાંધી પુરાણમાંથી સાત દિવસ સૂધી જેમ પરીક્ષિત રાજાને શુકદેવજીએ શ્રીમદ્ ભાગવત સંભળાવી મોક્ષ કરી દીધો હતો તેમ મને સંભળાવી મારો પણ મોક્ષ કરી દીધો; અર્થાત્ આ માણુસ ભયંકર અજ્ઞાનતા ધરાવે છે; નહિતર આવી મિથ્યા, જગતના વ્યવહારથી તદ્દન ઉલટી, મનુષ્ય પ્રાણીનું અનિષ્ટ કરનારી વાત ન કરે ! આવું વિચિત્ર પ્રત્યક્ષ જોઇ અનુભવી આઠમે દિવસે આશ્રમ છોડી અમે મુંબઈ પાછા ફર્યા. ગાંધીજીની આવી અકલ્યાણકારી પ્રવૃત્તિ માટે દલીલપુર્વક તેમનું ધ્યાન ઘનીવાર ખેંચ્યું પરંતુ તેમનો હઠાગ્રહ ઓછો ન થતાં ઉલટો વૃદ્ધિંગત થતો જણાયો તેથી વ્યથીત હ્રુદયે તેમની સાથે રહેવું નિરર્થક લાગ્યું.

જેમ મને આશ્રમની રહેણી કરણીનો કડવો અનુભવ થતાં છોડી ચાલ્યા જવું પડયું તેમ બીજા પણ જેઓ કેટલાક દેશસેવાની જીજ્ઞાસાથી આવેલા હતા તેઓમાંથીય ઘણાખરા ચાલ્યા ગયા. ઉપર પ્રમાણેના ક્રમની–દેશસેવાના સાધનો અજમાવવાની ખબર આશ્રમમાં દાખલ થવા ઇચ્છતા એવા બીજા આતુર હ્રુદયોને પડી એટલે ઘણા દાખલ થતાંજ અટકી ગયા. આ વખતે આશ્રમમાં મોટી ઉમરની એકાદ વ્યક્તિ હતી બાકી આફ્રિકાથી તેમની સાથે આવેલ નાના નાના છોકરા તેના કુટુંબ શીખેના મળી ૧૩ હતા. બહારના માણુસ તો ગાંધીજીની દેશ સેવાની વિચિત્ર પદ્ધતિથી ત્રાસે એ સહજ છે,

પરંતુ તે વખતે તો ખોરાક અને ઢેઢ સ્પર્શ કરવાની વાતથી તેની પોતાની સ્ત્રી કસ્તુરબાઈ તથા તેમના ભાભી સુદ્ધાં ત્રાસી ઉઠેલ હતા. તેમના ભાભી તો એટલું કડક તેમને રૂબરૂમાં કહી સમજાવતા હતા કે, મોહનદાસ ! તમે અમારા કુળમાં અંગારા પાકયા છો. તમે ઢેઢને અડી ધર્મને બોળવા ઉભા થયા છો એથી તમારે અને અમારે કોઇક દહાડો ડૂબવાનો સમય આવશે. છોકરાઓમાંથી એક કલકત્તામાં રહ્યો, બીજો આફ્રિકા ચાલ્યો ગયો અને ત્રીજો થોડા દિવસ મુંબઇ આવી તેના મામાને ત્યાં રહ્યો હતો; પરંતુ પાછળથી તેનો સીતારો ચડીઆતો થવાથી તેણે જે જે કાર્ય હાથ ધરી ચમત્કારિક લાલચો બતાવી એથી ભોળા અજ્ઞાન લાલચુ લોક તેની પાછળ મુગ્ધ બન્યા, પૈસાની મદદ આપી તેની હામાં હા મેળવવા લાગ્યા. ઉગતા સૂર્યને સૌ કોઇ નમે એ નિયમ પ્રમાણે વિરોધીઓ પણ તેનું ઐશ્વર્ય જોઇ નરમ પડી ગયા. લોકોના પૈસાથી સાબરમતીના કિનારે ગાંધીજીએ બંધાવેલા સુંદર બંગલા, મકાનરૂપી ઐશ્વર્યનો લાભ લેવા આશ્રમમાં તેનું કુટુંબ પણ દાખલ થઇ ગયું અને મોહાંધ તથા આજીવિકા રહિત માણસોની ભકત મંડળી પણ ખાદી, ઢેઢ, અહિંસા, રેંટીઓ, શાન્તિનો પાઠ ભણવા ભણાવવા દાખલ થઈ ગઇ.



# હોમરૂલ લીગ.

દિલ્હી શહેરમાં પાંચ પંદર દિવસ રહેવાને અમાને ઘણી વખત પ્રસંગ મળ્યો છે. ત્યાંના ઉસ્તાદ ઠગો જે કોઈ મુસાફર દિલ્હી ઉતરે તેની બાજુમાં ચઢે. મુસાફરને દિલ્હી જે કારણથી આવવું થયું હોય તે કારણના પોતે જ્ઞાતા-ભોમિયા છે એમ જણાવી મુસાફરની ઈચ્છા તૃપ્ત કરવાની સોએ સો ટકા આશા બતાવે એટલે અજાણ્યો મુસાફર બાપડો લાલચમાં સપડાઇ ઠગોનો શિકાર બને છે; તેવીજ રીતે આજકાલ રાજદ્વારી ક્ષેત્રમાં હમણા ઉસ્તાદી ચાલી રહી છે. લાલા લજપતરાયે એક વખત મારવાડી વિદ્યાલયમાં વ્યાખ્યાન આપતાં સ્પષ્ટ કહ્યું હતું કે, "ભારત માતાકી ઉન્નતિ કે લીયે હમલોક કોશિષ કર રહે હૈ,-સ્વરાજય પ્રાપ્તિકે લીયે હમલોક અસહ્યયોગ ચલા રહા હૈ પરંતુ એસા ભારતકા ઉદ્ધાર હોનેકા નહિ હૈ. જહાંતક ભારત અપના સંસાર સુધારા ન કર લેવે તહાંતક ઉન્નતિકી આશા રખના ફઝુલ હૈ. હમલોકને સંસાર સુધારાકે સંબંધમે કોઈ તેવીશ વર્ષ તક કામ કિયા લેકીન ઉસ વિષયમેં લોકકી અભિરૂચિ ન હોનેસે નિરાશ હોકર ઇસ આંદોલન કર રહે હૈ." સંસાર સુધારો અથવા હિંદુ ધર્મને દરિયામાં ડૂબાડી દઇ, નાત જાત કાઢી નાંખી, ખ્રિસ્તી મુસલમાન ઢેઢ ભંગી સાથે રોટી બેટીનો વ્યવહાર શરૂ કરી દઇ સર્વત્ર એકાકાર-વર્ણસંકરતા ફેલાવવાના કુટિલ સંકલ્પથી આજ-કાલ દેશભક્ત નેતામાં ખપતા ઘણા ખરા નામધારી પુરૂષો કામ

કરી રહ્યા છે. શુદ્ધ નિષ્ઠા અને સાચી સ્વદેશ દાઝથી તે લો. તિલક જેવા વિરલ પુરૂષજ કામ કરનાર પાકે છે.

લોકમાન્ય તિલકે ૭ વર્ષની લાંબી જેલજાત્રા બરમા–માંડલેમાં ભોગવી સને ૧૯૧૪ માં જર્જરીત હાલતમાં છૂટા થયા છતાં તેણે એક જુવાન જેવા વેગથી યુરોપની માંહોમાંહની કાપાકાપીનો લાભ લઇ હોમરૂલ લીગ બેલગામમાં સ્થાપી જોરશોરથી કામ કરવા માંડયું. મીસીઝ એની બીસેન્ટે તેમની જીંદગીમાં અનેક સ્વાંગ ધર્યા છે. તેણી એક બાહોશ વકતા તથા લેખિકા છે. લોકસમૂહને પોતા તરફ આકર્ષી મનવાંછિત કામ, માન, સેવા પૂજા કે બીજું કાંઇ મંતવ્ય સિદ્ધ કરવા તેણીએ ઘણો ઘણો પુરૂષાર્થ વીશ વર્ષ પર્યંત ભારતમાં કર્યો પણ એકેયમાં ધાર્યું થયું નહિ. પ્રથમ થીઓસોફીકલ સોસાઇટીનું કાર્ય આરંભ્યું, બાદ સંસાર સુધારાનું, પછી શિક્ષણ વિષયક કામ હાથમાં લીધું છતાં ન ફાવ્યા એટલે આજકાલ થઈ પડેલો લોકોનો પ્રિય વિષય સ્વરાજ્ય, જે સ્વરાજ્ય પાછળ લોકો ગાંડા બની સર્વસ્વ જતું કરવા તત્પર છે એવું વિચારી એ ઉદ્યોગી ડોશીમાએ ક્ષણ પણ વિરામ લીધા વિના એકદમ સ્વરાજ્યની ચળવળ ઉપાડી લીધી. તેણીએ હિંદુસ્થાનમાં કરાંચીથી મદ્રાસ અને કલકત્તાથી મુંબઇ સુધીના ભાગમાં વિજળી વેગે ફરવાનું શરૂ કરી અત્યંત ઉગ્ર વ્યાખ્યાન આપવા માંડયા. કેવળ વ્યાખ્યાન આપવાથી ધારેલી અસર થવી અશકય સમજી હોમરૂલ લીગો પણ ઠામ ઠામ સ્થાપવાનો આરંભ કરી દીધો.

પ્રથમ મુંબઇમાં ધરમશી મોરારજીના ચાઇના બાગમાં જૂદા જૂદા અભિપ્રાય ધરાવનારી આગેવાન વ્યક્તિઓને આમંત્રણ કરી પોતાની લીગ સ્થાપવાની યોજના તેણીએ રજુ કરી. મી. ચંદાવરકર અને ગાંધીજી મોડરેટ દૃષ્ટિએ–સરકાર માબાપના ખેરખાં તરીકે વિરૂદ્ધ પડયા પરંતુ તે ઉગ્રવેગી બાઇ ગાંધી જેવા સાધુ પુરૂષને (આ વખતે ગાંધીજીની સાદી રહેણી કરણી અને રાજદ્વારી કોઈ વિચાર બહાર પડેલ ન હોવાથી લોકો–ખાસ કરી આગેવાનો તેને સાધુ પંક્તિમાં લેખી કાઢતા) કયાં ગાંઠે તેમ હતા! તેણીએ મદ્રાસ ખાતે હેડ ઓફિસ રાખી મુંબઈમાં અને ઈતર શહેરોમાં શાખા ખોલી દીધી. મુંબઈની શાખામાં મી. જમનાદાસ, બેંકર, સોબાની વગેરે પ્રથમ દાખલ થયા બાદ હું પણ દાખલ થયો; પરંતુ આ વખતે સ્વરાજયની ચળવળ ઝાઝી વ્યાપક ન હોવાથી લોકો ડરતા હતા કે વખતે સરકાર કોપશે તો કાંઈનું કાંઈ કરી દેશે; તેથી લીગના મેમ્બર તરીક પણ નામ નોંધાવતા નહોતા. હેતુ મિત્રોમાં, ઓફિસોમાં તથા લોજોમાં ફરી દોઢસો બસો મેમ્બરો મેળવ્યા પણ મોટામાંથી કોઇ મેમ્બર તરીકે બહાર આવ્યું નહિ. એવામાં મીસીઝ બીસેન્ટ અને તેણીના બે જમણા ડાબા શિષ્ય: મેસર્સ અરૂન્ડેલ અને વાડીઆ પકડાયા પછી તો પુછવુંજ શું? ગમાર લોકો જેમ ગાંધીને મહાત્મા, બુદ્ધ, જેસસ, મહમદ કે રામકૃષ્ણનો અવતાર ગણી ગણાવી કાગળમાં ગોવર્ધન પર્વત તેના માથાપર મૂકી, હાથમાં મોરલી આપી વાંકે ટાંગે ઉભા રાખે છે તેમ ડોશીમાને પણ કેટલાક ભોળા લોકોએ દેવી, ભગવતી, જગદંબા વગેરે શબ્દોથી

સંબોધ્યા. મીસીઝ બીસેન્ટને છોડવવા માટે સત્યાગ્રહ શરૂ કરવાની તૈયારી થઇ જેમાં અમે પણ સામેલ હતા, ત્યાં એકાએક મીસીઝ બીસેન્ટ શરતથી બંધાઇ જેલમાંથી છૂટા થઈ આવ્યા. આ પકડા પકડી વખતે મી. ઝીણા જયકર જેવા આગેવાન વકીલ બેરિસ્ટરો તટસ્થ હતા તેઓ પણ લીગમાં જોડાઈ ગયા, લાખો રૂપિયા ફંડ-માં ભરાયા, હજારો મેમ્બર થયા અને બીસેન્ટ બાઇની કલકત્તાની કોંગ્રેસના અધ્યક્ષ તરીકે પસંદગી પણ થઇ ગઇ.

મીસીઝ બીસેન્ટ જેલમાંથી છૂટયા પછી મદ્રાસ કોલેજના વિદ્યાર્થીઓ સમક્ષ બોલ્યા કે તમારે ઉચ્છૃંખલ થઈ શિક્ષકોની આજ્ઞા લોપવી નહિ. તમારૂં હિત સ્વરાજ્ય કે બીજી બાબતોમાં લક્ષ ન આપતાં શિક્ષકોનું માન રાખી એકાગ્ર ચિત્ત અભ્યાસ કરવામાંજ છે. મીસીઝ બીસેન્ટની આ સલાહ ઉપયુક્ત છે; પરંતુ તેજ બાઇએ અલ્હાબાદની મેયો કોલેજના વિદ્યાર્થીઓ સમક્ષ વ્યાખ્યાન આપતાં તેથી વિરૂદ્ધ ઉપદેશ આપ્યો હતો. અલ્હાબાદ-ના વિદ્યાર્થીઓને તેણીએ કહ્યું હતું કે, અભ્યાસ સ્વદેશનો લાભ સાચવીને કરવો જોઇએ. જે સ્કૂલ કોલેજમાં તમોને તમારા દેશ-ભકતના દર્શન કે વ્યાખ્યાનનો લાભ ન મળતાં શિક્ષકો જેવું અને જેટલું શિક્ષણ આપે તેવું અને તેટલું સ્વીકારી લેવું ફરજીઆત હોય તો તે મહા અનર્થકારી છે. તેવી ગુલામગીરીની જંજીરમાંથી તમારે મુકત થઈ જવું જોઇએ. રાષ્ટ્રભાવના ખીલવવાની આડા શિક્ષકો આવે તો તેને પણ તમારે ગણકારવા ન જોઇએ વગેરે. આવું પરસ્પર વિરોધતાવાળું વલણ થોડાજ સમયમાં જોવામાં આવતાં તુરતજ મેં મારા મિત્રોને ચેતાવ્યા હતા કે ભાઇઓ ! આ બાઈ

ભલે હિંદ હિતૈષી કહેવરાવે છે પણ તેમાં કાંઈ ભેદ છે. શું ભેદ હતો તે વિલાયતમાં પાર્લામેન્ટ સમક્ષ લોકમાન્ય તિલક, પાલ બાબુ, દાદા સાહેબ ખાપર્ડે વગેરે ગયા હતા ત્યારે બીસેન્ટે હિંદની વિરૂદ્ધમાં આંદોલન ઉપાડી નવા સુધારાને ટેકો આપ્યો હતો તેથી; તેમજ અમૃતસરમાં લોકોના સત્યાગ્રહ વખતે ડાયરે કતલ ચલાવી તેનો બચાવ કર્યો હતો એ પરથી સમજુ લોકોએ જાણી લીધો. શ્રીયુત ખાપર્ડે વિલાયતથી પાછા ફરતા તેના સન્માનાર્થે શાંતારામની ચાલમાં જાહેર સભા થઇ ત્યારે દાદાસાહેબ ખાપર્ડેએ મીસીઝ બીસેન્ટની વિલાયતની કામગીરીનું વર્ણન કરી તેણીને પુતનાની ઉપમા આપી એટલે તેણીની પાછળ ગાંડા બનેલા લોકો વિચારમાં પડ્યા કે આ ડોશી તે દેશભકત કે જાસુસ !

આપણા લોક ગાડરીઆ જેવા જે કોઇ શોરબકોર કરે તેની પછવાડે આંખો મીચી ચાલનારા, દેશલાભ નહિ જોનારા પણ વ્યકિત પૂજા કરનારા છે. એક કામમાં ઠોકર ખાય, પાછા પડે તોય વોરામાંયલું નાડું ન છોડતાં લીધેલી વાત પકડી રાખી દેશની દુર્દશા થવા દે એવા છે. તેઓ અજ્ઞાનતાને વશ થઈ, નથી કોઇ કામ કરતાં કે નથી બીજા કોઇને કરવા દેતા. બીસેન્ટ બાઇને બરાબર ઓળખ્યા ત્યારથી હોમરૂલ લીગના એક મેમ્બર તરીકે કારોબારી મંડળને પત્રો લખી ધ્યાન ખેંચ્યું હતું પણ કોનામાં સત્વ છે કે બગડયું સુધારે અથવા નવેસરથી કરે !



# સત્યાગ્રહ.

"યા હોમ કરીને પડો ફત્તેહ છે આગે" એ કવિવર નર્મદના વાક્યનું સ્મરણ કરી ગાંધીજીની સરદારી હેઠળ બ્યુરોક્રસી–આપખુદી સત્તાને અળસાવવા સત્યાગ્રહની વીર હાકમાં વિશ્વાસ રાખી અમો પ્રાયઃ ૭૦૦ સત્યાગ્રહીઓ દેશના અર્થે બળિદાન આપવા તૈયાર થયા. આ વખતે ગાંધીજી સાથે ધાર્મિક બાબતમાં મતભેદ હતો પરંતુ જે બાબત તેનાથી નિરાળી છે અને જેમાં સહમત હોઇએ તેમાં ભળવામાં કોઈ પ્રકારે પાછું પડવું ન જોઇએ, એમ વિચારી બાળબચ્ચાંને કાઠિયાવાડ–વતન મોકલી વ્યવહાર સમેટી, મિત્રોને આવશ્યક ભલામણ કરી સરકારી કાયદાકાનુન તોડવાને કૂચ કરી. આ વખતના ઉત્સાહનું શું પૂછવું ! લોકોને આગેવાનોએ તીવ્ર હૃદયભેદક ભાષણો આપી એટલા તો આવેશમાં આણી મૂકયા હતા કે આ ક્ષુબ્ધ જનસમૂહ જો તેનું મન સંતોષ પમાડવામાં નહિ આવે તો કાંઈનું કાંઈ કરી દેશે; તેવી દહેસત લાગતી હતી. આ વખતે કોઇને સ્વપ્ને પણ ખ્યાલ નહોતો અને હોઇ પણ ન શકે કે સેના નાયકની હાક સિંહની નહિ કિંતુ શિયાળ બકરાની હશે ! સેના નાયક વીર પૃથુરાજ કે સમરસિંહ નહોતો કે કાંતો વિજય કરી જંપશે નહિતર યુદ્ધભૂમિમાં દેહ ખપાવી દેશે. જો લોકોને એવી કલ્પના થઈ હતે તો પ્રથમથી સામેલ જ કોઇ ન થાત.

લોકો તો એમ સમજયા હતા કે સરકાર માબાપને પાંત્રીશ પાંત્રીશ વર્ષ થયા વિનતિ કરી કે અમારા દુઃખ ઓછા કરો ને અમારા હક્ક આપો પણ સ્વાર્થી બહેરા કાનોને તેની કિંચિત્ માત્ર અસર થઇ નહિ એટલું જ નહિ પરંતુ ઉલટો તેણે લોકોના દુઃખમાં વધારો કરી દાઝયા ઉપર ડામ દીધો. સ્વરક્ષણ માટે હથિયાર પ્રજાથી રાખી ન શકાય, રેલ્વેનો બોજો, પક્ષપાત અને અન્યાય સહેવો પડે, શિક્ષણ મન માન્યું ન મળે, હરીફાઇ અને કરથી વેપાર વાણિજયનું નષ્ટ થઈ જવું, ગાયો અને ઢોરોની બેસુમાર કતલ, મન માન્યા કાયદા અને કર લાદવા, દારૂ, માંસ, જુગાર, સટ્ટો, વ્યભિચાર કરનારને છૂટ, ન્યાય ન મળે, ઉંચા હોદ્દા દેશીઓને ન મળે, પરદેશમાં હિંદીઓનું અપમાન, તિરસ્કાર થાય, ગુલામી કરાવે, સાચું લખવા બોલવાની છૂટ ન મળે; અને એ બધું છતાં ઓછામાં પૂરૂં રોલેટ એકટ–કાળો કાયદો ઘડી કર્યું એટલે હવે કાં તો આ બધા જુલ્મો દૂર કરી લોકોના પ્રતિનિધિઓના હાથમાં સત્તા–સ્વરાજય સરકાર આપી દે નહિતર મરીને પણ લેશું એવા નિશ્ચયપર આવી લોકોએ સત્યાગ્રહ શરૂ કર્યો. આ સત્યાગ્રહમાં અહિંસાના ઓઠા સિવાય બીજી ઢેઢ રેંટીઆની શરત રાખવામાં આવી નહોતી. અહિંસાની વાત તો લોકો માત્ર મોઢેથી કરતા. કાયદો તોડતાં તથા કર ન ભરતાં જો ધાર્યું ન થાય તો છેવટ અહિંસાને છાપરે મૂકી જે માર્ગે હેતુ સિદ્ધ થાય તે ઉપાય લઇશું એવું ઘણાનું માનવું હતું. શરૂથીજ અહિંસાનું બહાનું જો બતાવવામાં ન આવે તો નોકરશાહી ચળવળ આગળ વધવા ન દે એવી ભીતિ રાખવામાં આવતી હતી. બોરીબંદર સામેના મેદાનમાં

સત્યાગ્રહીઓને સોલ્જરોની માફક પરેડ કરાવવામાં આવી. આ વખતે સેનાનાયક ગાંધી અને શૌકતઅલી વગેરે એમ કહેતા કે લડવાના બે માર્ગ છે; એક શસ્ત્રથી અને બીજો શસ્ત્ર ન હોય તો સત્યાગ્રહથી. આપરથી સ્પષ્ટ માની શકાય કે શસ્ત્રના અભાવે અહિંસાત્મક લડાઇ છે પરંતુ વાસ્તવમાં હિંસા અહિંસાનો ભેદ રાજદ્વારી લડતમાં હોય નહિ અને અદ્યાપિ નહોતો.

પરંતુ અફસોસ! રણસંગ્રામમાં લશ્કર ઉતર્યા પછી સેનાનાયક ગાંધી પકડાયા. લોકોએ પોતાના વહાલા સેનાપતિને છોડાવવા સખ્ત રોષ બતાવ્યો. મુંબઈમાં ટ્રામોની ખુવારી થઈ. અમદાવાદમાં ઓફિસો બાળી શહેરનો કબજો લેવાયો. વીરમગામ નડીઆદ વગેરે સ્થળે હુલ્લડ થવા ઉપરાંત રેલપાટા પણ ઉખડી ગયા. તેમજ આખા દેશમાં હડતાલ પડી એટલે ચતુર સરકાર તુરત ચેતી ગઇ. તત્કાળ લોક સમુદાયના પ્રચંડ કોપને આધીન થઈ તે શમાવવા ગાંધીજીને મુંબઇમાં લાવી છોડી મૂકયા. લોકોએ પોતાના પ્રયાસને સફળતા મળેલી જોઈ આગેવાનોને વધાવી લીધા. રાત્રે ચોપાટી ઉપર લાખો માણસની મીટીંગ થઇ. લોકોના ઉત્સાહ અને ભોગના બદલામાં સેનાનાયકે કહ્યું: તમો ઘણા બેવકૂફ છો, તમે જેમ મુંબઈમાં તોફાન કરી ટ્રામો તોડી તેમ અમદાવાદમાં હુલ્લડ કરી મને પારાવાર દુ:ખ ઉત્પન્ન કર્યું છે. આને બદલે તમે મને ખંજર લઇને માર્યું હોત તો મને ઠીક પડત. હવે હું સરકાર સામે સત્યાગ્રહ ન કરતાં તમારી સામેજ કરીશ. પરણી લાવેલ નવી કામાતુર જુવાન સ્ત્રીને જેમ તેનો પતિ કહે કે હું નપુંસક છું તું છાનીમાની સૂઇ જા અને તેથી જેમ તેના વેગ

તમામ અટકી હૃદયમાં નિરાશા, ખેદ, અગ્નિ પ્રકટે તેમ શરૂઆતમાંજ ગાંધીજીએ આવું મંગળાચરણ કરી અમદાવાદ પ્રયાણ કર્યું.

અમદાવાદ જઇને પણ એવુંજ કહેવા ઉપરાંત કહ્યું કે તમારામાંથી કેળવાયલાઓએ આ હુલ્લડ પદ્ધતિસર કરાવ્યું છે, એના નામ હું જાણું છું. તમે હુલ્લડખોરોમાં જેની પાસે હથિયાર હોય તેણે તે પાછા સરકારને સુપ્રત કરવા અને આઠ આનાનો દંડ ભરી આપવો. તમારા આ ગુન્હા બદલ હું ઉપવાસ કરી પ્રાયશ્ચિત્ત કરીશ. આવા વાકયોથી લોકોમાં કેટલી માઠી અસર થઈ! ચળવળ એકદમ છૂંદાઇ ગઈ, નોકરશાહીએ મદોન્મત્ત થઇ જુલમ કર્યા તથા કર બેસાડયા જેની અમદાવાદ મુંબઈ વીરમગામના કર ભરનારા અને ભોગ થયેલાને બરાબર માહિતી છે. જેમ અમદાવાદ-મુંબઇમાં તોફાન થયા તેમ દિલ્હી લાહોર અમૃતસરમાં પણ થયા. અમૃતસરમાં તો સેંકડો નિરપરાધી સ્ત્રી બાળકો ઝલીયાનવાળા બાગની કતલથી રેંસાઇ ગયા; છતાં એ ડાયરશાહી અમાનુષી કતલમાં પણ ગાંધીને લોકોના દોષનીજ ગંધ આવી! ડાયરશાહી કતલ થયા પછી આખા પંજાબમાં ભયંકર ત્રાસ અધિકારીઓએ વર્તાવવા માંડયો. તમામ મુખ્ય મુખ્ય આગેવાનોને પકડી, તેઓની મિલકત જપ્ત કરી, લોકોને ઉઘાડે શરીરે ચુનો ચોપડી ફટકા માર્યા, પેટે ચલાવ્યા, નાકની દાંડી જમીન સાથે ઘસડાવી, મળ મૂત્રના કુવામાંથી પાણી પાયું, બાળકોને ઉઘાડે પગે તડકામાં સોળ સોળ માઇલ ચલાવ્યા, આકાશમાંથી લોકોના ટોળાપર બોંબ ફેંકાયા વગેરે બન્યું; એથી તો ઉલટું ગાંધીજીએ તાબડતોબ અમારી સત્યાગ્રહીઓની સભા મુંબઇ-હીરાબાગમાં બોલાવી કહ્યું કે જયાં સૂધી

દેશમાં શાન્તિ નહિ ફેલાય ત્યાં સૂધી ગવર્નર અને ચંદાવરકરના કહેવાથી સત્યાગ્રહ મુલત્વી રાખું છું. આ વાકય શ્રવણ કરી મેં ગાંધીજીને ઘણા પ્રશ્નોત્તરો કર્યા કે સત્યાગ્રહ બંધ કરતાં પહેલાં પ્રથમ તો તમારે ગવર્નર ચંદાવરકરને બાજુએ મૂકી અમારી સલાહ લેવી જોઇએ. યુદ્ધમાં સદાકાળ શાન્તિ રહેતી નથી. યુદ્ધ શબ્દજ ખૂદ અશાન્તિસૂચક છે, તેથી કદાચ કયાંક છમકલું થતાં ચળવળજ બિલકુલ રોકી દેવી એ ઉચિત નથી થતું. લાલા હરકીસનલાલ જેવા સેંકડો દેશભક્ત પુરૂષોને પકડી તેની લાખો રૂપિયાની મિલકત સુદ્ધાં જપ્ત થાય અને આપણે તેની પાછળ બાળકના ખેલની જેમ નથી રમતાં કરી બેસીએ એ તો દેશ-દ્રોહનું પાતક ગણાય. આથી તમે દેશમાં વહેલા મોડા દેશ-દ્રોહી જાસુસ કે કાયર ઠરશો. લોકો તમારી પણ બીસંટ બેનર-જીની માફક અવગણના કરશે વગેરે કહ્યું એટલુંજ નહિ પણ તેના ઉતારે દશબાર માણસ સમક્ષ તેને પૂછયું કે તમો આ ચળવળને અહિંસાત્મક રાખવા ઇચ્છો છો અને લોકો તેમાં સામેલ થાય માટે પ્રહ્‌લાદ, અંબરીષ, હરિશ્ચંદ્રનું દષ્ટાંત આપી આમંત્રણ કરો છો; તો શું પ્રહ્‌લાદ, અંબરીષ, હરિશ્ચંદ્રે કદિ શસ્ત્રોથી યુદ્ધ નહોતા કર્યા ! શત્રુઓ સાથે શું તેઓ અહિંસાત્મક રીતિથી વર્ત્યા હતા ? એવા પ્રશ્નોત્તરથી કંટાળી ગાંધી કહેતા કે હું એવી દલીલના ઝઘડામાં નથી પડવા માંગતો. મને ઠીક લાગે છે તેમ હું પ્રયોગ કરૂં છું તમોને ઠીક લાગે તેમ તમે કરો. મેં કહ્યું, અમો એટલા આગળ વધેલા નથી તેથી તમોને બુદ્ધિમાન્ દેશ ભક્ત જાણીને વળગીએ છીએ. બાકી કોઇનું સાંભળવું ન હોય અને

ઐતિહાસિક માર્ગ છોડી મનસ્વી પણે પ્રયોગ કરવો હોય તો તેત્રીશ કરોડને સાથે લઇ ન કરતાં તમારી જાતે એકલા કર્યા કરો. જ્યારે તમે પ્રયોગમાં ફતેહમંદ થાવ ત્યારે લોકોને બોલાવજો, જેમ ઝેપલીને એરોપ્લેન બનાવતા કર્યું હતું તેમ. અત્યારે તમો જે અખતરા કરો છો તેમાં તમો સહીસલામત અને માનવંતા રહો છો જયારે ખરો મરો લોકોનો થાય છે. ગાંધીજીની પ્રબળ હઠ આગળ બધુંય કહેવું નકામું થયું અને સત્યાગ્રહ સૂઇ ગયો. સ્વરાજય ઘેર કરવાનું કહેનાર પણ ચાલીશ હજારને લઇ છ વર્ષ જેલમાં સિધાવ્યા અને સ્વરાજય ઘેર થઇ ગયું.

ખેડા જીલ્લામાં લોકોને કર નહિ ભરવાની ગાંધીજીએ સલાહ આપી એટલે સરકારે લોકોની માલમિલકત લીલામ કરી કર વસુલ કર્યો. કોઈક સાધનહીનની પાસેથીજ કર વસુલ નહિ થયો હોય અથવા ઓછો થયો હશે, બાકી લગભગ ૯૪ ટકા વસુલ કરી લીધો હતો. સરકારે મન ધાર્યું કર્યા પછી જયારે વરસાદનો સમય નજીક આવ્યો ત્યારે કર જેણે ન ભર્યો હોય તેને માફ છે એમ કહી લોકોને ખેતી કરવા-વાવવાનું કામ કરવા લલચાવ્યા; આથી ગાંધીજીએ લોકોના ગયેલા માલ અને પ્રતિષ્ઠાની પરવા કર્યા વિના પોતાનો વિજય માની સત્યાગ્રહ પડયો મૂકયો. તે પશ્ચાત્ ગાંધીજીએ ગોધરાની કોન્ફરન્સમાં અનેક હિંદુઓને ઢેઢવાડે લઇ જઇ ભ્રષ્ટ કરી અમૃતસરની કોંગ્રેસમાં જો તેમના મન ધાર્યું ન થાય તો બીજા પ્લેટફાર્મનો તેઓ આશ્રય લેશે એવી હઠયુક્ત ધમકી આપી હતી પણ ત્યાં તેનું ધાર્યું કાંઇ થયું ન હતું. આ વખતે અમોએ નીચે પ્રમાણે તેમને પત્ર લખ્યો હતો:—

ચાઇના બીલ્ડીંગ–ભીંડી બજાર,
મુંબઇ, તા. ૨૧–૧–૧૯૨૦

**શ્રીયુત મોહનદાસ કરમચંદ ગાંધીની સેવામાં,**
**અમદાવાદ.**

"કોંગ્રેસ" ના મથાળા નીચે આપે જે અધિપતિ નોંધ લખી છે તે વાંચી અત્યંત ખેદ થાય છે. આપે દેશમાં આવ્યા પછી ખેડા જીલ્લામાં સત્યાગ્રહ શરૂ કરી અધિકારીઓએ ૯૪ ટકા ખેડુતોની માલમિલકત લુંટી મહેસુલ વસુલ કીધી તે કરવા દઇ પછી "મહેસુલ ન ભરે તેને અમો ફરજ પાડતા નથી" એવા સરકારી ફરમાનને સત્યાગ્રહની ફતેહ માની, વર્ણાશ્રમ ધર્મ વિરૂદ્ધ તમે ઢેઢાઓની સાથે સ્પર્શાસ્પર્શની હિલચાલ ઉપાડી હિંદુઓના મન દુઃખવ્યા. ગોરાઓના જેટલાજ હક્ક "રીક્રુટોને આપો તો જોડાઇએ" એવી લો. તિલકની દલીલ વિરૂદ્ધ તમે પોતે પ્રથમ અહિંસાને બહાને લશ્કરમાં જોડાઈ લડવાનું વખોડતા હોવા છતાં એક ગુલામની દશામાં મડદા ઉપાડવાને કે મરવાને રીક્રુટો સરકારને પૂરા પાડવા તૈયાર થયા, રીક્રુટો એકઠા કરવા નીકળ્યા. કાળા કાયદા સામે સત્યાગ્રહ શરૂ કરી કઇકના જીવ જોખમમાં નાંખી, કઇકના ઘરબાર લૂંટાવી, કાળા પાણીએ જડાવવામાં તથા ફાંસીના લાકડે લટકાવવામાં કારણભૂત થઇ, લોકોને અનુપમ પ્રેમના બદલામાં કટ્ટુ ઝેરી અને ડંખી શબ્દોનો પ્રહાર કરી–લોકોનો ભીષણ સંહાર કરાવવામાં અગ્રભાગ ભજવી પછી એકાએક સત્યાગ્રહ પડતો મૂકી, પંજાબ જવાનું માંડીવાળી,

કેળવાયલા લોકોનાપર આળ ચઢાવી, ઇન્ડેમ્નિટી બીલને ટેકો આપવા નીકળ્યા એ શું આપે દેશની સેવા ઓછી બજાવી છે ?

પરંતુ હજુ જાણે તેટલેથી સંતોષ ન થતાં કાંઇ અધુરૂં રહી જતું હોય તેમ સમજી અમૃતસરની કોંગ્રેસમાં લોકમતની વિરૂદ્ધ સુધારાના ઠરાવમાં તથા લોકોના ટોળાએ મારફાડ કરી છે એમ માની તેઓ પ્રત્યે તિરસ્કાર બતાવવાનો ઠરાવ કરાવવામાં ખૂબ પાઠ ભજવી, છેવટે તમારા તંત્રીપણા નીચે પ્રકટ થતાં પત્રમાં કોંગ્રેસના સમગ્ર કામને નિંદી, માત્ર તમારૂં કહ્યું થયું તેટલુંજ ઉત્તમ અને બાકીના બધા ઠરાવો કોંગ્રેસે મૂર્ખાઈભર્યા કર્યા છે એમ જણાવવાની જે હિમાયત કરો છો તે વાંચી લોકો તમારા પ્રત્યે ખેદ અને તિરસ્કાર દર્શાવી રહ્યા છે કે, ગાંધીજી તે પ્રજાનો મિત્ર કે શત્રુ ? ( તમે ) સત્યાગ્રહી છો કે રાજનીતિ અને વ્યવહાર કુશળતાના જ્ઞાનવિનાના અઠંગ દુરાગ્રહી ! બળતે હ્રદયે પૂર્વના પૂજ્ય ભાવને સ્મરણમાં લાવી લખું છું કે આ પત્ર વાંચીને તમારી કાર્ય પદ્ધતિમાં ફેરફાર થાય તો તે તમોને તથા લોકોને એમ ઉભયને અત્યંત લાભકારી થશે; પણ હું માનું છું કે તેમ થવું અશકય છે; કારણ કે " જીદ્દી માણસ ઠોકર ખાધા વિના ઠેકાણે આવે નહિ " તદ્દવત્ તમારૂં છે, છતાં વાંચી વિચારશો તોપણ સંતોષ માનીશ. સર્વત્ર લોકો એમ કહે છે કે હવે ગાંધીજી રાજદ્વારી ક્ષેત્રમાં કામ કરવાને લાયક નથી. જો તેઓ લોકોનું અને પોતાનું ખરૂં શ્રેય ઇચ્છતા હોય તો મુનિ સાધુના અપાસરા કે મઠમાં બેસી મૌનનું સેવન કરી ઈશ્વર સ્મરણ કરે તો તે તેમના તરફની મોટામાં મોટી દેશસેવા થયેલી લેખાશે.

**લી. સેવક નારણજી પુરૂષોત્તમ સાંગાણીના પ્રણામ.**

ઉપરનો પત્ર ગાંધીજીએ નવજીવનમાં તા. ૨૫-૧-૨૦ રવિવારના અંકમાં છાપી તેની નીચે **"પાટેથી ઉતર્યા"** એ મથાળા નીચે ઉત્તર વાળ્યો છે અને તેમાં મારા હરેક મુદ્દાને **અર્ધસત્ય** તરીકે સ્વીકારી પોતા માટે લુલ્લો બચાવ કર્યો છે.

"દુનિયા ઝુકતી હૈ ઝુકાને વાલા ચાહીએ" એ ન્યાયે ગાંધીએ ખિલાફત અને સ્વરાજ્યની ચળવળ **અતિ** વેગથી ઉપાડી તેમાં અકારણ હિંદુ ધર્મ શાસ્ત્રોને તથા ઋષિમુનિઓને નિંદવા માંડયા એટલુંજ નહિ પણ જગદ્ગુરૂ **શ્રીમદ્** આદ્ય શંકરાચાર્ય જેવા ધર્મોદ્ધારક પુરૂષને પણ ઢેઢ સ્પર્શની હિમાયતમાં તેનો શિષ્ય કાલેલકર, નવજીવન પત્રમાં ઢેઢથી ઉતરતા ચિતરવા લાગ્યો ત્યારે પણ નીચે પ્રમાણે રજીસ્ટર પત્ર લખી ગાંધીજીનું ધ્યાન ખેંચવામાં આવ્યું હતું:—

ચાઇના બીલ્ડીંગ-ભીંડી બજાર,<br>
મુંબઇ, સંવત ૧૯૭૬ કાર્તિક વદિ ०)) **શુક્રવાર.**

શ્રીયુત મોહનદાસ કરમચંદ ગાંધી,<br>
અધિપતિ "નવજીવન" અમદાવાદ.

વિનતિ સાથ લખવાનું કે ચાર વર્ષ પૂર્વે મને આપનામાં શ્રદ્ધા અને આશા હતી કે તમો એવા પ્રકારે કાર્ય કરશો કે જેથી દેશનું કંઇક અંશે કલ્યાણ થાય; પરંતુ તમારા હાથે એક પાછી એક કાર્ય એવા થાય છે જે જોઈ મને પૂર્ણ ભય રહે છે કે તમો તમારી હયાતીમાંજ દેશનું અત્યંત વિપરીત કરી જશો.

સત્યાગ્રહમાં લોકોને કડવો અનુભવ મળ્યા પછી લોકો ભાગ્યેજ તમારો સાથ પકડત; પરંતુ તમોએ એક વખત મોરારજી ગોકળદાસ હોલમાં ભાષણ કરતાં કહ્યું હતું તેમ તમારા મગજમાં જડીબૂટીઓ ભરેલી છે અને તે ઇચ્છામાં આવે ત્યારે ફેંકતા આવો છો. અંગ્રેજોના અત્યાચારોથી હિંદીઓ કયારનાય ક્ષુબ્ધ તો થઇ રહ્યા હતા. જે વખતે સ્વરાજ્ય અને વંદેમાતરમ્ શબ્દો બોલવામાં ગુન્હો મનાતો તે વખતે લોકોનું હિત હૈડે ધરી જીવના પણ જોખમે કુશળતાથી લડત ચલાવનાર વીરકેસરી લોકમાન્ય તિલકજ હતા. અનેક આપત્તિઓ સહન કરી જે ભૂમિ એડી તેમણે તૈયાર કરી તેમાં તમો અસહકાર કરવા નીકળ્યા છો તેથી તેનો આદર થાય એમાં કાંઇ આશ્ચર્ય નથી; પરંતુ એટલું સ્મરણમાં રાખજો કે ત્રીશ વર્ષના સરકાર સાથના તમો સહકારી, એક વખત દૂધને માંસ કહી પોતેજ ખાનારા, સ્વપત્ની સાથે અનેક વર્ષો સૂધી ગૃહસ્થાશ્રમ ભોગવી અનેક સંતાન ઉત્પન્ન કર્યાં પછી પોતાની પત્નીને માતાતુલ્ય ગણીને પ્રકૃતિની વિરૂદ્ધ લોકોને બ્રહ્મચર્ય પાળવાનો ઉપદેશ કરનારા, હથિયાર ઝાલવામાં હિંસા થાય છે અને હોમરૂલ લીગ દેશને લાભકારી નથી એવું કહેનારા તમો રીક્રુટ બનાવવા નીકળ્યા અને પાછળથી તેજ હોમ રૂલ લીગના પ્રમુખ થઇ બેઠા, કોંગ્રેસની આજ્ઞા કરતાં સદસદ્ વિવેકબુદ્ધિ અને અંતઃકરણના અવાજનો સંદેશો લઇ ફરનારા, કેળવાયલા ઉપર આળ ચઢાવી ઇન્ડેમ્નિટી બીલને અનુમોદન આપનારા તમો કયારે રણક્ષેત્રમાંથી છટકી જઈ આશ્રમમાં ભરાઇ બેસશો એ વિષે સમજુ લોકો બીલકુલ શંકાશીલ છે; એટલુંજ નહિ પરંતુ તમો એવા

દુરાગ્રહી છો કે તમો એકજ દુનિયામાં માણસ છો અને અક્કલ ધરાવો છો અને બાકી તેત્રીશ કરોડ (હિંદીઓ) મનુષ્યો પશુ હોય તેમ તેઓની અવગણુના કરી અરે ! કોંગ્રેસના અને હોમ રૂલ લીગના બુદ્ધિમાન્ આગેવાનોનો તિરસ્કાર કરી દેશની સેવા કરતાં તેઓને અટકાવ્યા એટલે હવે તમો એકલા કપટી અને કરાળ દુશ્મનો સામે અવ્યવહારૂ માર્ગ વડે લડવામાં કેટલો વખત ટકી શકશો ? એ એક પ્રશ્ન થઇ પડયો છે. કદી તમો એમ માનતા હશો કે ' તો જયાં જાઉંછું ત્યાં લોકો મને ઘેરી વળી મારૂં કહેવુ સાંભળે છે એટલે કે મને ફત્તેહ મળે છે તેનું કેમ ! તો તેનું કારણુ એ છે કે અત્યારેતો નોકરશાહીએ એવા અને એટલા ક્રૂરતા ભર્યા જુલ્મો હિંદપર કર્યા છે કે, જેથી પ્રજા પગથી તે માથા સુધી તેનો પગ-દંડો ઉખેડવાને માટે પ્રજવલિત થઇ બેઠી છે તેથી તમો તો શું પણ કોઇ કુતરૂં આવીને તેની સામે ભસે તોય તેનો વરઘોડો કાઢી લોકો માન આપે તેમ છે.

હવે હું આ પત્ર લખવાના ખાસ પ્રયોજન તરફ આવું છું તમો રાજદ્વારી હિલચાલમાં પ્રથમથી જોડાયા છો અને તમોને જેમ સૂઝે છે તેમ તમો કર્યા કરો છો પરંતુ તે સાથે જે વિષય તમારો નથી, જેની તમોને લેશ માત્ર ગંધ નથી; તે સાંસારિક અને ધાર્મિક વિષયને સાથે સાથે સંડોવાવી શા માટે લોકોના હૃદય વિંધો છો ! એ સમજી શકાતું નથી. તમે આત્મગત વિચાર કરશો તો તમોને જણાશે કે એક વખત યુવકપણામાં તમો માંસાહાર કરતા હતા, વિલાયતમાં બેરિસ્ટરો સાથે બાઇબલ શીખીને આવેલા તેથી તેના સિદ્ધાંતપર મોહી પડી આફ્રિકાથી ખ્રિસ્ત ધર્મની દીક્ષા લેવાની

અણીપર હતા પણ સુદૈવે કે દુર્દૈવે શ્રીમદ્ રાજચંદ્ર નામના એક જૈન સાધુએ શ્રીમદ્ ભગવદ્ગીતા યોગવાસિષ્ઠ અને મનુસ્મૃતિ જેવા અદ્વિતીય હિંદુ ધર્મગ્રંથોની મહત્તા કહી રોકી રાખ્યા હતા, તેજ તમો અત્યારે હિંદુ ધર્મના રીતરિવાજ અને શાસ્ત્રોને સેતાન કહી વગોવો છો અને અંત્યજોનો સ્પર્શ કરવાનો અવિચારી ઉપદેશ આપો છો એ કેટલી બધી મૂર્ખતા? આપણા દેશમાં રાગદ્વેષરહિત અને જીવન મુક્તની દશાએ પહોંચેલા વસિષ્ઠ જનક યાજ્ઞવલ્કય અને શુકદેવજીજ મહાત્મા કહેવાતા પણ હમણા કલિયુગમાં રાગદ્વેષથી ભરેલા, પોતાની મેળે કિંવા એક છાપાવાળાના અથવા એક અનુ-યાયીના કહેવાથી બનેલા તમો મહાતમા, નરસિંહ મહેતાનું–દ્રષ્ટાંત આપી અંત્યજોનાં સ્પર્શની હિમાયત કરો છો; પરંતુ હું તમોને પૂછું છું કે નરસિંહ મહેતાએ જેમ અનન્ય પ્રભુભક્તિ કરી આત્મ સાક્ષાત્કાર કર્યો હતો અને માયાતીત થયા હતા તેમ તમે થયા છો કે? નરસિંહ મહેતા જીવન મુક્ત દશામાં કવચિત્ ઢેઢને ત્યાં ગયા હશે પણ તેમણે ઢેઢાઓના સ્પર્શની કદિ કયાંય હિમાયત કરેલી જોવામાં આવતી નથી. નરસિંહ મહેતા જીવન મુકત દશામાં હતા તો પણ ઢેઢાઓનો સંસર્ગ કર્યા બદલ નાગરોએ તેને નાત બહારની શિક્ષા કરી હતી એનો ખ્યાલ તમોને કયાંથીજ હોય ?

તમો તો હિંદુધર્મ શાસ્ત્રોને અને આચાર્યોને શયતાન અને પાખંડી કહી રહ્યા છો પણ "ગુરૂસે ચેલા આકરા" એ ન્યાયે તમારો એક <u>અંધ અનુયાયી કાલેલકર</u> ગયા બુધવારના નવજીવનમાં એટલી હદ ઓળંગાવી શ્રીમદ્ શંકરાચાર્યજી કે જેના આદ્ય ગુરૂએ ભારતવર્ષને હિંદુ ધર્મમાં સજીવન રાખ્યું છે તેનેજ ખરા અંત્યજ

કહેવાની ધૃષ્ટતા બતાવે છે. આ ઉપરથી એમ પ્રતીત થાય છે કે જેમ પૂર્વકાળમાં હિંદમાં "ચાર્વાક" જેવા પાખંડી અને નાસ્તિક જન્મી લય પામ્યા હતા તેમ તમો બીજા "ચાર્વાક" રૂપે અવતાર ધરી તમારાજ જેવા વિચારની પાખંડી મંડળી ઉભી કરી હિંદને કનડવાના છો; પણ એટલું સ્મરણમાં રાખજો કે તેમ કરતાં તમારી દુર્ગતિ થશે અને ભારતવર્ષ તો જેમનો તેમ અવિચળ રહેશે.

મને તમારા પ્રત્યે રાગદ્વેષ નથી. મને પણ ધર્મની અને દેશની દાઝ રગેરગ વ્યાપી રહેલી છે અને તેથીજ આ પત્ર તમોને લખવા પ્રેરાઉં છું જે તમો કાંઇક વિચારી કર્તવ્યમાં પરિવર્તન કરો તો; કારણ કે તેમ થયે દેશની ઐક્યતા અને સ્વતંત્રતા બહુ સહેલની સધાય તેમ છે, જેમ મહારાણા પ્રતાપ, શિવાજી મહારાજ અને લોકમાન્ય તિલકે પવિત્રતા જાળવી કામ કર્યું હતું તેમ. મને ઇશ્વર સિવાય કોઇનો ડર નથી એટલે તમારો કે બીજાઓનો તો કયાંથીજ હોય ! તેથી નનામો પત્ર લખનારને તમો જેમ ધિક્કારો છો તેમ હું પણ નાપસંદ કરૂં છું. હવે જો તમારામાં હિંમત અને સદ્બુદ્ધિ હોય તો સંભાળથી આ પત્ર વાંચી સદુપયોગ કરજો.

લી. સેવક,
**નારણજી પુરૂષોત્તમ સાંગાણી**
ના વંદેમાતરમ્

આ અને આ ઉપરાંત બીજા ઘણાએ પત્રો રજીસ્ટર કરી મોકલાવ્યા હતા છતાં ખાનગી કે જાહેરમાં ગાંધીજીએ એકેયનો ઉત્તર વાળ્યો નથી.

## સ્વરાજ્ય પ્રવૃત્તિ.

विष्णुर्वरिष्टो देवानां हृदानामुदधिर्यथा ।
नदीनाञ्च यथा गङ्गा पर्वतानां हिमालयः ॥
अश्वत्थः सर्ववृक्षाणां राज्ञामिन्द्रो यथा वरः ।
तथा श्रेष्ठा कर्म भूमिर्भूमौ भारत मण्डलम् ॥

સર્વ સાધારણ કહેવત છે કે આપ મુવા વિના સ્વર્ગે ન જવાય તદ્દ્વત્ કોઇના ઉપર વિશેષ આધાર રાખવા કરતાં અમારી શકિત અનુસાર અમોએ પોતાનું કર્તવ્ય સમજી સ્વરાજયની સ્વતંત્ર ચળવળ ચાલુ કરી. ગાંધીજીએ પણ યુકિત પ્રયુકિત કામે લગાડી સત્યાગ્રહ પડતો મૂકી ગુમાવેલી પ્રતિષ્ઠા પાછી મેળવી લીધી; અર્થાત્ તેણે સત્યાગ્રહરૂપી ભૂત મારી અસહકારરૂપી પિશાચ ખડો કરી દીધો; છતાં લોકમાન્ય તિલક જેવા નિપુણ રાજનીતિજ્ઞ પુરૂષની હયાતી હતી એટલે તેનું ઝાઝું ગપ ચાલતું નહોતું. સરકારે મેસોપોટેમીઆની લડાઇમાં સેવા કરવા માટે રીક્રુટ માગ્યા ત્યારે અહિંસાના મૂર્તિમંત અવતાર ગાંધીજીએ અહિંસાને આકાશમાં ઉરાડી વિના શરતે રીક્રુટ પૂરા પાડવા મથન કર્યું—પછી ભલે તે તાલીમ વિનાના હિંદીઓ વિના મોતે મરે કિંવા મુડદાં ઉપાડી સોલજરોની સારવાર કરે. તિલક મહારાજે તો લોકોનું રક્ષણ થાય અને હક્ક મળે તેવી શરતો સરકાર કબુલ કરે તોજ રીક્રુટ તરીકે હિંદીઓએ નામ નોંધાવવું

એમ ખુલ્લે ખુલ્લી હિમાયત કરી એથી ગાંધીએ રીક્રુટ મેળવવા તનતોડ મહેનત કરી હતી તો પણ તેને કોઇ મળ્યું નહોતું.

લોકમાન્ય તિલકની કારકીર્દિ જોઇ તેઓ એક બુદ્ધિશાળી સાચા અને નિડર દેશભકત માત્ર વિદ્યમાન છે એમ અમારી ખાત્રી થઇ હતી. તેમને શાસ્ત્ર તથા ઇતિહાસનું અગાધ જ્ઞાન હતું. તેઓ સ્વબળ અને પરબળની તુલના કરી જેમાં કદી પણ ખત્તા ખાવી ન પડે તેવું પગલું ભરતાં. હિંદુ જાતિ અને ધર્મને પૃથ્વીપર સજીવન રાખનાર પ્રાંતઃસ્મરણીય શિવાજી મહારાજની વીર ભૂમિમાં જન્મ પામી તેના માર્ગનું "સ્વરાજય" એ મારો જન્મ સિદ્ધ હક્ક છે અને તે હું ગમે તે પ્રયત્ને લઇશ એવા મુદ્રાલેખથી અવલંબન કરી ધસારો કરનાર વિચક્ષણ બુદ્ધિના પ્રજા નાયક લોકમાન્ય તિલક માટે લોકોને પણ અસાધારણ માન હતું. અમોને લોકમાન્ય પ્રત્યે પ્રથમથીજ માન હતું એવામાં હોમરૂલની ચળવળ શરૂ થતાં વારંવાર તેમના દર્શન સમાગમનો લાભ મળતો એટલે વિશેષ આદરબુદ્ધિ ઉત્પન્ન થઇ. મારે કાર્ય પ્રસંગે બિરાર જવાનું થતાં જબલપુરના કસાઇખાનાની વાત સાંભળી એટલે તે સામે ગોરક્ષણની પ્રથમ સભા આકોલામાં ભરી કસાઇખાનાનો નિષેધ કર્યા બાદ સ્વરાજય ઉપર આકોલામાં નવ વ્યાખ્યાન આપ્યા. સ્વરાજય સાથે સ્વદેશી અને બ્રાયકોટ, રાષ્ટ્રીય શિક્ષણ, વોલન્ટીયર મંડળની લાયબ્રેરી સાથે સ્થાપના તથા વ્યસન ત્યાગ વગેરેની પણ ખૂબ હિમાયત કરી. આકોલામાં અપાયલા અત્યંત તીવ્ર વ્યાખ્યાનોની ખબર આસપાસના શહેર ગામોમાં પડતાં હજારો લોકો સાંભળવા આવવા લાગ્યા. તેમ પોતાને ગામ વ્યાખ્યાન અપાવવા એક પછી એક ગામવાળાઓએ

પણ આમંત્રણ મોકલાવ્યા. પ્રથમ આકોલાથી બાસીમ, આકોટ, ઉમરાવતી, આર્વી, મુર્તિજાપુર, પુલગામ વગેરે સ્થળે એક માસ સચોટ અને દલીલપુરઃસર વ્યાખ્યાનો થયા એટલે બિરાર એકદમ જાગૃત્ થઈ ગયું. ડિટેકટીવ અને ઇન્સ્પેકટરોને ધંધો દેશસેવા કરનારાઓને પજવવાનો સુપ્રત થયેલો છે તે તેમણે ચાલુ કરી મારો પીછો પકડયો; પરંતુ તેની લવલેશ દરકાર ન કરતાં પ્રવૃત્તિ ચાલુ રાખી. બાદ જરીઆમાં ત્રણ ભાષણો આપી રાણીગંજમાં ભાષણ આપી લાયબ્રેરી ખોલી ત્યાંથી કલકત્તા ગયો.

કલકત્તામાં સ્પેશીયલ કોંગ્રેસ લાલા લજપતરાયના પ્રમુખ પદે ભરાવાની હતી. લોકોમાં સ્વરાજય હસ્તગત કરવા માટે પ્રબળ આકાંક્ષા ઉદ્ભવી હતી; પરંતુ કાળની ગતિ કોણ કળી શકે એમ છે ? આવતી કાલે સવારે શ્રીરામના રાજયાભિષેકની સકળ લોક સુખવર્ધક ક્રિયા થવાની હતી તેને બદલે વનવાસ પ્રતિ ગમન થતાં વિશ્વવ્યાપી શોકવ્યાપી જશે એ કોણ જાણતું હતું ! જે સૂત્રધારના આધારે સેના રણસંગ્રામમાં અભેદ વ્યુહ રચી કૂચ કરવાની હતી તે સૂત્રધાર લોકમાન્ય તિલક પરલોકવાસી થયા ને તેને માટે આખા દેશે અશ્રુપાત કર્યો. ઇતિહાસમાં એક ભગવાન્ શ્રીરામચંદ્રજીની પાછળ આખા દેશે વિલાપ કર્યાનું સંભળાય છે, બીજા કોઇ મનુષ્ય માટે સંભળાયું નથી; તે લોકમાન્ય તિલકની પાછળ બન્યું. સન ૧૯૨૦ ના આગસ્ટ માસમાં જયારે લોકમાન્ય માટે શોક પ્રકટ કરનારી સભાઓ એક તરફથી થાય છે ત્યારે ગાંધીજી મળેલી તકનો લાભલઇ અમેરિકાથી તાજેતરમાં હિંદ આવી માન પામેલા લાલાજીનું નામ

આપી ખિલાફત અને જલીઆનવાળા બાગના કારણો બતાવી; સ્કૂલો, કાઉન્સિલો, વકીલાત, કોર્ટો તથા ટાઈટલો વગેરે બોયકોટ કરવાનું કહી રહ્યા હતા. "કોંગ્રેસના કોઇ પણ નિર્ણય સિવાય અમુક પ્રકારની મનસ્વી હિમાયત કરવાને બદલે સ્પેશ્યલ કોંગ્રેસ સુધી થોભો" એવી મતલબનો તાર ખંડવાથી પંડિત માલવિયાજીએ ગાંધીજીને કલીકટ કર્યો પણ ગાંધીજીને કયાં કોંગ્રેસની પરવા હતી? તેને ખાત્રી હતી કે જો હું અગાઉથી લોકોને નહિ બહેકાવું તો કોંગ્રેસમાં જરૂર પાછો પડીશ તેથી તેણે માલવિયાજીને જવાબ વાળ્યો કે "હું તો મારૂં અંતઃકરણ-સદસદ્ વિવેકબુદ્ધિની પ્રેરણા પ્રમાણે ચાલું છું. કોંગ્રેસ ગમે તે નિર્ણય આપે તેની સાથે હું બંધાયો નથી." બેબાકળા લોકો ગાંધી મહાત્માની જે બોલાવતા, અલ્લાહો અકબરની બાંગ પોકારતા કલકત્તામાં એકઠા થયા. કોંગ્રેસના રાષ્ટ્રીયવાદી દેશભક્તોઃ દાસ, પાલ, આયર, સત્યમૂર્તિ લાલા, પટેલ, ખાપર્ડે, કેલકર, ઝીણા, માલવિયાજી, બેપ્ટીસ્ટા વગેરે પણ અત્યંત ઉત્સાહપૂર્વક સ્વરાજ્યની ચળવળમાં લોકોને કેળવી, અસહકારની ભૂમિકા બેડી કોંગ્રેસમાં હાજર થયા હતા.

બન્ને પ્રમુખોના ભાષણો થઇ ગયા પછી અસહકારનો ઠરાવ સબ્જેકટસ કમિટીમાં ખૂબ ચર્ચાયો. તેનાપર કઇક સુધારા મૂકાયા. ગરમાગરમ ચર્ચા થઈ છતાં કોઇ નિર્ણયપર નેતાઓ ન આવી શકયા ત્યારે ગાંધીજીએ ભર કોંગ્રેસમાં પોતાનો ઠરાવ મૂકયો અને તેની સામે બાબુ બીપીનચંદ્રપાલે સુધારો મૂકયો જેને દાસ પટેલ ઝીણા વગેરે તમામ દેશભકતે ટેકો આપ્યો. લોકો તો સ્વરાજ્ય અને સ્વરાજ્યના માર્ગો વિશે બિલકુલ અજ્ઞાનતાજ

ધરાવે છે. ગાંધીજી બહુ સાદા અને ભોગ આપી કામ કરનારા મહાત્મા છે માટે આપણે તેનેજ મત આપવો જોઇએ, એવો જાડી બુદ્ધિનો નિર્ણય કરી મત આપ્યો કે નિશાળ ધારાસભા વકીલાતાદિ ન જોઇએ. ગાંધીજીનો ઠરાવ પાસ થતાંજ સ્વરાજ્ય મળી જશે એવું એવું બોલી, ઘોંઘાટ કરી મૂકી, કેટલાકોએ ચાલતી પકડી એટલે બીજે દહાડે પોલ મંગાયા. પ્રો. રામમૂર્તિ નાયડુ અને બીજાઓએ લોકોને આગ્રહ કરી કરીને ગાંધીનેજ મત આપવા ભલામણ કરી તેમ કેટલાકે હેન્ડબીલો વહેંચી ગાંધીનેજ મત આપવા આગ્રહ કર્યો. છેવટે મત સંખ્યા ગણાતા અજ્ઞાન અંધ અનુયાયીઓની સંખ્યા ૧૮૦૦ની ગણાઇ ત્યારે સ્વરાજ્યની પ્રવૃત્તિ ચલાવનાર કુશળ રાજનીતિજ્ઞોના મતની સંખ્યા ફક્ત ૮૦૦ ની થતાં ગાંધીજીનો ઠરાવ પસાર થયો લેખાયો.

હવે કોંગ્રેસ ગાંધીજીને અનુકૂળ થઈ એટલે તેણે કોંગ્રેસના નામે કામ આરંભ્યું. કોંગ્રેસના ઠરાવ—આજ્ઞાનું ઉલ્લંઘન કરવામાં દેશદ્રોહ થવાનું દર્શાવ્યું. ગાંધીએ કોંગ્રેસ કમિટીપર કાબુ મેળવી તેમાં પોતાના મતના ઘુસાડી એટલી જોસથી ચળવળ ઉપાડી કે સ્વરાજ્યના શબ્દ પાછળ ગાંડા બનેલા લોકોએ જાણે કેમ ઢાલની એકજ બાજુ હોય ! તેમ બીજા કોઇનું સાંભળ્યું સુદ્ધાં નહિ. બાબુ પાલ, ઝીણા, માલવિયાજી જેવા મહાન્ ચુસ્ત રાષ્ટ્રવાદી દેશભક્તોનો પણ તિરસ્કાર થયો. આ અરસામાં હું પાછો જરીઆખિરારમાં ભાષણ આપી મુંબઇ આવ્યો અને તિલક સ્વરાજ્ય સભા સ્થાપી લોકમત કેળવવા માંડયો. પ્રથમ ભાષણ રા. જમનાદાસ માધવજી મહેતા બેરિસ્ટરના પ્રમુખપદે તથા બીજું રા. હીરાલાલ

ડાહ્યાભાઈ નાણાવટી સોલીસીટરના પ્રમુખપદે આપ્યું. તિલક સ્વરાજ્ય સભાનો ઉદ્દેશ નીચે પ્રમાણે રાખવામાં આવ્યોઃ—

૧ દેશના સર્વ પ્રકારના દુઃખો દૂર કરવાને માટે સ્વર્ગવાસી મહાન્ દેશભક્ત લોકમાન્ય બાલગંગાધર તિલક મહારાજના આદેશ અનુસાર " સંપૂર્ણ સ્વરાજ્ય " પ્રાપ્ત કરવું.

૨ સ્વદેશીનો પ્રચાર અને વિદેશીનો બહિષ્કાર કરવો.

૩ ગામેગામ પ્રજાસંઘ, સ્વયંસેવક મંડળ અને અખાડાઓ ખોલાવવા.

૪ ગાયો એ દેશનું પવિત્ર અને પરમોપયોગી ધન છે માટે તેની સર્વ પ્રકારે રક્ષા કરવા પ્રબંધ કરવો.

૫ ધર્મયુક્ત શિક્ષણ આપનારી રાષ્ટ્રીય શિક્ષણ શાળાઓ ખોલાવવી.

૬ હુન્નર ઉદ્યોગ શાળાઓ, કારખાનાઓ અને સ્વદેશી સ્ટોરો દેશમાં સર્વત્ર ખોલાવવા યત્ન કરવો.

૭ લોકમાન્યના સ્મારક તરીકે લોકોની જ્ઞાન વૃદ્ધિ થાય તેવા પુસ્તકાલયો ખોલાવવા યત્ન કરવો.

૮ દેશની સેવાર્થે હુન્નર ઉદ્યોગ શીખવવા કે બીજી ઉપયોગી પ્રવૃત્તિ કરવા તત્પર થનાર વ્યકિતને સ્કોલરશિપ આપી ઉત્તેજન આપવું.

૯ આખા દેશમાં દેશદાઝવાળા ઉપદેશકો મોકલી વ્યાખ્યાનો, ચર્ચા અને બીજા ઉપયોગી ઉપાયોવડે લોકોને જાગૃત્ અને કર્તવ્ય પરાયણ બનાવવા.

આ સભા તરફથી ભાષણો આપવા અપાવવા ઉપરાંત લોકમત સીધી દિશાએ કેળવવા માટે જાહેર વર્તમાનપત્રોમાં પણ લેખમાળા લખવી ચાલુ કરી હતી. ગાંધીની કોંગ્રેસ સંબંધી વલણ વિશે "કોંગ્રેસ અને ગાંધીજી" એ મથાળા નીચે મનન કરવા જેવો જે લેખ પ્રસિદ્ધ થયો હતો તે આ પ્રમાણે છે:—

રાષ્ટ્રીય મહાસભાની એકત્રીશ બેઠકો થઇ ત્યાં સૂધી તેમાં કોઇ અમુક જાતિનો ધાર્મિક પ્રશ્ન ચર્ચાયો ન હતો. ફક્ત પરદેશી બાઈબીસેન્ટ અને પરદેશી સંસ્કારથી જેઓ બાઇબલ શીખી ખ્રિસ્ત ધર્મની દીક્ષા લેવા એકવાર તૈયાર થયા હતા, એવા ગાંધીનો કોંગ્રેસમાં પ્રવેશ થતાંજ હિંદુ ધર્મને લગતો અંત્યજનો સવાલ કલકત્તાની કોંગ્રેસમાં હાથ ધરાયો. ગાંધીજીનો આગ્રહ, તેમનો સાદો પોષાક, માતૃભાષામાં બહુ કરી વાતચિત કરવાની ખુબી અને અધિકારીઓના પ્રતિબંધ સામે થવાની તેમની યુક્તિએ લોકોમાં મોહ ઉત્પન્ન કર્યો. પરંતુ જયારે તેઓ સરકારને રીક્રુટ પૂરા પાડવા નીકળ્યા, પંજાબમાં અધિકારીઓએ અમાનુષી જુલમો કર્યા તેમાંથી મુક્તિ મેળવવાનો કાયદો પસાર કરવા લાગ્યા ત્યારે તે સામે આખા દેશનો સખ્ત વિરોધ હોવા છતાં તેને ગાંધીજીનો ટેકો મળ્યો અને અમદાવાદમાં જે કાંઇ તોફાન થયું તેનો આરોપ કેળવાયલા વર્ગ ઉપર મૂકી ભાઇ સાહેબ સત્યાગ્રહ મુલત્વી રાખી રેંટીઓ કાંતવાનો ઉપદેશ કરવા લાગ્યા એટલે લોકો સમજયા કે ગાંધીજીને રાજ્યદ્વારી વિષયનું અલ્પ જ્ઞાન પણ નથી અને દેશ સેવા કરતાં લોકોના જાન માલ અને પ્રતિષ્ઠાનું રક્ષણ કરવાની આવડત પણ નથી, માટે નેતા તરીકે તેમના પર વિશ્વાસ મૂકી કામ લેવામાં ભારે જોખમ છે.

લોકોને સત્યાગ્રહમાં કડવો અનુભવ મળ્યા પછી લોકમાન્ય તિલક જેવા પ્રૌઢ અને સ્થિર બુદ્ધિના આગેવાન સિવાય કોઇ અર્ધ દગ્ધનો વિશ્વાસ ન કરવો એમ સમજાયું હતું પરંતુ આપણા દેશના લોકો બહુધા ભોળા અને ગતાનુગતિક ચાલનારા છે. દુશ્મન આવીને પણ મીઠાં વચન ઉચ્ચારે તો તેનું કહેવું સત્ય માની આગલું પાછલું ભૂલી જાય તેવા છે. સ્વરાજ્ય માટે અધીરા બનેલા અને ગોરાઓના ત્રાસથી ત્રાસી ગયેલા લોકોને ફરીથી ગાંધીજીએ અસહકારનો માર્ગ બતાવ્યો. ગામેગામ ભાષણો અને નવજીવનમાં અધિકારીઓ વિરૂદ્ધ તીવ્ર લેખો પ્રકટ થતાં લોકોને તેના પ્રત્યે પુનઃ ભાવ પ્રગટ થયો. પરંતુ તેમ થતાંની સાથેજ તેણે ઢેઢાઓના સ્પર્શની હિમાયત શરૂ કરી, અને હિંદુઓના ધર્મશાસ્ત્ર વિરૂદ્ધ લખવા તથા બોલવા માંડયું. કોંગ્રેસ હિંદુ, મુસલમાન, પારસી, ખ્રિસ્તી આદિ તમામ વર્ગના લોકો માટેની રાજયદ્વારી સંસ્થા છે. તેમાં મુસલમાન કે ઇતર ધર્મના લોકોના રીત રિવાજ વિષે ચર્ચા નજ થઇ શકે છતાં પણ સહનશીલ અને દ્રોહ કરનારની ઉપર પણ દયા–ક્ષમા–ઉદારતા દર્શાવનારા હિંદુઓની છેડતી તેણે શરૂ કરી. મુસલમાન લોકો કોંગ્રેસમાં સમાનપણે ભાગ લે છે છતાં તેના રાજયદ્વારી પ્રશ્ન ચર્ચનારૂં "મુસ્લીમ લીગ" પણ તેમને માટે ખરૂંજ અને ધર્મના સંરક્ષણ માટે ખિલાફત કમિટી પણ ખરી; માત્ર હિંદુઓનુંજ મોટું પણ વસ્તુતઃ ખોટું, જાતિ અભિમાન વિનાનું હૃદય થઇ ગયું છે કે તેઓને પોતાના ધર્મની રક્ષાર્થે કાંઇ કરવાનું સૂઝતું નથી. ધારાસભા કે મ્યુનિસિપાલિટી વિગેરે સંસ્થાઓમાં મુસલમાનોના અમુક પ્રતિનિધિ તો જાયજ પણ નાન મોહમેડન

એટલે કે હિંદુઓ તરફથી હિંદુ, ખ્રિસ્તી, પારસી ગમે તે જઈ શકે છે.

અસહકારદ્વારા સ્વરાજ્યની પ્રાપ્તિ ભલે થાય. અમો પણ અસહકારીજ છીએ તે એવા કે ગાંધીજી કદિ મૂકી દે તોપણ શક્તિ અનુસાર કોઈનો ભય રાખ્યા સિવાય કામ કર્યા કરીશું; પરંતુ એટલું ન ભૂલાવું જોઈએ કે ધર્મ છે તો દેશ અને દુનિયા છે. ધર્મભ્રષ્ટ પ્રજા સ્વરાજ્યની કે આલોક પરલોકના સુખની ઝાંખી કરી શકતી નથી. ઇજીપ્ત, રોમ, મેસીડોનીયા એક વખત ઉન્નતિના શિખરે પહોંચેલા દેશો હતા, પરંતુ તેમનામાં ધર્મનું તત્ત્વ નહિ હોવાથી તેઓ અત્યારે હતા નહતા થઇ ગયા છે, જયારે હિંદ ઉપર વિદેશીઓના હજારો હુમલાઓ થયા છતાં પણ વર્ણાશ્રમ ધર્મથીજ અદ્યાપિ ટકી રહ્યું છે. આ દેશમાં ગાંધી, પટેલ જેવા અનેક સુધારકો થઇ ગયા પણ તેમનું કાંઇ વળ્યું નથી અને સત્ય સનાતન ધર્મ જેમનો તેમ અવિચળ છે. માટે હિંદુ ભાઇઓને વિનંતિ છે કે સ્વરાજ્યની ઘેલછામાં પ્રમત્ત થઇ ધર્મ ન ગુમાવવો પણ સ્વધર્મ પરાયણ રહી ખુશીથી સ્વરાજ્ય માટે યોગ્ય દિશામાં ચળવળ કરવી.

સામાન્ય માણસ ખોટું બોલે અથવા વગર વિચાર્યું બોલે તો તેને આપણે ગાંડો કહી હસી કાઢીએ છીએ; પણ ગાંધીજી જેવા હડહડતું જૂઠું બોલે, ઋષિ મુનિઓ કે જેણે તત્ત્વજ્ઞાન અને યોગવિદ્યાથી ભૂત ભવિષ્ય અને વર્તમાનનો વિચાર કરી લોકોના કલ્યાણાર્થે ધર્મશાસ્ત્રો રચ્યા છે તેમને પણ ગાંધીજી શયતાનીયત ભરેલા કહે અને તે હિંદુઓ સાંખી રહે ત્યારે અમોને

આશ્ચર્ય લાગે છે. કલકત્તાના અંગ્રેજી પત્ર સ્ટેઈટ્સમેને તિલક મહારાજને માટે સેતાન શબ્દ વાપર્યો હતો તેમાં આખો બંગાળ ખળભળી ઉઠયો અને તેનો સદંતર બહિષ્કાર કરી દીધો; ત્યારે ઋષિમુનિઓ તો તિલક મહારાજ કરતાં હજારગણા શ્રેષ્ટ કોટિએ લેખાય છતાં તેમના વિષે ગમે તેમ બોલાય અને લખાય તોપણ હિંદુઓ કેમ શૂન્ય હ્રદયના થઇ સાંભળી રહ્યા છે ? કેટલાક નાદાન અને મૂર્ખ માણસો ગાંધીજીની સંફમાં ઘુસી હમણાના ધર્મગુરૂઓ ઉપર અનેક પ્રકારની બિભત્સ ટીકા અને ચિત્રો પ્રકટ કરે છે તથા અવિચારી લખાણો બહાર પાડે છે તોપણ ધર્મગુરૂઓ કેમ ઘોર નિદ્રામાં પડયા છે ! ચાળીશ લાખને બદલે સાત કરોડ અંત્યજની તદ્દન બેહુદી ગપ હાંકી ગાંધીજી સ્પર્શાસ્પર્શની હિમાયત કરે અને પટેલ જેવા વર્ણાશ્રમ ધર્મને છિન્નભિન્ન કરવાનો કુટિલ માર્ગ લોકોને બતાવે ત્યારે ધર્માચાર્યોને કે જાતિ અને ધર્માભિમાની હિંદુઓને કેમ ભોગ ભોગવવામાં, પ્રમાદમાં કે કાયરતામાં પડયા રહેવાનું પસંદ પડે છે ?

અમારી ધર્માચાર્યોને તથા ધર્માભિમાની હિંદુ ભાઇઓને વિનંતિ છે કે તેઓએ પોતાના આદ્ય મહાપુરૂષનું સ્મરણ કરી ધર્મ રક્ષણાર્થે કટિબદ્ધ થવું અને ગાંધીજી તથા પટેલ જેવા સુધારકોને પણ નમ્ર સૂચન છે કે જો તમો સાચી દેશ સેવા કરવા ઇચ્છતા હો તો વિદેશીઓએ હિંદુ ધર્મ વિષે જે ભ્રમજાળ પાથરેલી છે તે ત્યાગી, જાતિ અને ધર્મના પ્રશ્નોને ન છંછેડતા જેમ જાતિ અને ધર્મના લોકો વચ્ચે સાચું હ્રદયનું ઐકય થાય તેમ કાર્ય કરો કે જેથી દેશના એકત્ર બળથી આપણો વિજય થઇ શકે.

હવે સામાન્ય જનસમૂહનું લક્ષ એક વાત તરફ ખેંચવા માગું છું અને તે એ કે કોંગ્રેસની આજ્ઞા પ્રથમ આપણે સૌ બંધનકારક લેખતા હતા પરંતુ જયારથી તેને ગાંધીજીનો સંસર્ગ થયો છે ત્યારથી તેમાં સદસદ્ વિવેક બુદ્ધિ અને અંતઃકરણનો અવાજ દાખલ થયેલો છે. અને તે સાથેજ કોંગ્રેસને તેઓએ રાજદ્વારી વિષયમાંથી સાંસારિક અને ધાર્મિક વિષયમાં અને તે પણ માત્ર હિંદુઓનાજ વિરૂદ્ધ વાળી છે. જયાં સુધી ગાંધીજીની ઇચ્છા અનુસાર કોંગ્રેસનો ઉદ્દેશ થયો નહતો ત્યાં સુધી અંતઃકરણ પ્રમાણે વર્તવાનું લોકોને કહેવામાં આવતું હતું અને હવે જયારે પોતે અને કોંગ્રેસ એકરૂપ થયા છે ત્યારે કોંગ્રેસની આજ્ઞાને અનુસરવાનું કહેવામાં આવે છે. અમારૂં દેશબંધુઓને પણ કહેવુંએ છે કે તમો પણ પોતાનું અંતઃકરણ પાસે રાખજો, વેચી નાંખી ધર્મભ્રષ્ટ ના થશો. રાજયદ્વારી વિષયમાં કોંગ્રેસને માન આપી સાંસારિક અને ધાર્મિક વિષયમાં તો ધર્મશાસ્ત્રોને અને વડિલોનેજ અનુસરજો.

**નારણજી પુરૂષોત્તમ સાંગાણી**
ઠે. ચાઇના બીલ્ડીંગ–ભીંડી બજાર,
મુંબાઈ. સંવત ૧૯૭૭ પોષ વદિ ૩ ગુરૂવાર.

# કોંગ્રેસ અને હાલના નેતાઓ.

**यद्यदाचरति श्रेष्ठ स्तत्तदेवेतरो जनः ।**
**सयत्प्रमाणं कुरुते लोकस्तदनु वर्तते ॥**

દેશમાં જો કોઇ સર્વવ્યાપી લોક પ્રતિનિધિત્વવાળી સંસ્થા હોય તો તે માત્ર એક ઇન્ડિઅન નેશનલ કોંગ્રેસ–રાષ્ટ્રીય મહાસભા છે. દેશમાં નાની મોટી અનેક સંસ્થાઓ છે પરંતુ તેમાં ઘણી ખરી જાતિ, ધર્મ, સમાજ, ઉદ્યોગ વ્યાપારાદિને લગતી છે. કેવળ રાજદ્વારી પ્રશ્ન ચર્ચનારી સર્વ સાધારણ પ્રજાઃ હિંદુ, મુસલમાન, પારસી, ખ્રિસ્તી, યાહુદી વગેરેને માટે કોંગ્રેસની સ્થાપના સન ૧૮૮૬ માં ગણ્યાગાંઠયા દેશભક્તોએ અતિ વિકટ સંજોગો વચ્ચે કરી આજ પર્યંત તેને પાળી પોષી બળવાન બનાવતા આવ્યા છે. આ સંસ્થામાં કોઇપણ કોમ, જાતિ કે ધર્મને લગતો પ્રશ્ન ચર્ચી કોઇના હૃદયને દુઃખ ઉત્પન્ન ન કરાય માટે તે પ્રથમથીજ ત્યજી દેવાયું છે. મનુષ્યની બુદ્ધિ ગમે તેમ તો પણ અલ્પ છે. સહવાસ, આફત, લાલચ, મોહને લઇ તેનામાં ફેરફાર થતાં વાર લાગતી નથી; તેથી શાણા માણસો જોખમી કામ સત્ પુરૂષોની સલાહ લઇનેજ કરે છે. પંચને પરમેશ્વર તુલ્ય માનવાની મતલબ પણ એજ છે કે વિદ્વાન્ ગંભીર વયોવૃદ્ધ પુરૂષોની પાકી બુદ્ધિથી જે કાર્યનો આરંભ થાય કે સલાહ મળે તેમાં પાછા પડવા જેવું ન રહે. કોંગ્રેસમાં પણ આજ સુધી એજ ધોરણે કામકાજ ચાલતું હતું; પરંતુ ગાંધીજીએ તેમાં પ્રવેશ કરી આસમાની

સુલતાની કરી મૂકી કોંગ્રેસના જેટલા જૂના પ્રખર બુદ્ધિના નેતા હતા તેનું કહેવું ન સાંભળતાં–તેઓની અવગણના કરાવી, સમસ્ત લગામ પોતાના હાથમાં લીધી છે. હું કરૂં એટલુંજ થાય, હું કહું એજ સાચું, હું કહું એટલુંજ કરવામાં તમારૂં હિત જળવાય; બાકી બધા બીકણ સ્વાર્થી આદિ કહી ભોળા આવેશી લોકોને બહેકાવી માર્યા છે. તે એટલે સૂધી કે ગાંધીથી વિરૂદ્ધ મતવાળાને બોલવાનું સ્થાન પણ રહેવા દીધું નથી. જગદીશ શ્રીકૃષ્ણ પરમાત્માને કૃષ્ણે આમ કર્યું અને તેમ કહ્યું એમ કહી શકાય; મહર્ષિ વસિષ્ઠ, યાજ્ઞવલ્ક્ય જેવા આત્મજ્ઞાની, ઐશ્વર્ય સંપન્ન પુરૂષોને ખાલી નામ પોકારી બોલાવી શકાય; પરંતુ જો કોઈ બાબુ દાસ કે ઝીણા જેવા આગેવાન ગાંધીને મી. ગાંધી કહી સભામાં સંબોધે તો તેનો તિરસ્કાર કરી બળાત્કારે તેઓ પાસે મૂર્ખ લોકો મહાત્મા શબ્દ બોલાવે, અને એને ગાંધીજી મૃદુ હાસ્ય કરીને ઉત્તેજન આપે એ ગાંધી શાહી જુલ્મ–પ્રેસ એકટ કે રોલેટ એકટ કરતાં બીજો વિશેષ જુલ્મી કાયદો શો હોઇ શકે ! કપડું ખાંડ સાકર દવા અને બીજી તમામ પરદેશી બનાવટની વસ્તુ વાપરનારા માણસો જો તેઓ ઘેર જઈ ખાનગીમાં ગમે તે પહેરે ખાય કે વર્તે–ખૂદ તેનો પોતાનો છોકરો સુદ્ધાં વિરૂદ્ધ વર્તે તેનું કાંઇ નહિ પરંતુ જાહેર સભામાં લોકોએ ખાદીની બગલા ટોપી અથવા કાંધીઆ કુડતું ઘાલીને આવવુંજ જોઇએ, અન્યથા તે દેશદ્રોહી ઠરી તેને સભામાં પ્રવેશ કરવા કે બેસવા બોલવા મત આપવાની છૂટ ન મળે, એના કરતાં બીજો વિશેષ દંભ કે સ્વપૂજાના સંપ્રદાયમાં ખેંચવાની યુક્તિ શી હોઈ શકે !

કોંગ્રેસમાં ભાઈસાહેબના પનોતા પગલા થયા પછી દશ રૂપિયા ભરી મત આપવાનો તથા ઉલટથી ભાગ લેવાનો સર્વ સાધારણ પ્રજાને અધિકાર હતો તે પણ તેણે કોંગ્રેસની ક્રીડમાં ફેરફાર કરાવી ખુંચવી લીધો. ગામ શહેર કે પ્રાંત જીલ્લામાં જે તેના મતવાળી વ્યક્તિઓ ચૂંટાઈ કામ કરતી હોય તેજ હવે પ્રતિનિધિ તરીકે ભાગ લઇ શકે એવો નિયમ બનાવી સ્વતંત્ર લોકમતને તેણે છૂંદી નાંખ્યો છે. લોકોને તો કેવળ પ્રદર્શનના બાવલા કિંવા ભોગ લેવા આપવાના જ હથિયાર બનાવી દીધા છે. આમ થવાથી કોંગ્રેસની પવિત્રતા અને પ્રતિષ્ઠા જે લોકોના હૃદયમાં તથા સરકાર દરબારમાં હતી તે નષ્ટ થઇ ગઇ છે ને કોંગ્રેસના હેતુ હતા તે શત્રુ બન્યા છે. સરકાર કોંગ્રેસના ઠરાવને લક્ષમાં લઇ કાંઈક ભય પામતી અને છૂટ મૂકતી તે માંહોમાંહની ફાટફુટ તથા અહિંસા રેંટીઓ ખાદી ઢેઢ સ્પર્શાદિનું બળવાન શસ્ત્ર ( પાવૈયાની ટોળીના જેવું ) જોઈ નિર્ભય થઈ ગઇ છે અર્થાત્ તકનો લાભ લઇ સરકારે એવી તો સજ્જડ સત્તા જમાવી, ચળવળીઆઓને વીણી વીણી ઉપાડયા છે કે “ ન ભૂતો ન ભવિષ્યતિ ” જેવું કરી મૂકયું છે. દીકરો લેવા જતાં ઉલટો દાઢીઆળો ખોઇ બેસવા જેવું કરી દીધું. સ્વરાજ્ય લેવા જતાં સત્યાનાશ વળી ગયું. ઢેઢ ભંગીથી અધર્મ, કાઉન્સિલ બૉયકોટથી બેહદ કર અને સખ્ત કાયદા, સ્કૂલ છોડાવવાથી પિતાપુત્ર ભાઇ ભાઇ વચ્ચે ઝગડા અને અજ્ઞાનતા તથા ખાદી રેંટીઆ પ્રચારી, કપડાં બળાવી વિશેપ બેકારી અને વેપાર ધંધાની દુર્દશા અત્યંત પ્રમાણમાં વધારી મૂકી છે.

આવી સ્થિતિએ ન પહોંચાય એ માટે શું કોઇએ યત્ન કર્યો નહોતો ? શું આખો દેશ ગમાર હતો ! શું તમામ દેશભક્તોની

બુદ્ધિ નાશ પામી હતી ? નહિ, યત્ન તો દાસ, પાલ, કેલકર, માલવિયાજી વગેરેએ ઘણો કર્યો હતો પરંતુ કોઇનું કાંઈ વળ્યું નહિ. ઢીલા મનના દેશભકતો ગાંધીરૂપી ઉગ્ર પ્રવાહની સામે પડી પાર જવાની હિંમત ધરી શકયા નહિ. કોઈ રડયા ખડયાએ સાહસ કર્યું તેનું કાંઈ ઉપજયું નહિ. શ્રીયુત દાદાસાહેબ ખાપર્ડે જેવા ચુસ્ત દેશભકત કે જે પ્રખર વય અને બુદ્ધિના પુરૂષ છે તે કાઉન્સિલમાં મેંબર તરીકે જતાં ગમાર લોકોએ તેને એટલો તો નિંદનીય ત્રાસ આપ્યો છે કે તેનાં કપડા ધોવા ધોબીને અને હજામત કરવા હજામને પણ તેની પાસે જવા નહોતા દીધા. અરે ! આકોલામાં કેટલાક ગુજરાતી કાઠિયાવાડી ગાડરીઆ છે તેણે તો મુસલમાનોને ચડાવી બિચારા એક જમીનદારની જાગીર અને એક સહકારીના લગ્ન સુદ્ધાં રદ કરાવવાની અધમતા આદરી હતી. દેશભકત બીપીનચંદ્રપાલ, ઝીણા, સત્યમૂર્તિએ ગાંધી વિરૂદ્ધ મત દર્શાવ્યો એટલે તેઓને તિરસ્કાર ખમી ઘેર બેસવું પડયું હતું. દાસ, પટેલ, કેલકર જેવા દેશસેવકોએ વિચાર્યું કે વિરોધ કરશું તો લોકો ગાંઠશે નહિ, ઉલટા સ્વાર્થી દેશદ્રોહી કહી તિરસ્કાર કરશે. જો છાનામાના બેસીશું તો બીકણ ઠરીશું અને ભવિષ્યમાં તેનું જોર બહુ વધી જતાં લગામ હાથમાં લઇ કામ કરવા ઇચ્છીશું તો લોકો અવિશ્વાસ ધરી કરવા નહિ દે. વળી આજ સૂધી અલ્પ મતવાળા મોડરેટોને જે કારણો આપણે આપતાં તે આપણનેજ લાગુ પડશે. મોડરેટો ગણ્યા ગાંઠયા હોવાથી કોંગ્રેસમાં તેઓનું કાંઈ ઉપજતું નહિ ( નહિ ઉપજવાનું કારણ સદાકાળ સરકાર ખુશ રહે, કૃપાળુ રહે તેનું મન કોઈ રીતે ન દુઃખાય તેવી રીતે તેઓ વર્તતા એટલે

લોકો તેઓનું સાંભળતા નહિ) તેથી તેઓ કોંગ્રેસને નિંદતા એટલે લોકો તેઓને ખુશામતીઆ કહેતા. આપણે મોડરેટોને કહેતા હતા કે જો તમારે તમારૂં ધાર્યું દેશ પાસે કરાવવું હોય તો તમો શા માટે તમારી મેજોરીટી કરતા નથી? "મુજ વીતી તુંજ વીતશે ધીરી બાપુડીઆ" એ કહેતી પ્રમાણે આપણે કોંગ્રેસના અલ્પમતીવાળાને જે શબ્દો કહેતા હતા તે હવે આપણે માટે કહેવાશે; માટે હાલ તુરત તો મનના ભાવ અગસ્ત્ય ઋષિની માફક મનમાં સમાવી ચળવળ ચલાવે રાખવી. આ રીતે ચળવળ આગળ ધપી. ચળવળ ચાલતી હતી છતાં લાગ મધ્યે વિરોધતા–મતભેદ ઉભો થતો રહેતો હતો. બારડોલીમાં રાત્રિની છેલ્લી ઘડી સુધી ગાંધીજીએ સત્યાગ્રહનો હુમલો કરવા વિશે વાઇસરોયને ચેલેંજ પર ચેલેંજ મોકલાવી અને સવારે તેણે જાદુગરની રમતની માફક બધુંય સમેટી લીધું. ચૌરાચૌરીના હુલ્લડનું બહાનું બતાવી દેશને સ્વરાજયને માટે નાલાયક ઠરાવી ગાંધી મહારાજ નથી રમતા કરી બેસી ગયા. આ પીછેહઠનો કાંઈ પ્રથમ બનાવ નથી, આવા બનાવ–અણીને વખતે દેશને ધોખા દઇ ખાડામાં ઉતારવાના તો એ મહાતમાના હાથે કઈક બની ચૂકયા છે, જેની બેભાન લોકોનેજ ભાન નથી. એ વિષે જે લેખ આ બનાવ બનવા અગાઉ આઠ માસ પૂર્વે એટલે તા. ૨૧–૫–૨૪ ના "ગાંધીશાહીની પૂર્ણાહુતિ" એ મથાળા હેઠળ 'મહાજયોતિ' વગેરે પત્રોમાં પ્રસિદ્ધ કરી લોકોને સાવધાન કરવામાં આવ્યા હતા તે આ પ્રમાણે છેઃ—

બ્રહ્માથી કીટ પર્યન્ત સમગ્ર પ્રાણી સ્થાવર જંગમને માટે કાળ નિર્માણ થયેલ છે. સૂર્ય અમુક સમય સુધી તપી અસ્ત

પામે છે. સિંહ અમુક સૂધી વનરાજપણું ભોગવી લય પામે છે. રાજા કે સાધારણ મનુષ્ય અમુક સમય સૂધી સંપત્તિ ઐશ્વર્ય માન ભોગવી પંચતત્ત્વમાં મળી જાય છે. રાવણ મહા સમર્થ રાજાધિરાજ હતો. તેની આણ સ્વર્ગ મૃત્યુ અને પાતાળ ત્રણેપર વર્તાતી. અતુલ બળ, અલૌકિક બુદ્ધિમત્તા, વેદશાસ્ત્રાદિનું સંપૂર્ણ જ્ઞાન અને ઉગ્ર તપશ્ચર્યા તેનામાં હતી છતાં તે અહંભાવથી પતન પામ્યો હતો તો બીજાની શી ગતિ !

જયારથી ભારતવર્ષ અગાધ ધર્મ અને સાધન સંપત્તિથી વિહીન થયો છે ત્યારથી સુખ સ્વતંત્રતા સહાય માટે વિવિધ દિશામાં ફાંફાં મારે છે. જે કોઇ ચમત્કાર બતાવે છે તેના તરફ પ્રજા તત્કાળ મોહી પડે છે. બુદ્ધ જૈન ચાર્વાકાદિએ પ્રથમ ચમત્કાર બતાવ્યો બાદ મુસલમાન ક્રિશ્ચિઆનિટી બ્રહ્મોસમાજ આર્યસમાજ વગેરેએ દેખાવ દીધો પણ શ્રીમદ્ આદ્ય શંકરાચાર્ય, મહારાણા પ્રતાપ અને સ્વામી વિવેકાનંદે ધર્મની–લોકોની રક્ષા કરી વિરોધીઓને ઝાંખા પાડયા.

સ્વ. લોકમાન્ય તિલક ધર્મશાસ્ત્રના જ્ઞાતા અને વિચક્ષણ રાજદ્વારી કુનેહવાળા પુરૂષ હતા. તેમણે સ્વરાજયની પ્રચંડ હીલચાલ ચલાવી દેશને જાગૃત કર્યો પણ દુર્દૈવે સ્વરાજયરૂપી ફળ પ્રાપ્ત થવાની અણી ઉપર હતું તેવામાં તેઓ સ્વર્ગસ્થ થઇ ગયા. દેશ તો દરિદ્રતા અને અપમાનની પીડાથી રીબાતો હતો તથા યુરોપ અમેરિકા જાપાનાદિ દેશની પ્રજા પોતપોતાના હક્કો ભોગવતી હોવાનું અને માત્ર હિંદનીજ પ્રજા તેથી વંચિત હોવાનું લોકોને જ્ઞાન હતું એટલે સ્વરાજય માટે લોકો વિશેષ વ્યાકુળ બન્યા હતા. માત્ર

આગેવાનનીજ રાહ હતી કે તે ખાલી પડેલી જગ્યા કોઇ સંભાળે. અત્યારે લોકો ભાગ્યેજ આગેવાનના ગુણ દોષ જુવે છે. રાજદ્વારી ક્ષેત્રમાં ઝગુમનાર પુરૂષ અંદરખાને ભલે દુરાચારી અને દંભી હોય, સુ(ક્રુ) ધારક હોય, જાસુસ તરીકે કામ કરનાર હોય, ધર્મહીન ઢેઢો હોય, નાદાન અને વાહીઆત વાતો કરનારો હોય, કાર્ય હાથ ધરી અડધે રસ્તેથી પડતું મૂકી દગો દેનારો હોય તોપણ જો તેનામાં સત્તાવાળાઓ સામે શબ્દો ફેંકવાની અને લોકોને એક વર્ષની અંદર સ્વરાજ્ય અપાવી દેવાની લાલચમાં લોભાવી મનોબળ વડે કામ લેવાની તાકાત્ હોય તો તેને હિંદના ભોળા કુમળા અને ધર્મના સંસ્કાર રહિત હૃદયના સ્વરાજ્ય પાછળ ગાંડા બનેલા લોકો મહાત્મા કે અવતારી કહી પૂજે તેમ છે.

રા. મોહનદાસ કરમચંદ ગાંધી માટે પણ તેમજ બન્યું છે. તે ભાઇ આફ્રિકા જેવા જંગલી પ્રદેશમાં ઘણા વર્ષ રહી ટપલા ખાઇ ઉંધુવાળી હિંદ આવ્યા. પ્રથમ તેમણે ગોખલેજીને ગુરૂપદ આપી વિદ્યાર્થી તરીકે સમય ગાળ્યો બાદ એકાએક મહાતમા થઇ ગયા. દૂધ ખાવું એ માંસાહાર છે, સ્વપત્નીને માતા ગણી વ્યવહાર ન કરવો, વેપાર હુન્નર વિજ્ઞાન સાહિત્ય યંત્ર કળા રેલ્વે તાર મોટર વૈદ્ય ડોકટર વકીલ વગેરેનો ઉપયોગ ( એ બધાનો ઉપયોગ પોતે કરે તે માટે બાધ નહિ ) પણ દેશના લોકોએ ન કરવો; કારણ કે તેણે જગતનું સુખ હરી લીધું છે તેથી તેનો નાશ થવો જોઇએ, માત્ર વણાટકામ શ્રેષ્ટ છે તેથી તેનો પ્રચાર કરવો જોઇએ, અને હથિયાર પકડી શકાય નહિ કારણકે તેથી અહિંસાનો ભંગ થાય છે વગેરે બોલવું તે તેની શરૂઆતની કારકીર્દિ હતી

પરંતુ પાછળથી લોકમાન્ય જતાં સિંહને સ્થાને તેનું ચામડું ઓઢી જેમ ગધેડો બેસી જાય અને બેસુરા સુર કાઢવા માંડે તેમ ગાંધીજીએ સ્વરાજ્ય એક વર્ષમાં અપાવી દઉં, રોલેટ એક્ટ હમણાંજ રદ કરાવી દઉં, રાવણી–સેતાની રાજ્યનો નાશ કરી રામ રાજ્ય સ્થાપી દઉં પણ જો તમો મારા કહેવા પ્રમાણે વર્તી સત્યાગ્રહમાં–અસહકારમાં જોડાવતો. જો તમો દ્રવ્યની અને સાધનની સહાયતા આપોતો. ભોળા વિશ્વાસુ અને લાલચુ લોકોએ તેમ કર્યું પણ કહેવાતો મહાત્મા–મહાતમા થઇ બેઠો. તેણે પંજાબ જવાનું માંડી વાળી, લોકોના અદ્‌ભુત જુસ્સાને અભિનંદન અર્પી દ્વિગુણીત કરવાને બદલે તમો તોફાનીઓએ મુંબઈમાં ટ્રામોનો વ્યવહાર અટકાવી ભાંગ ફોડ કરી, અમદાવાદમાં ઓફિસો સળગાવી અને પંજાબમાં બેચાર ગોરાના ખુન કર્યા તેથી તમો સ્વરાજ્ય માટે નાલાયક છો, પાપી છો, તોફાની છો. તમોએ મને શીદ ખંજર લઇ ન માર્યું? આવું અધમ કામ પદ્ધતિસર થવામાં કેળવાયલાઓનોજ હાથ છે, તેથીજ તે બન્યું છે. હું તો હવે તમારી સામેજ અસહકાર–સત્યાગ્રહ કરીશ. અધિકારીઓએ તમારા પર જુલમ ગુજાર્યો એ વાસ્તવિક છે, એ જુલમમાંથી ઉગરવા સારૂ તેઓ ઇન્ડેમ્નિટી બીલ પસાર કરે છે તેને મારો ટેકો છે. તમો પ્રાયશ્ચિત્ત લ્યો. હથિયાર અને દંડ આપી સરકારને શરણે જાવ. તે જે શિક્ષા ફરમાવે તે ખુશીથી સહન કરો. હવે હું સત્યાગ્રહ બંધ કરૂં છું વગેરે.

આ વખતે વિચારશીલ અને સાથે કામ કરનારાઓના મન ગાંધીજી ઉપર બહુજ નાખુશ થયા. કેટલાકે તો તેને પ્રત્યક્ષમાં

મૂર્ખ જાસુસ અને દેશદ્રોહી છો એમ સુદ્ધાં સ્પષ્ટ સંભળાવી દીધું. એવામાં ખિલાફતનો પ્રશ્ન ઉપસ્થિત થયો. તેની દેશમાં જરાય અપેક્ષા ન હતી પણ ગાંધીજીએ અજનું ગજ કરી મૂકી ગાંડાની માફક દેશના એક છેડેથી બીજે છેડે ધુમધામ અને દોડાદોડી કરવા માંડી. દૂરના લોકોને તેઓ આફ્રિકા હતા ત્યારનું માન હતું એટલે તેના બોલવાની અસર થઇ અને લોકો ઉશ્કેરાઇ બેઠા થયા. ખિલાફતનો ફડચો લાવવા માટે નવી ધારાસભા કે જે ઘણા વર્ષના લડતની પરિણામે લોકોની બહુમતીવાળી થઈ છે અને થોડા ઘણા હક્ક પણ મળ્યા છે તેનો બહિષ્કાર કરી, સરકારી શાળા કોલેજો કે જે લોકોના પૈસાથીજ ચાલે છે તેનો ત્યાગ કરો, વકીલાત છોડો; પણ છોડી કરવું શું ! માત્ર રપીંજી રેંટીઓ આઠ કલાક કાંતી ખાસા આઠ પૈસા મેળવો અને ઢેઢ–ચંડાળને અડકી, પ્રેમથી ભેટી બની શકે તો તેનું ( ભંગીનું ) કામ કરો; કારણકે તે પવિત્ર અને જગત ઉપકારી જાતિ છે.

ગાંધીજી કહે છે કે કેફ ઘણી જાતના છે. કોઇને દારૂ અફીણ ગાંજો બીડી ચા નાટક વગેરેનું સેવન કરવાથી કેફ ચડે છે, તેમ તે કહે છે કે રેંટીઓ કાંતવાથી પણ કેફ ચડે છે. તેથી સમજાય છે કે ગાંધીજીને ઢેઢને અડકવાનો અને રેંટીઓ કંતાવવાનો કેફ-નિસ્સો ચડયો છે. આ નિસ્સાના રંગમાં તેની બુદ્ધિ એટલી તો ભ્રમિત થઇ ગઇ છે કે તેના મતને અનુકૂળ નહિ થનારા વેદ સ્મૃતિ પુરાણાદિ ધર્મશાસ્ત્રોને તથા તેના રચનાર સ્વયં પરમાત્મા અને ત્રિકાળ જ્ઞાની ઋષિ મુનિ આચાર્યોને તથા બ્રાહ્મણોને સેતાની પાખંડી સ્વાર્થી કહી વગોવે છે અને ધર્મશાસ્ત્રો

નવા રચાવવાની હિમાયત કરે છે. વેપાર ઉદ્યોગ મીલ કારખાના વગેરે તથા વિદ્યા શીખવનાર શાળા પાઠશાળા કોલેજોનો નાશ કરાવવાની ભલામણ કરે છે અને તમામને રેંટીઓ કાંતવાનો આગ્રહ કરે છે.

આથી પરિણામ એ આવ્યું છે કે કાચી બુદ્ધિના નાદાન છોકરાઓ કે જેને માબાપે સર્વસ્વ ખર્ચી ઉંચી આશાએ ભણાવ્યા પરણાવ્યા હોય અને જેનાપર તેમની જીવનદોરી હોય તેને ઉશ્કેરી મુકયા છે. છોકરાઓ વિદ્યાલયો ખાલી કરી માબાપ ભાઇ સાથે ટંટો કરી કેદીની માફક સફેદ ટોપી અને પેરણ ઘાલી અહીં તહીં રખડવા લાગ્યા છે. વેપાર ધંધો કમી થવાથી વેપારીઓ નોકરીઆતો અને સર્વ સાધારણ પ્રજા આજીવિકાના સાધન વિના પીડાવા લાગીછે. કોંગ્રેસનો કબજો પોતાના હાથમાં લઈ ખરા દેશભક્તોને ધારાસભામાં જતાં અટકાવ્યા એટલે ઘણા ખુશામતીઆ અને બિન અનુભવી ઘુસી ગયા છે અને સરકાર જે કાંઇ નવા કર નાખવા કે સખ્તાઇના કાયદા પસાર કરવા ઇચ્છે છે તેને તેઓ ટેકો આપી રહ્યા છે. અંગ્રેજ અથવા હરકોઈ સત્તાવાળા પાસેથી ગયેલી વસ્તુ જેને પાછી મેળવવી છે તે લડત ચલાવવામાં ગમે તેટલી સાવધાની રખાય તો પણ Violence ધાંધલ થયા વિના રહેજ નહિ એ કુદરતી નિયમ છે પરંતુ કુદરતનો પણ માલિક થવા ઇચ્છનાર મહાતમા Nonviolence–તોફાન વિનાની ચળવળ ચલાવી વિજય પ્રાપ્ત કરવા માગે છે; એ કેટલું ભૂલ ભરેલું છે એમ સિદ્ધ થવા માટેજ અકસ્માતિક તોફાનો થવા માંડયા છે, તેથી બિચારા નિર્દોષોની પકડાપકડી અને

જાપાતાના કાયદાઓ દેશમાં ઘણેખરે સ્થળે અસ્તિત્વમાં આવ્યા છે. દેશાભિમાની સમજુ પુરૂષો ખરી સલાહ આપવા આવ્યા તો તેઓનું અપમાન અને અવગણના થઇ એટલે તેઓ દેશસેવાનું કાર્ય કરતા અટકી ગયા. ટુંકામાં હિંદને ધર્મ સ્વરાજ્ય અને આબાદી અપાવવાને બદલે ગાંધીજીએ સખ્તાઇનું રાજ્ય દરિદ્રતા અને અધર્મનો પૂર જોસમાં ફેલાવો કરી મૂકયો છે.

સામાની કારકીર્દિનો અનુભવ થતાં બુદ્ધિમાન માણસ તુરત તેને પીછાણી લે છે. પણ અજ્ઞાન અને કાચી વયના માણસો લાંબી ગણતરી કરી શકતા નથી કે આ સલાહ આપનાર સાચી અને હિતકારી સલાહ આપે છે કે વિનાશ કરનારી! આ તે મિત્રની ગરજ સારે છે કે શત્રુની! લોકો તો ગાડરીઆ પ્રવાહની માફક જે આગળ ધસારો કરે છે તેની પાછળ દોડે છે. આજસુધી દુનિયામાં નથી બન્યું તે ગાંધીજી બનાવવા માગે છે અર્થાત્ ઇશ્વર કરતાં પોતાને વધુ શાણો માની તેના નિયમો ફેરવવા ચાહે છે પરંતુ તેને એટલું પણ ભાન નથી કે જગત્‌ના આદિથી તે આજ પર્યંત તેવા કઇક સ્વેચ્છાચારી ઉથલપાથલીઆ થઇ ગયા પણ દુનિયાને તેની કિંચિત માત્ર અસર થઈ નથી. મહા પ્રતાપી મહારાજા દશરથ શિવાજી મહારાજ અને લો. તિલક જેવા જ્ઞાની અને સત્તાધારી પુરૂષો પણ જે કોઇ કાર્ય કરતાં તેમાં તેઓ પ્રથમ ડાહ્યા અને આગેવાન પુરૂષોની સંમતિ લેતાં અને પછીજ કાર્યારંભ કરતા. કદાચ કોઇ કામમાં લોકોની સંમતિ ન મળી અને પોતાની તીવ્ર ઇચ્છા હોય તોય તે કાર્ય લોકમતને આધીન થઇ પડતું મૂકતા; પરંતુ ડોઢ ડાહ્યા ગાંધીજી રાવણ કરતાં લાખ કે કરોડમે

અંશે પણ પોતાનામાં શક્તિ કે બુદ્ધિ નહિ હોવા છતાં હું હું કરી કોઇને પૂછતાં નથી તેમ કોઇનું કહ્યું માનતા નથી અને તે કહે છે તેમ જેમ તેનું અંતઃકરણ કહે છે તે રીતે કર્યે જાય છે પરંતુ તેને (ગાંધીજીને) એટલો પણ વિચાર સૂઝતો નથી કે મારે અંતઃકરણ છે અને શું બીજાને નહિ હોય અથવા બીજાએ વેચી નાંખ્યાં હશે? બિચારા ઋષિ મુનિઓને હજારો વર્ષ તપ કરતા અને યોગ સાધતા મોક્ષ મેળવવો દુર્લભ લાગતો તે મોક્ષ માટે તો ગાંધીજી કહે છે કે મોક્ષ મારા હાથમાં છે, તે મને મળશે તોપણ મારે તે જોઇતો નથી. મારે તો ઢેઢ જાતિમાં અવતરી, તેના સુખદુઃખનો અનુભવ લઇ તેની સેવા કરવી છે. તમારે મને ઢેઢ કહીનેજ બોલાવવો. મેં ઢેઢની છોકરી દત્તક લીધી છે, (આ ઢેઢ અને રેંટીઆના કેફી માણસને એટલું પણ ભાન નથી કે વંશ રાખવાને માટે દીકરો ન હોય તો તે દત્તક લેવાની મર્યાદા છે પણ કયાંય દીકરી લેવાનું સાંભળ્યું છે?) મારે ત્યાં બ્રાહ્મણનો પુત્ર વેદશાસ્ત્ર ભણેલો છે તે પાયખાના સાફ કરવાનું કામ કરે છે અને તેમ કરતાં તેને જરાય સંકોચ પણ નથી થતો. (હશે તે કોઈ પૂર્વ જન્મનો ઢેઢો એટલે સંકોચ શાનો થાય!) મુસલમાન સાથે બેસી હું તેની ડબલ રોટી ખાઉં છું છતાં હું મને સનાતની ચુસ્ત હિંદુ વૈષ્ણવ માનું છું (અરે વાહરે કલજુગીઆ ચુસ્ત સનાતની વૈષ્ણવ! તમારી લાયકાત તો બ્રહ્માએ બીજા કોઈનામાં કયારેય મૂકી નહિ હોય! માત્ર તમે તે તમેજ છો.) હું બુદ્ધ અને જેસસની માફક અવતારી હોવાનો પણ દાવો કરી શકું છું જો કે મારામાં વખતે કાંઇક અપૂર્ણતા હશે પણ તે દૂર થઇ શકે તેવી છે વગેરે વિધાન

જાહેર ભાષણોમાં અને નવજીવનમાં તેઓ ઉપરાઉપરી કર્યેજ જાય છે. આવી હિંદુ જાતિ, ધર્મ તથા દેશનો ભયંકર રીતે નાશ કરનારી પ્રવૃત્તિથી ઘણાના દિલ દુઃખાય છે પણ તેઓ અપમાન થવાના ભયથી જાહેરમાં આવી બોલવાની કે પોતાને સત્ય ભાસતું હોય તેવી પદ્ધતિએ કાર્ય કરવાની હિંમત બતાવી શકતા નથી એ એક તેઓની મોટી અને ખરેખરી ખામી છે. ઘણા સમજુ માણસો તો તેના બારમા ( માસ ) ની રાહ જોઇ બેઠા છે કે આઠ ગયા અને ચાર બાકી છે તે પૂરા થશે એટલે તેણે જે ચળવળ કરી લોકોને બહેકાવી, શૂરતા વીરતા વિનાના કાયર નપુંસક જેવા બનાવી, ધર્મ વિરૂદ્ધ અવિચારી ઉપદેશ આપી નાસ્તિક અને ઉચ્છૃંખલ બનાવી, અનેકને પાયમાલ કરી જેલ અને મોતની શિક્ષાના ભોગ બનાવી તે તરફ પોતાનો સંતોષ દાખવી, સખ્તાઇના કાયદા અને નવા કર નખાવી, વિદ્યાર્થીઓનો અભ્યાસ છોડાવી, ધર્મશાસ્ત્રો અને ઋષિમુનિઓને નિંદી, ઢેઢાઓને અડકવાથી અને રેંટીઓ કાંતવાથી સુતરને તાંતણે સ્વરાજ્ય લટકાવેલું છે તે લઇ લેવાની મૂર્ખતા ભરી વાતો કરી અંધાધુંધી કરી મૂકી છે તેમાં આખરે તેનું કાંઇ વળનાર નથી, તે નાશીપાસ થશે. તેવા ઉપાયથી સ્વરાજ્ય કદિ પણ મળી શકેજ નહિ, પણ તેથી તો મળતું હોય તેય અટકી જાય અને પ્રજાનો ધ્વંસ થઇ જાય. આપણે અધીરાઈ ન કરીએ તો સમય પોતાની મેળે સત્ય પુરવાર કરશે અને ગાંધીશાહીની પૂર્ણાહુતિ થશે. અર્થાત્ વર્ષ પૂરૂં થતાં સ્વરાજ્ય ન મળ્યું તો અત્યારે તેની પાછળ અંધ અને મૂર્ખ બનેલા લોકોજ તેનો તિરસ્કાર

ફરી બહિષ્કાર કરશે. હવે કાંઇ લાંબુ ખોભરવાનું નથી માત્ર ચારજ માસ બાકી છે એટલે વાર્યો નહિ વળે તે હાર્યો વળી પોતાના મિથ્યા અભિમાન અને ગાંડપણનું ફળ–પાપ–પ્રાયશ્ચિત્ત પોતેજ ભોગવ્યે છૂટકો છે. કેટલાક તો વળી એમ પણ કહે છે કે ગાંધીજી એ કોઇ રાજદ્વારી પુરૂષ નથી પણ રાજદ્વારી વિષય લોકોને પ્રિય હોવાથી તેના નામે સંસાર સુ (કુ) ધારાની હિમાયત કરનારા નાસ્તિક છે; કારણ કે તે એક વખતે માંસાહાર પણ કરતા હતા અને સંસ્કૃત તથા ધર્મ શાસ્ત્રના જ્ઞાન વિના બાઇબલ શીખેલું હોવાથી ક્રિશ્ચિયન પણ થઇ જતા હતા. ઉપરાંત કેટલાક એમ પણ માને છે કે તે પૂર્વ જન્મમાં ઢેઢ હશે તે વખતે તેનું કોઇએ બગાડયું હશે તેથી તેનું વેર હિંદુ જાતિ અને હિંદ પર લેવા તેઓ જન્મેલ છે, જેમ પૂર્વકાળમાં શિખંડી ભીષ્મ પિતામહપર વેર લેવા જન્મ્યો હતો તેમ; માટે સર્વેએ તેનાથી સાવધાન રહેવાની જરૂર છે.

દેશજનો! જ્ઞાની પુરૂષોના કહેવા પ્રમાણે આ સમય કલિયુગનો છે. તેમાં પ્રપંચ ભેદ બહુ રમાશે તેથી સંભાળવાનું છે. મહાત્મા કે અવતારી પુરૂષની શક્તિ અને વાણી દિવ્ય હોય છે તે કાંઇ મિથ્યા બકવાદ, ભયંકર ભૂલો, ઘડી ઘડીમાં ફરી જવું કે સહાયની અપેક્ષા રાખનારા શ્રદ્ધાળું ગરીબો પાસેથી ઉલટું ધન હરતો નથી; પરંતુ સાચો મહાત્મા કે અવતારી તો ક્ષણ માત્રમાં સંકલ્પથી, દ્રષ્ટિપાતથી કે વચન ઉચ્ચારવાથી જગત્ આખાનો ઉદ્ધાર કરી શકે છે અને ક્રોધે ભરાય તો પળવારમાં નાશ પણ કરી શકે છે. ભોળા હિંદુઓએ એટલું પણ વિચાર-

વાનો અવકાશ લેવો જરૂરી છે કે હિંદમાં અથવા દુનિયાના કોઇ પણ દેશમાં ઇતિહાસ શું સાબિતી આપે છે? શું ઇતિહાસ એમ બતાવે છે કે ધર્મ છોડી ઢેઢને અડકી વર્ણસંકર થવાથી કોઇ પ્રજાને સિદ્ધિ મળી છે? શું ઇતિહાસ અથવા શિષ્ટ પુરૂષોએ ક્યાંય એમ દર્શાવેલું છે કે અમુક પ્રજા અમુક રાજ્યના અંકુશમાંથી રેંટીઓ કાંતી રૂસણું કરી ટપલા ખાઇને સ્વતંત્ર થવા પામી છે! અર્થાત્ ઇતિહાસ તો એમ ડિંડિમ વગાડીને કહે છે કે પોતાનું બળ સામર્થ્ય એકત્ર કરી લડત ચલાવ્યા વિના કે યુક્તિથી યુદ્ધ કર્યો વિના કદિપણ કોઇ પ્રજાને સ્વરાજ્ય કે સ્વતંત્રતા પ્રાપ્ત થયા નથી અને થવાના નથી. માટે પ્રજાએ કોઇ પ્રકારે ભૂલાવામાં ન પડતાં ધર્મના સંરક્ષણદ્વારા સાધન સંપન્ન બનતાં રહી યુક્તિથી સ્વતંત્રતાનો માર્ગ સિદ્ધ કરવો. ધર્મનું રક્ષણ અને પાલન એટલા માટે કે જેને ધર્મ સાધ્ય છે તેને આખું જગત કાબુમાં લેવું તૃણવત્ લાગે છે. ધર્મમાં અખુટ બળ બુદ્ધિ જ્ઞાન અને તપનું તેજ સમાયેલું છે, તેથી તેને ધારણ કરનારનો નિઃસંશય વિજય થાય છે.

યોગ્ય સમય આવ્યે કાળ તો તેનું કામ કરશે જ; પરંતુ પરમેશ્વરે આપણને મન બુદ્ધિ હૃદય અર્પણ કરેલ છે તેનો સદુપયોગ કરી–વિવેકબુદ્ધિથી સાર અસારને ઓળખી આજથીજ આપણે ચેતી જઇએ અને વાસ્તવિક શ્રેયના માર્ગે પ્રેરાઇએ તો તેટલોજ આપણને અને માતૃભૂમિને લાભ છે. ગાંધીજીને લોકોએ ફરજ પાડવી જોઇએ કે તમારા મગજમાં સેતાન ગાંડપણ અને ઢેઢનો વાસ છે તેથી તમો રાજદ્વારી રણક્ષેત્રમાંથી નીકળી જઇ પ્રાનની કૃપાવડે અમદાવાદમાં સાબરમતીને કિનારે તમોએ જે

સત્યાગ્રહાશ્રમ–પાગલખાનું બંધાવ્યું છે તેમાં બેસી તમારા ઘોર પાપ બદલ અનશન વ્રત લઇ હરિ સ્મરણ કરો. પણ જો તમારા પ્રારબ્ધમાં જપ તપ કે આત્મચિંતન કરવાનું ન સરજાયું હોય તો અને તમારાથી જો તે ન બની શકે તેમ હોય તો આજ સૂધી તમોએ જેની બહુ ભારે હિમાયત કરેલી છે તે નિરાધાર વૃદ્ધ અને વિધવાઓનું સાધન રેંટીઓ કાંતો. બાકી સ્વરાજ્ય મેળવવા માટે તો પ્રજાએ લોકમાન્ય તિલકનું તથા પૂર્વના પ્રતાપી પુરૂષોએ જે રીતિએ કાર્ય કરી વિજય પ્રાપ્ત કર્યો હોય તેઓનું અનુકરણ કરી માર્ગક્રમણ કરવું હિતકારી છે. અસ્તુ, પરમાત્મા સર્વને સદ્બુદ્ધિ અર્પી દેશનું વાસ્તવિક માર્ગે કલ્યાણ કરવા પ્રેરણા કરે એવી ઇચ્છાસહ વિરમું છું.

**નારણજી પુરૂષોતમ સાંગાણી.**

એ બધુંય કરવા છતાંય ભાવિ મિથ્યા થતું નથી. લાખ ઉપાય કરીએ, જાણીએ, નજરે જોઇએ છતાં ઇશ્વર તરફથી નિર્માણ થયેલ વસ્તુ ટાળી શકાતી નથી. જનમેજય રાજાએ વૈશંપાયન ઋષિનો બોધ સાંભળી ભાવિ નિવારણાર્થે અનેક યત્નો કર્યા હતા તોપણ બનનાર બન્યુંજ હતું: તદ્દવત અમે શું કે બીજા શું! પરંતુ મનુષ્ય તરીકે હરેક અલ્પજ્ઞ હોઇ સર્વેએ એ સર્વ શક્તિમાનની અદ્રશ્ય સત્તાને આધીન થવુંજ પડે છે.

બારડોલીના બનાવ પછી નેતાઓમાં મતભેદ તીવ્ર રીતે આગળ વધ્યો. ગાંધીજી અને રાષ્ટ્રીય એમ બે દળમાં આગેવાનો વહેંચાઇ ગયા. ગાંધીજીના દળમાં અજ્ઞાન લોકની માફક બુદ્ધિમાન નેતાઓ પણ પ્રથમ

ભળી ગયેલા એ ઘણાને અજાયબીની વાત લાગશે; પરંતુ તેમાં અજાયબ થવા જેવું જરાય નથી. કારણ કે હમણાના આગેવાનોમાં ઘણા-ખરાનું તીડને બેસવું અને ઝાડને પડવા જેવું છે, અથવા જેમ કોઇ અનુયાયી કે કોઇ છાપાવાળાનું બોલવું લખવું અને ગાંધીજીનું મહાત્મા થવું જેટલું સહેલું છે તેટલું જ આગેવાન થવામાં છે. ખાદીના કુડતું ટોપી ઘાલી અહિંસા તથા ઢેઢના પાઠ ગોખી ગાંધીજીની જય બોલાવી છાપામાં રૂપિયા એક લાખ ભરાયલા વંચાવાથી જેમ જમનાલાલ બજાજ કે જેને રાજદ્વારી વિષયની ગંધ પણ નહોતી તે શી રીતે દેશભક્ત લેખાયા ! મી. એસ. આર. બમનજીએ એક તરફથી હોમરૂલ લીગમાં મોટો ફાળો આપવાનું જાહેર કરી બીજી તરફ પોતે વેલેન્ટાઇન શિરોલ અને ગવર્નરને માનપત્ર આપવામાં સામેલ થયા હતા છતાં તે શી રીતે દેશનાયક લેખાયા ? બીજા પણ ગજના આંકાની ખબર વિનાના ઘણાય એવા છે કે જેઓ નોકરી કરવાથી, નિશાળમાં મહેતાજીપણું કરવાથી નામના બેરિસ્ટર થઈ નાટક લખી છાપાવાળાના તરજુમા કરવાથી કે શેર કુંપનીઓનો ધંધો કરવાથી ન ફાવ્યા એટલે જાહેર સભામાં ગાંધીના સિદ્ધાંતોને ટેકો આપી સરકારને બે ચાર આકરી ચોપડાવી એટલે તેવાને દેશભક્ત તરીકે લેખાતા કયાં વખત લાગે છે ? અને એ રીતે પ્રસિદ્ધ થયા પછી જેને પ્રથમ દેશી રાજયમાં જવાની હિમ્મત પણ નહોતી એવા ભાઇ મનસુખલાલ ગોળમટોળ બોલી લખી કયાં આજે છોટાં ગાંધી બનવાની ખાએશ નથી ધરાવતા ? ઘણા છાપાવાળાએ પણ તેજ માર્ગ ગ્રહણ કરી ધોકતી કમાણી કરી રહ્યા છે. 'ગુજરાતી' જેવા કોઇક રડયા ખડયા છાપાવાળાએ ગાંધી સામે વિરોધતા

દર્શાવી તો તે બાપડા હિંદ અને હિંદુ હિતૈષિ પત્રને કયાં ઓછું ખમવું પડયું છે? કેટલાક મૂર્ખ લોકોએ જાહેર સભામાં તેવા સ્વતંત્ર છાપાને બોયકોટ પણ કર્યું અને તેવા અવિચારી કૃત્યને લોકોમાં ફેલાવવા માટે કેટલાક બુદ્ધિહીન સ્વાર્થાંધ છાપાવાળાઓએ પોતાના છાપામાં છાપીને પ્રસિદ્ધિ પણ આપી.

સૃષ્ટિની ઉત્પત્તિથી લઇ અત્યાર સૂધીનો ઇતિહાસ તપાસવામાં આવે તો જે જે પુરૂષોએ, પ્રજાએ કે રાજાએ યુદ્ધમાં વિજય મેળવ્યો છે તે ધર્મ અને પરાક્રમથીજ મેળવ્યાનું પ્રમાણ મળે છે. ધર્મહીન કે બળ બુદ્ધિહીનનો કયાંય કોઇ સ્થળે વિજય થયો હોય એમ બન્યું નથી અને ભવિષ્યમાં બનવા સંભવ નથી. હમણાના કહેવાતા નેતાઓ વિજયની ચાવીરૂપ એ બેઉ ઉપયોગી તત્વનો નાશ કરી પોતાનો કે દેશનો જય જયકાર બોલાવવા ઇચ્છે છે તે કેવળ અસંભવિત છે. હમણાની લડતનું પરિણામ જોશું તો ઢેઢ સ્પર્શ અને શાસ્ત્રોને નિંદી વર્ણાશ્રમ ધર્મ વિરૂદ્ધ રોટી બેટી વ્યવહાર કરવાથી ધર્મનો ઘ્વંશ તથા અહિંસા, શાંતિ, રેંટીઓ, ખાદીની હિમાયતદ્વારા બળ બુદ્ધિનો નાશ થઇ રહ્યો છે એટલેજ આગેવાનોની નિષ્ફળતા થતાં દેશજનોનો સંહાર વળી ગયો છે.

# પત્રકારો અને વાંચકો.

જાહેર વર્તમાનપત્રના માલિક અથવા અધિપતિ તરીકેની ગંભીર જવાબદારી ગ્રહણ કર્યા પછી પત્ર-છાપાની નીતિ કેવી ચલાવવી ઘટે ! એ આજકાલના કેટલાક લેભાગુ તંત્રી મહાશયો ઘણું ઓછું સમજે છે. નહિ સમજવાનું કારણ, ઘણાખરા પત્રકારો સાહિત્યનું અને દેશની રીતિ નીતિ સાધન સામર્થ્યનું જ્ઞાન ધરાવતા નથી, કેટલાક કેવળ સ્વાર્થ સાધવાના હેતુથી લોકનાડ તપાસી ભાવતું ભાવતું લખી ગ્રાહકો સારા પ્રમાણમાં મેળવી પૈસો કમાવા ઇચ્છે છે, કેટલાક પત્રકારો ઇતર ધર્મ અને જાતિના હોઇ કાં તો પોતાના તરફ ખેંચે છે અથવા તો પ્રજા ધર્મ વિરૂદ્ધ આંદોલન કર્યા કરે છે; પરંતુ વાસ્તવિક રીતે પત્રકારોનો આ ધર્મ-માર્ગ નથી. પ્રથમ તો પત્રકાર, એણે જ બનવું જોઇએ કે જેને સાહિત્યનું સારી રીતે જ્ઞાન હોય, નિઃસ્વાર્થી નિષ્પક્ષપાતી અને સત્યવાદી હોય, પ્રજાના હિત માટે નિર્ભય રીતે લડત ચલાવી ઉભયપક્ષને સમાધાનના માર્ગે દોરતો હોય અને વિશેષ કરી જેનું ચારિત્ર શુદ્ધ તથા ધર્મમાં નિષ્ઠાવાળું હોય તેવો પત્રકારજ પ્રજાને શ્રેયસ્ પ્રેયસ્‌ના શુભ માર્ગે દોરી શકે છે.

હિંદમાં અત્યારે ઘણા લેભાગુ પત્રકારો ફુટી નીકળ્યા છે. કેટલાક અલ્પ બુદ્ધિ જૈન ભાઇઓ અને મુંબઈના પારસી છાપાવાળાઓ તથા સુધારકો ગાંધીની મોરલીપર નાચી તેના સુરમાં સુર મેળવી પોતાની ગ્રાહકી વધારી સ્વાર્થ સાધી રહ્યા છે, કોઈ

અહિંસાના પોકળ પ્રલાપમાં વિશ્વાસ રાખી તેનો પ્રચાર કરી રહ્યા છે, કોઇ જાતિ માંહોમાંહે પિતા પુત્રની લડાઇ ઉપસ્થિત કરનારા શાસ્ત્ર અને વડીલ પુરૂષોના હિતકારી વાકયોનો અનાદર કરાવી અંતઃકરણના અવાજ પ્રમાણે વર્તવાની નાદાન બુદ્ધિના લોકોને ભલામણ કરનારા લેખો લખી પ્રજામાં પોતાનું માનીતું સ્થાન રાખી આડકતરી રીતે પોતાની કોમને તમામ ઉંચા હોદ્દા સંભાળી લેવાનું કામ કરી રહ્યા છે; ત્યારે કેટલાક આર્યસમાજ જેવા સ્વચ્છંદી સુધારકો તો ગાંધીને સાધનભૂત કરી કેમ જાણે હિંદુ જાતિ અને ધર્મને ઉન્મૂલન કરવાની શ્રેષ્ટ તક મળી હોય ! તેમ ઢેઢસ્પર્શ, વિધવા વિવાહ, ઉંચનીચના ભેદ વિના સહ ભોજન વગેરેની હિમાયત કરી રહ્યા છે.

હિંદના ઘણાખરા પત્રકારોએ જયારે ઉપર પ્રમાણે અત્યંત ભયાવહ નીતિ અંગીકાર કરેલી છે ત્યારે વર્તમાનપત્રોના વાંચકો, વાંચક વર્ગની શું ફરજ છે ! એ વિચારવું ઘટે. ખરી રીતે તો પત્રકારોને ઉપરની પદ્ધતિએ કામ કરવાનું કારણ અને ઉત્તેજન તો અજ્ઞાન અને સ્વાર્થી વાંચકવર્ગેજ આપ્યુ છે. હમણાની પ્રજામાંનો વાંચકવર્ગ એટલો તો અધીરો, લાલચુ, અંધ વિશ્વાસુ અને વિવેકહીન બની ગયેલ છે કે તેને એટલી પણ સમજ પડતી નથી કે આમ વર્તવાથી પોતાના હાથે પોતાનોજ શિરચ્છેદ થાય છે. એક વર્ષમાં સ્વરાજય, શયતાની અને રાવણી રાજયનો નાશ કરી દેઇ રામરાજય સ્થાપી દેવાની મૃગતૃષ્ણામાં લોભાઇ તે વાતને પ્રતિપાદન કરનારા 'નવજીવન' 'હિંદુસ્થાન' 'સાંજ' 'સૌરાષ્ટ્ર' વગેરે ગુજરાતી ભાષામાં અને 'ક્રોનીકલ'

'ઇન્ડીપેન્ડન્ટ' વગેરે અંગ્રેજી ભાષામાં પ્રકટ થતાં છાપાને પરમેશ્વર તુલ્ય માની માતા પિતાની આજીવિકા કે ધર્મ પરોપકારના કાર્યમાં પાઈ પણ ફાજલ પાડવાની તાકાત્ ન હોવા છતાં છાપા ખરીદી વાંચવા માંડયા છે. ઇશ્વરી ન્યાયાનુસાર–જેવું વાંચન તેવા વિચાર, જેવા વિચાર તેવું વર્તન, જેવું વર્તન તેવી ગતિ; તદ્‌વત્ એવા સ્વચ્છંદી છાપાઓના વાંચનથી લોકોએ સ્વરાજયની લાલસામાં સ્વધર્મ કર્મ, ગુણ, પ્રીતિ, પુરૂષાર્થ, લાભ અને વેપાર વાણિજય ખોયા છે અને જે મિથ્યા હતું તે તો આખરે ખુવારી કરીનેજ ઉભું રહ્યું છે અર્થાત્ સ્વરાજય તો કહેવાતા અસહકારવાદીઓના પ્રયત્ન વિના પણ દશ વર્ષે મળવાની આશા હતી તેય કયાંય અદશ્ય થઈ ગઇ છે.

પ્રજાવર્ગ, ઠસાવી દીધેલી વાતોથી એટલો તો ભાનભૂલો બની ગયો છે કે પ્રજાને આડે રસ્તે દોરવી મોતના માર્ગે લઇ જતાં એ પત્રકારોની વિરૂદ્ધ કોઇ નિષ્પક્ષપાત કે ધર્મપ્રેમી પુરૂષ કે પત્રકાર હિમ્મત ધરી ઉચિત માર્ગ બતાવે તો તેનું પણ સાંભળવા જેટલી ધીરજ તેઓમાં રહી નથી. અરે ! તેનો પણ બહિષ્કાર કરવા વાંચકો તત્પરતા બતાવે છે તે શું અંતકાળ વખતના સન્નેપાતની નિશાની નથી ?

વર્ણાશ્રમ ધર્મમાં નિષ્ણાત એવા રાજાઓ જયારે મહાનુભાવ ઋષિમુનિ કે ધર્મજ્ઞ રાજનીતિજ્ઞ પુરૂષોની સલાહ પ્રમાણે વર્તતા હતા ત્યારે ભારતની પ્રજા સુખના શિખરે હતી. તે વખતે છાપા-ફાપા ન હતા. ધર્મશાસ્ત્રની અને વડીલોની આજ્ઞાનેજ છાપા કરતાં હજારગણી અધિક હિતકારી સમજી તેને લોકો અનુસરતા. હમણા

છાપાની પદ્ધતિ તો યુરોપ અમેરિકાના સંસર્ગે હિંદમાં દાખલ થઈ છે, છતાં મહદ્ આશ્ચર્યની વાત તો એ છે કે, જેના સંસર્ગે-દેખાદેખીએ આપણા દેશમાં છાપા-વર્તમાનપત્રો કાઢવાની અને વાંચવાની પદ્ધતિ દાખલ કરાઈ છે તે યુરોપ અમેરિકામાં પત્રકાર અને વાંચકોનું વર્તન કાંઇ જુદુજ ચાલી રહેલું છે. ત્યાં જે જાતિના ધર્મના અને ભાષાના લોક છે તેજ જાતિના અને ધર્મના લોક તેમનીજ ભાષામાં છાપાઓ કાઢે છે. ગાંધી જેવા સાધુના વેશધારીનો તો ત્યાં ભાવજ કોણ પૂછે! પણ પ્રેસીડન્ટ વિલ્સન અને પ્રાઇમ મીનીસ્ટર લોઈડ જયોર્જ જેવા સમર્થ રાજધુરંધર પુરૂષોમાં પણ મુગ્ધ ન થતાં તેઓના પણ ગુણદોષપર ત્યાંના પત્રકારો નિર્ભય રીતે ટીકા કરી લોકોને સત્ય માર્ગ સૂચવે છે અને લોકો-વાંચકો પણ વિવેક બુદ્ધિથી વાંચે વિચારે છે. જયારે હિંદ અને યુરોપ વચ્ચે ગ્રહણ અને તુલના શક્તિનું આટલું અંતર છે ત્યારેજ એક ગુલામી ભોગવે છે. અને બીજો સામ્રાજય સ્વતંત્રતા ભોગવે છે.

ઉક્ત લખાણથી દેશજનોએ એ ભાવ ગ્રહણ કરવાનો છે કે, અસહકારની વેદીના હોતા ગાંધીજી જેમ પોતાનું કાળજું-અંતઃકરણ પોતા પાસે રાખે છે તેમ તમે પણ રાખો, વેચી નાખો નહિ. આવેશી પ્રલોભન બતાવનારા લખાણથી આકર્ષાઇ ધર્મ, સત્વ, લાભ ન ગુમાવો. પોતાનું અને પારકું ઓળખી પોતાનાને અપનાવી જેટલું યોગ્ય લાગે તેટલું વાંચવા, વિચારવા, સ્વીકારવા અને ઉત્તેજન આપી આગળ વધારવાની ભાવના રાખી આગળ વધો.

કહેવાનું તાત્પર્ય એ છે કે આજ કોઇ ઉંડાણમાં ઉતરતું નથી. તેમ ઉતરવાની કોઇને ભાગ્યેજ અનુકૂળતા હોય છે. બહુધા સ્વાર્થી, લાલચુ અને અંધ શ્રદ્ધાવાળી વૃત્તિના લોકો તથા પત્રકારો દંભે દંભ હાંકી દેશ જાતિ તથા ધર્મને ડૂબાડવાનું કાર્ય કરી રહ્યા છે. સમજુ માણસે બહારના દેખાવમાં લોભાઇ ધર્મ તથા જાતિનું ગૌરવ ખોવાનું નથી પણ સાવધાન ચિત્તે નિરીક્ષણ કરી વિજાતી વિધર્મીઓથી બચવા બચાવવાનું છે.

## ગોરક્ષણ.

**गावः सुरभयो नित्यं गावः स्वस्त्ययनं महत् ।**
**अन्नमेव परं गावो देवानां हविरुत्तमम् ॥**

ગાય, મનુષ્યોના મનોરથ પૂરા કરવાવાળી અને મંગળ કરનારી છે. એનાદ્વારા માણસોને પોષણ માટે અન્ન અને દેવતાઓને માટે ઉત્તમ હવિ ઉત્પન્ન થાય છે. એવા શ્રેષ્ટ ગુણોને લઇ ગાયને હિંદુઓ પોતાની માતા કરતા અધિક પૂજ્યભાવથી પૂજે છે. ચક્રવર્તી રાજા દિલીપે અને જગન્નાથ શ્રીકૃષ્ણે સ્વયં ગાયની સેવા કરી તેની જે જે મહત્તા ધર્મશાસ્ત્રમાં ઋષિમુનિઓએ દર્શાવી છે તે તે સિદ્ધ કરી બતાવી છે. પ્રાચીન સમયમાં જ્યારે હિંદુઓનું શાસન પ્રવર્તતું હતું ત્યારે પ્રત્યેક સ્ત્રી પુરૂષ ભાવથી ગાયોનું લાલનપાલન કરતા હતા. યદિ કોઇ દુષ્ટ યવન મ્લેચ્છ તેને ઇજા કે વધ કરતો તો તે દેહાંત દંડની શિક્ષાને પાત્ર થતો. ગાયો જ્યાં જતી ત્યાં તેનો સત્કાર થતો. લોકો

તેની પૂજા કરી ઉત્તમોત્તમ ખાવાના પદાર્થ ધરતા. રાજાઓ તથા ધનિક પુરૂષો વિપુલ પ્રમાણમાં ગૌચર ભૂમિ કાઢી આપતા. આ પ્રકારની સેવાથી પ્રસન્ન થઇ ગાય માતા મનુષ્યોનું સર્વ પ્રકારે કલ્યાણ કરતી. પુષ્કળ દૂધ દહીં ઘી દેતી. મજબૂત બાંધાના વાછડાને જન્મ આપતી કે જે વાછડા–બળદવડે ખેતી કરી લોકો ખૂબ અનાજ પ્રાપ્ત કરતા. હવિ અર્પતા દેવતાઓ પણ સદાય લોકોપર કૃપાળુ રહી વરસાદ નિયમિત વરસાવી સુખી કરતા.

એવી સર્વગુણ સંપન્ન તથા સર્વ સુખદાતા ગાયમાતાની અત્યારે ભારે દુર્દશા થઇ રહી છે. લોકો અજ્ઞાન દરિદ્ર બળહીન થતાં ગાય પ્રત્યે તેઓનો પૂજ્યભાવ તો કમી થઈ ગયો છે પણ ઘાસ પાણી તથા ચાકરી વિના, લાખોની સંખ્યામાં ગાયો ટળવળે છે, દુઃખી થઈ થઇ મરે છે છતાં કોઈ તેની ખબર પૂછતું નથી. ગૌચરભૂમિ નહિ જેવી રહી છે, ગરીબ વર્ગના લોકોને ગાય રાખવી પરવડતી નથી ને શ્રીમંતોને ઘોડાગાડી મોટર રાખવાની જગ્યા મળે છે પણ એક ગાય રાખવા જેટલી જગ્યા મળતી નથી. મુસલમાનો અને અંગ્રેજો હજારોની સંખ્યામાં ગૌવધ કરી રહ્યા છે તોપણ પાષાણ હૃદયી હિંદુઓને જરાય કમકમાટી છૂટતી નથી. અરે ! ગાંધીજી જેવા તો ઉલટા દુશ્મન બની મુસલમાનોનો બચાવ કરવા નીકળે છે કે " તેના ધર્મનું ફરમાન હોય તો હિંદુઓએ આડા ન આવવું જોઇએ. અંગ્રેજો ગૌવધ કરે છે ત્યારે કેમ તમે સાંખી કે સહી લ્યો છો ! તો પછી મુસલમાનો તો તમારા દેશભાઇ છે તેની સામે તમારે પોકાર ન ઉઠાવવો જોઇએ."

હિંદુઓની નિર્બળતા અને ધર્મહીનતાનો ગેરલાભ લઇ યવન અને મ્લેચ્છો ગાયનું દૂધ દહીં ઘી છાશ તથા બેલ થકી ઉત્પન્ન

થયેલું અનાજ ખાય છે, તેઓમાંથી કોઇ તેની વિષ્ટા કે મૂત્ર ખાતા પીતા નથી છતાં કૃતઘ્ની બની તેઓ દર વર્ષે એક કરોડ દૂધાળા જીવોનો સંહાર કરે છે. નિત્ય જે ભૂમિમાં હજારો અને લાખો ગાયોના દાન થતાં અને માત્ર એક નંદરાજાને ઘેરજ નવ લાખ ગાયોનું પાલન થતું હતું ત્યાં અત્યારે ફક્ત આખા દેશમાં કુલ મળી ૨૮ કરોડ ગાય ભેંસ બળદ વગેરે દૂધાળા ઢોર બાકી રહેલ ગણાય છે. દર વર્ષે એક કરોડનો વધ થતો રહે કે પરદેશ ઉપડી જાય તો ૨૮ વર્ષે હિંદુસ્થાનમાં ગાયોનું કે દૂધાળા પ્રાણીનું નામ નિશાન ન રહી શકે. એટલે અત્યારે મહામુશીબતે બહુ કિંમત ખર્ચતા ભેળસેળવાળા દૂધ ઘી મળે છે તે પણ ન મળે. અને જયારે મનુષ્યના-ખાસ કરી નાના બચ્ચાઓના જીવનરૂપ દૂધ ઘી ન મળે એટલે તડફડીયા ખાઈ જીંદગીનો અંતજ આવ્યો સમજવો.

અરે હિંદુઓ! યુગના પ્રભાવે કદી તમે સાવ તમારો ધર્મ વિસરી ગયા હોવ તોપણ આર્થિક દૃષ્ટિએ ગાય બળદ તમોને કેટલા ઉપયોગી છે! એ તો વિચારો. ડગલે અને પગલે કામધેનુરૂપ ગાયમાતાની અમૃતમય પ્રસાદીઃ દૂધ દહી છાશ ઘી, અન્ન, છાણ અને ગોમૂત્રની (દવામાં) ગરજ પડે છે એ યાદ કરી ગમે તે ભોગે ગોરક્ષણ કરવુંજ જોઇએ એવી પ્રત્યેક હિંદુની પવિત્ર અને આવશ્યક ફરજ ઠરે છે, તે પાળો. એક પણ ગાય બળદનો કોઈ મહાન્ સત્તાધારી સુદ્ધાં વધ ન કરી શકે ને તેની ઘાસ પાણીથી બરાબર સેવાચાકરી થતી રહે તેવી પાકી વ્યવસ્થા તત્કાળ કરવા માટે પ્રત્યેક હિંદુએ કટિબદ્ધ થવું ઘટે.

## યજ્ઞ પ્રભાવ.

**इष्टान्भोगान्हि वो देवा दास्यंते यज्ञ भाविता ।**
**तैर्दत्तानप्रदायेभ्यो यो भुक्ते स्तेन एव सः ॥**

દર સાલ ઉપરા ઉપરી દુષ્કાળથી પ્રજા કકળી ઉઠી છે. છેલ્લા ચાળીશ વર્ષ થયા ભાગ્યેજ કોઇ એકાદ વર્ષ સારૂ નીવડે છે કે તુર્ત તે પછીના બે વર્ષ તો દુષ્કાળ કે અતિ વૃષ્ટિથી લોક પીડાતાજ હોય છે. દુષ્કાળથી કે અતિ વૃષ્ટિથી લોકો અન્ન વસ્ત્ર વિના અને ગાયો ખડ–ઘાસ વિના અનહદ પીડાય છે. આવે વખતે ગામડાઓવાળા શહેરોના પૈસાદારો પાસે મદદની આશા રાખે છે. મુંબઈ કલકત્તાદિ શહેરના શ્રીમંતો કીર્તિને ખાતર કે દયાની લાગણીથી થોડી ઘણી મદદ પણ કરે છે પરંતુ તેવી મદદ તેઓ દર વર્ષ શી રીતે આપી શકે અને ગામડાવાળા નિઃસંકોચ ભાવે લઇ શકે! કોઇ એક દિવસ, બે દિવસ, પંદર દિવસ કે મહિનાની ભૂખ ટાળે પણ જીંદગી પર્યંતની તો કદાપિ કોઈ ટાળીજ ન શકે. આવી અવસ્થામાં આપણે વિચાર કરવો ઘટે કે કાયમનું દુષ્કાળનું દુઃખ શી રીતે નિવૃત્ત થાય ?

ઇશ્વરી નિયમ જોતા દુષ્કાળ, પ્લેગાદિ મહામારી વગેરેનું કષ્ટ આપણે લોકોએ સ્વતઃ આમંત્રણ કરી ન્હોર્યું છે. જે પ્રજા યજ્ઞ યાગ હોમ હવન કરે નહિ તેના પર દેવતાઓ કદી પ્રસન્ન થાય નહિ ને તેથી તેઓ વરસાદ પણ વરસાવે નહિ એ સહજ છે. યજ્ઞ યાગ ન થવાથી હવા પણ અશુદ્ધ રહે છે ને નાના પ્રકાર-

ના રોગો ફેલાય છે. હરિશ્ચંદ્ર યુધિષ્ઠિરાદિ રાજાઓ રાજસૂય અશ્વમેધ વગેરે યજ્ઞો કરી દેવતાઓને આહુતિ આપતા. વિધિપૂર્વક થયેલા યજ્ઞથી ઇંદ્ર સૂર્ય ચંદ્રાદિ દેવતાઓ પ્રસન્ન થઇ લોકોની મનોવાંચ્છના સફળ કરતા. સદાકાળ યજ્ઞયાગ થતા રહેવાથી કોઇ પણ વર્ષ દુષ્કાળ, અતિ વૃષ્ટિ કે રોગનો ઉપદ્રવ થવા પામતો નહિ. યજ્ઞના પ્રભાવે લોકોના ધન ધાન્ય સમૃદ્ધિ આયુષ્ય તેજ પરાક્રમમાં સર્વદા વૃદ્ધિજ થતી રહેતી.

જેમ હિંદુઓએ પોતાની અનેક શ્રેષ્ટ ધાર્મિક ક્રિયાઓ છોડી મૂર્ખતાથી કે નાસ્તિકોના ઉપદેશથી સ્વચ્છંદે વર્તવા માંડયું છે તેમ યજ્ઞયાગ કે હોમ હવનની બાબતમાં પણ તેઓએ અક્ષમ્ય અપરાધ કર્યો છે અને તેનુંજ ફળ અત્યારે રાજા મહારાજા અને શ્રીમંત ગરીબ સૌ એક સરખું ભોગવે છે. રાજા મહારાજાઓ અને શ્રીમંતોએ યજ્ઞયાગ તો ત્યજ્યા પણ નિત્ય કર્મ: બ્રહ્મયજ્ઞ, પિતૃયજ્ઞ, દેવયજ્ઞ, ભૂતયજ્ઞ અને મનુષ્ય યજ્ઞ કે જે વિના મોટા ખર્ચે સર્વ સાધારણ પ્રજાથી થઇ શકે એવા છે તે પણ બહુધા લોકોએ ત્યજી દીધા છે તેથી આપણે દુષ્કાળથી, રોગથી, દરિદ્રતાથી કે પરાધીનતાથી પીડાઇએ એમાં આશ્ચર્ય શું ?

કાઠિયાવાડમાં રાણપુર ગામ એ દેશી રાજ્યના અધિકાર બહાર એટલે અંગ્રેજ સરકાર ( એજન્સી ) ની હદમાં છે. ત્યાં ચાર પાંચ પેટભરા જૈનો એકઠા થઈ પોતાને ગાંધીજીના શિષ્ય કહેવરાવી તેના અંત્યજ સ્પર્શ આદિ વર્ણસંકર આંદોલન "સૌરાષ્ટ્ર" નામના છાપામાં પ્રસરાવી ધર્મનિષ્ઠ અને પ્રતિષ્ઠિત

ગૃહસ્થો તથા રાજાઓના પર હુમલા કરી ગાળો ભાંડવાનું કામ કરી રહેલ છે. તેના છાપાના મથાળાપર યજુર્વેદનો મંત્ર ટાંકી જાણે તે કેમ વેદ શાસ્ત્ર પુરાણોનો માનનાર અભ્યાસી આસ્તિક હિંદુ હોય ! એવો ભાસ કરાવી, પાડરશીંગામાં શાસ્ત્રીજી મૂળ-શંકરભાઇએ આજના સમયમાં બનવો અશક્ય એવો ઉત્તમ યજ્ઞ જ્યારે કર્યો ત્યારે તેના વિશે તેઓ તેના છાપામાં અત્યંત ગલીચ શબ્દોમાં ટીકા પ્રકટ કરે છે, યજ્ઞને ધુતકારી બ્રાહ્મણોને અતિ ખરાબ શબ્દોમાં નિંદે છે. મતલબ કે આવા પાખંડી પેટભરા જ્યાં પ્રજાને પૈસે પ્રજાનેજ:અવળે રસ્તે ઘૂમાવવાનું કાર્ય જોસભેર કરી રહ્યા હોય ત્યાં નાદાન ભોળી પ્રજા તેનો ભોગ બની ધર્મ કર્મપરથી ઉતરી જાય એ સ્વાભાવિક છે. પ્રજા સાવધાન બની એવા ધૂર્તોથી બચે ને શાસ્ત્રાજ્ઞાનુસાર યજ્ઞયાગ હોમ હવન પવિત્ર વિદ્વાન્ બ્રાહ્મણો પાસે વિધિસર કરાવે તો કદાપિ દુષ્કાળ, અતિ વૃષ્ટિ કે મહામારીનું કષ્ટ સહેવું નહિ પડે એ નિશ્ચિત્ વાત છે.

---

# સ્પૃશ્યાસ્પૃશ્ય વિવેક.

**सूक्ष्मात्सूक्ष्मतरो धर्मस्तस्मात्सूक्ष्मं न किंचन ।**
**दुर्विभाव्यस्ततो धर्मः कविभिः सूक्ष्मदर्शिभिः ॥**

ધર્મ સૂક્ષ્મ વસ્તુથી પણ અતિ સૂક્ષ્મ છે અને તેનાથી અન્ય કોઈ પણ વસ્તુ સૂક્ષ્મ નથી; તેથી ધર્મ સૂક્ષ્મદર્શી ઋષિ મુનિઓથી પણ મહા મુશ્કેલીથી જાણી શકાય તેવો છે. આવી ધર્મની ગહન ગતિ છે તે લેશમાત્ર સમજ્યા વિના કે સમજવાની કોશિષ કર્યા વિના ગાંધીજી અંત્યજ સ્પર્શની હિમાયત કરે છે.

જે હિંદુઓ ધર્મશાસ્ત્રાનુસાર પોતાની માતા સ્ત્રી બેન કે પુત્રી રજસ્વળા હોય ત્યારે તેઓને પણ ન અડકે, મૃત શરીરને અટકવામાં બાધ માને તે હિંદુઓને ગાંધીજી મનસ્વીપણે અને બળાત્કારથી વિષ્ટા ઉપાડનાર અને મરેલ જાનવર ચુંથનાર ઢેઢ ભંગીઓ સાથે અડકાવવા માટે આકાશ પાતાળ એક કરે છે. ભગવાને સૃષ્ટિ રચી તેની સુવ્યવસ્થા માટે પ્રાણીના ગુણ કર્મ અનુસાર ઉંચ નીચ વર્ણો બનાવ્યા છે અને તે તે વર્ણોના ધર્મ કર્મ ભગવાનની આજ્ઞાથી પ્રજાપતિ મનુ યાજ્ઞવલ્કય પરાશરાદિ ત્રિકાળદર્શી ઋષિ મુનિઓએ નક્કી કર્યા છે. લાખો અને કરોડો વર્ષથી તે હમણા સૂધી એટલે કે ગાંધીજીના પનોતા પગલા થયા અગાઉ ધર્મશાસ્ત્રાનુસાર સ્પૃશ્યાસ્પૃશ્ય વિવેક હિંદુઓ બરાબર માનતા આવ્યા છે ને પાળતા આવ્યા છે પણ હમણા તેમાં ગાંધીને તિરસ્કારની ગંધ આવી છે અને તે ગંધ હાલના કહેવાતા લોકનાયકો, સંસાર બિગાડકો, આર્યસમાજીસ્ટો તથા બ્રહ્મોસ્માજીસ્ટો વગેરેના હૃદયમાં તત્કાળ ઘુસી ગઇ છે. હિંદુ ધર્મના વિરોધી એવા ક્રિશ્ચિયનો

તથા મુસલમાનો આજ સુધી હિંદુ ધર્મશાસ્ત્રોને તથા ઋષિ મુનિઓને નિંદતા અને વિધ વિધ આક્ષેપો મૂકતા હતા તેનાથીય આગળ વધી ગાંધીજીએ શાસ્ત્રોને ક્ષેપક, કલંકિત, સેતાની અને સ્વાર્થી બ્રાહ્મણોના બનાવેલા જાહેર કરવાની ધૃષ્ટતા છેડેચોક કરવા માંડી છે.

આચાર્યો, રાજાઓ અને પ્રજાના પ્રમાદથી ગાંધીજીની અંત્યજ સ્પર્શની અધમતા ભરી ચળવળ આગળ લંબાવા લાગી છે. પ્રથમ તો તેઓ માત્ર અંત્યજોને અડકવાનો બાધ કાઢી નાંખવાનું કહેતા હતા હવે આગળ વધી-સભા, સોસાઇટીઓ, કાઉન્સિલો, નિશાળો કુવાઓ દેવમંદિરો સુદ્ધાંમાં ઢેઢાઓને દાખલ કરવાનો દુરાગ્રહ કરી રહ્યા છે. તેની ચળવળ પર ધર્મનો ઓપ ચઢાવી તેણે અજ્ઞાન અને નાસ્તિકોને એટલા તો અવિચારી અને ઉદ્ધત બનાવ્યા છે કે તેઓ આર્યસમાજીસ્ટો અને ખ્રિસ્તી મુસલમાનોની આગેવાની હેઠળ વાઈકોમમાં ઉંચ વર્ણના હિંદુઓના ખાનગી રસ્તાઓપર ઢેઢાઓને ચલાવી મંદિરોમાં ઘુસાડવા મથી રહ્યા છે. તેમ કલકત્તા પાસેના પ્રસિદ્ધ તારકેશ્વર મહાદેવના મંદિરમાં બાબુ દાસ પ્રથમ મહંતના દુરાચારની વાતો કરતા હતા તે હવે મંદિરમાં ઢેઢભંગીનો પ્રવેશ કરાવી મંદિરનો કબજો લેવા મથન કરે છે. આટલી હદ સૂધી હિંદુઓ પર બળાત્કાર ગુજારી સનાતન ધર્મનું હનન કરનારાઓ ચોખ્ખા આતતાયીજ કહેવાય. આતતાયી સિવાય એ હિંદુધર્મદ્રોહીઓને માટે બીજું કોઇ વિશેષણજ નથી અને ધર્મશાસ્ત્રમાં સ્પષ્ટ આજ્ઞા છે કે એવા આતતાયીનું તિરસ્કાર અને બહિષ્કારરૂપી હનનજ કરવું.

આલોક પરલોકનું સુખ ઇચ્છનાર હિંદુઓએ અંત્યજ સ્પર્શની હિમાયત કરનાર પાખંડીઓની જાળમાં ન સપડાતા

ધર્મનું સાવધાનતાથી રક્ષણ અને પરિપાલન કરવા દત્ત ચિત્ત રહેવું ઘટે. અધર્મી અને પાપી લોક પૃથ્વીપર ઝાઝો વખત ટકી શકતા નથી. તેનાં દુષ્ટ કર્મનું ફળ તેને અવશ્ય ભોગવવુંજ પડે છે. લોભ લાલચ ભય કે એવીજ કોઇ નબળાઇને આધીન થઇ કદી કોઇએ અધર્મને માર્ગે ઘસડાઇ અધોગતિ વ્હોરી લેવી નહિ. ધર્મશાસ્ત્રો પ્રત્યે કદી શંકાશીલ થવું નહિ કારણ કે શાસ્ત્રો ત્રિકાલાબાધિત છે. તે આજકાલના ભાંડ ભવૈયા જેવા ધૂર્ત અર્ધદગ્ધ ઢોંગી કે પામરોએ રચેલા નથી, પણ ત્રણ લોકને નવા ઉત્પન્ન કે લય કરી શકે એવી અદ્ભુત શક્તિ ધરાવનારા સમર્થ ઋષિમુનિઓના બનાવેલા છે. શાસ્ત્રમાં મનુ ભગવાન સ્પષ્ટ આજ્ઞા કરે છેઃ—

**दिवाकीर्तिमुदक्यां च पतितं सूतिकां तथा ।**
**शवं तत्स्पृष्टिनं चैव स्पृष्ट्वा स्नानेन शुद्ध्यति ॥**
**आचम्य प्रयतो नित्यं जपेदशुचि दर्शने ।**
**सौरान्मन्त्रान्यथोत्साहं पावमानीच शक्तितः ॥**

અર્થાત્ ચંડાળ–ઢેઢ, રજસ્વળા સ્ત્રી, પતિત, સુવાવડી અને શબ આટલાને સ્પર્શ કરનારો તથા તેનો સ્પર્શ કરનારો સ્નાન કરવાથી શુદ્ધ થાય છે.

ઢેઢ ચંડાળ વિગેરે અપવિત્ર લોકોના દર્શન થઈ જાય ત્યારે પુરૂષે સાવધાન થઇને આચમન કરવું અને પોતાની શક્તિ તથા ઉત્સાહ પ્રમાણે उदुत्यं जातवेदसं વગેરે સૂર્યના મંત્રોનો અને स्वादिष्ठया વગેરે પવમાન મંત્રોનો જપ કરવો.

તેવીજ રીતે પારાશર ઋષિ આજ્ઞા કરે છે કેઃ—

श्वपाकं वापि चण्डालं विप्रः संभाषते यदि ।
द्विज सम्भाषणं कुर्यात्सावित्रीं तु सकृज्जपेत् ॥
चण्डाल दर्शने सद्य आदित्यमवलोकयेत् ।
चण्डालस्पर्शने चैव सचैलं स्नानमाचरेत् ॥
चण्डाल भाण्डसंस्पृष्टं पीत्वा कूपगतं जलम् ।
गोमूत्रयावकाहारस्त्रि रात्राच्छुद्धिमाप्नुयात् ॥

અર્થાત્ શ્વપાક કિંવા ચંડાળની સાથે જો બ્રાહ્મણ ભાષણ કરે તો તેણે પ્રાયશ્ચિત્તને માટે સારા વેદવેત્તા બ્રાહ્મણની સાથે ભાષણ કરવું અથવા તો ગાયત્રી મંત્રનો એકવાર જપ કરવો.

અંત્યજ નજરે પડે તો તત્કાળ સૂર્યના દર્શન કરવા અને સ્પર્શ થઈ જાય તો વસ્ત્ર સહિત સ્નાન કરવું.

જે કુવાના પાણીને ચંડાળના વાસણે સ્પર્શ કર્યો હોય એવું પાણી પીવામાં આવે તો ગોમૂત્રમાં જવનો લોટ મેળવીને ત્રણ દિવસ ખાવો એટલે શુદ્ધિ થાય છે.

ઉપર પ્રમાણે શાસ્ત્ર આજ્ઞા છે. જે તેનું પાલન કરે છે તે સ્વર્ગે જાય છે ને જે તેનું ઉલ્લંઘન કરી મરજી મુજબ વર્તે છે તે નરકના દારૂણ દુઃખ ભોગવે છે. સ્નાનથી પરવારી સેવા સંધ્યા કરતી વખતે પોતાના સગા ભાઇ પુત્ર કે પિતાને અને રજસ્વલા થયેલી માતા પત્ની ભગિની કે પુત્રીને આપણે હિંદુઓ સ્પર્શ કરતા નથી તેથી કાંઇ તેઓનો તિરસ્કાર થયો એમ કોઇ ગાંડો પણ કહે કે માને નહિ તો પછી અંત્યજ-ઢેઢ ભંગી ચમારને નહિ અડકવામાં તિરસ્કાર ક્યાંથી આવ્યો ? અંત્યજોનો તિરસ્કાર અને

દુર્ગતિ તો તેને સ્પર્શ કરવા કરાવવાની અવિચારી હિલચાલ કરનારા દુષ્ટ વર્ણસંકરોજ કરે છે. ગામડાઓમાં ઢેઢને નહિ અડકવાનો ધાર્મિક નિયમ પાળનારા હિંદુઓ જયારે પોતાને ત્યાં લગ્ન કે એવાજ કોઈ પ્રસંગ આવે છે ત્યારે ઢેઢ ભંગીને કપડા, અન્ન તથા દ્રવ્ય આપી ખુશી કરે છે અને ઉમરના પ્રમાણમાં માન આપી બોલાવે છે એટલે કે અંત્યજ પોતાથી મોટી વયનો હોય તો મેઘાભાઇ કે મેઘા કાકા કહી બોલાવે છે, જયારે ઢેઢ સ્પર્શ કરવાનો મિથ્યા બકવાદ કરનારાઓ તો તેવા ગરીબ મેલા ઘેલા અંત્યજને કાંઈ અન્ન દ્રવ્ય આપવું તો બાજુ રહ્યું પણ વાણીથીય સત્કાર કરતા નથી. ધર્મનિષ્ટ હિંદુઓની માફક અંત્યજો પણ પોતાની ફરજ સમજી તેમને અવળે રસ્તે ઘસડનાર ઉલ્લુઓના સંસર્ગથી બચી ધર્મવ્યાધની જેમ પોતાના જાતિ કર્મ આચરી પ્રભુ સ્મરણ દ્વારા સદ્‌ગતિ મેળવે એવી અમારી તેઓને ખાસ ભળામણ છે. ભંગી ઢેઢ ચમારોની કુલ સાત કરોડની સંખ્યા કહેવામાં આવે છે તે તદ્દન ખોટી ગપ છે. અંત્યજોની સંખ્યા વધારેમાં વધારે ૪૦ લાખ છે અને તે અમે પૂરવાર કરવાને તૈયાર છીએ. ધર્મદ્રોહીઓ બીજી ગપ એ હાંકે છે કે અંત્યજોની આટલી મોટી સંખ્યાને આપણે નહિ મેળાવી લઇએ તો પરજાતિવાળા લોક તેઓનામાં ભેળવી આપણી વિરૂદ્ધ ઉતારશે અને સ્વરાજય દૂર જશે. એનો ઉત્તર એ છે કે સ્વરાજય કોઇને અડકવાથી નથી મળતું પણ ધર્મ બળ બુદ્ધિ પરાક્રમથી હસ્તગત થઈ શકે છે. પરજાતિવાળા લોક ઢેઢને તો શું પણ જો હિંદુઓ અને તેઓના ધર્માચાર્યો નહિ જાગૃત્ થાય તો ઉંચ વર્ણના હિંદુઓને પણ વટલાવશે.

# હિંદુ લોજો અને હોટલો.

**आचारः प्रथमो धर्म्मः श्रौतः स्मार्त्त सतां मतः।
तस्मादेतत्सायुक्तं गृह्णीयादात्मनोद्विजः॥**

આચાર એ આપણા હિંદુઓનો મુખ્ય ધર્મ છે. જેનામાં આચાર નહિ તે હિંદુ નહિ પણ પશુ. એવા પશુ કોટિના હિંદુ અત્યારે પોતાને ભણેલા કહેવરાવી સ્વજાતિના ગુણ ત્યજી અનાચાર કરવા લાગ્યા છે. સંસાર કુધારકો તથા અનાર્ય શંભુમેળો–બ્રધરહુડ કરનારા વગેરેએ હિંદુઓને આચારથી ભ્રષ્ટ કરવાના ઘણાય ફાંફાં માર્યા પણ તેઓના જેવીજ અનાચારી કોઈ કોઇ છૂટી છવાઈ વ્યક્તિ ગુપ્ત રીતે રહેલી હતી તેને આકર્ષવા સિવાય કુધારકોને હિંદુ ધર્મ પ્રેમી લોકોએ જરાય મચક આપી નથી.

છતાં હમણાના હિંદુ લોજો અને હોટલો સગવડ સાચવવાને બહાને અનર્થ બહુ કરી રહેલ છે. મુંબઈમાં અનેક લોજ અને વીશીઓ છે. નોકરીઆત વર્ગ હિંદુ યુવકો સાધનના અભાવે કે નવી નવી પ્રકારની સ્વાદીષ્ટ વાનીઓ આરોગવાના હેતુથી આજકાલ હોટલો અને લોજોમાં બહુ જાય છે. અમદાવાદ મુંબઇ જેવા શહેરમાં જે વાંઢા હોય, જેના ઘરમાં સ્ત્રી વર્ગ ન હોય તેઓ હાથે રસોઇ કરવાનું રાખે અથવા હાથે ન બને તો દશ બાર જણ મળી રસોઇઓ રાખી ભાગે પડતું ખર્ચ વહેંચી લઈ જમવાનું રાખે તો ધર્મ ને આરોગ્ય બન્ને સચવાય; પણ તે રીત પસંદ ન કરતાં તેઓ લોજોમાં દરોડો પાડે છે. લોજવાળા આ

દરોડાને જીરવી શકતા નથી. તેઓ ચાર હાથની પોતડી પહેરી મફત કે બે ચાર રૂપિયામાં કામ કરી કરી ઘસાઇ ગયા હોવાથી એકાએક અતિ ઘણી આવક અને ખુશામત થતાં સાતમે આસમાન ચડે છે. અધુરામાં પુરૂં કોઇ કોઇ લોજવાળાના હૃદયમાં અનાર્ય સમાજનો સુધારો, યુરોપીઅનોની માફક બધા લોજ એક હાથ કરી લઇ જમનારાઓને વિશેષ પરાધીન બનાવી મનમાન્યો લાભ મેળવવાની પણ મહત્વાકાંક્ષા હોય છે. તેમ શેર બજારમાં સટ્ટા કરી કરોડપતિ કે ધૂળપતિ થવાની તજવીજ પણ કેટલાક કરી રહ્યા હોય છે.

લોજવાળાઓમાંથી ઘણાખરા એવા તો તુમાખી બેદરકાર બની ગયા છે કે તેઓ પોતાની ઇચ્છા પ્રમાણે લોજ બંધ રાખે, ધર્મની પરવા ન કરતાં બ્રાહ્મણ વાણિયા લુવાણા તથા શૂદ્ર વર્ણને એકજ પંક્તિમાં એક હાથનું પણ અંતર રાખ્યા વિના પાસે પાસે બેસાડી વટલાવે, અને શાક ભાતમાં કોઇ કોઇ વખત ઇળો નીકળે, પાંચસો પાંચસો જમનારાની સંખ્યા થઇ જવાથી હાથથી લોટ બંધાય નહિ તેથી રસોઇયાઓ ગોઠણ કે પગવતી લોટને મસળે એટલે તેનો પરસેવો મળમૂત્ર કે રોગ હોય તો તેની રસી લોટમાં મિશ્રણ થતાં જમનાર ભ્રષ્ટ બની મરે તેનું લોજવાળાને શું ? ચટણી રાયતાં ફરસાણ મીઠાઇ ઉપરા ઉપરી ખવરાવી જમનારના શરીર બગાડે પણ સાદી થોડી ઉત્તમ ચીજો આપી ચાર્જ ઘટાડે નહિ. સો માણસને જમવાની જગામાં પાંચસો ભરાય એટલે જમનારને બબ્બે કલાક ખોટી થવું પડે અને જમવા બેસે એટલે રોટલી માટે અડધો કલાક રાહ જોઇ બેસવું પડે.

કાચું પાકું આવે અને જમનાર કાંઇ બોલે તો લોજવાળો તુરત તેનું અપમાન કરી ખાતાં ખાતાં તેને ભાણેથી પણ ઉઠાડી મૂકે.

જેવી રીતે લોજવાળા અનાચાર કરે છે તેવીજ રીતે હોટલોવાળા પણ કરે છે. એકજ ટેબલપર બેસી બ્રાહ્મણ હજામ ચા પુરી શાક ખાય છે. નોકરો એનાએ એંઠા જુઠા કપ રકાબી ધોવાયા ન ધોવાયા આપી જનારાઓને ભ્રષ્ટ કરે છે એટલુંજ નહિ પણ કોઇ માણસને ક્ષય ચાંદી કે એવુંજ કોઈ ચેપી દર્દ થયું હોય તો તે કપ રકાબી વાપરનારને લાગુ પડી શકે છે હોટલમાં ચા પુરી શાક બનાવવાવાળા અને પીરસવાવાળા હલકી જાતિના હોય અને તેના હાથનું બનાવેલું ખાણું ખાઇ ભ્રષ્ટ થવું, રોગ લેતાં આવવું અને પૈસા બમણા ચારગણા આપવા એ કુબુદ્ધિનુજ કામ છે. લોજહોટલવાળા તો સ્વાર્થબુદ્ધિએ ગમે તેમ લોભાવે પણ માણસોએ પોતાનું હિત સંભાળવું ઘટે છે. એક વખત અમદાવાદની હોટલમાં ચાની કીટલી રાત રાખી ઉઘાડી રહેવાથી તેમાં ઢેઢગરોળી પડી મરી ગયેલી. હોટલ સવારમાં ઉઘડતા બે કમ્ભાગ્ય ભૂખ્યા તરસ્યા જીવે આવી ચા માગ્યો. મરેલી ઢેઢ ગરોળીવાળી કીટલીમાંથી ચા મળ્યો, પીધો અને ત્યાંજ ઢળી પડયા. એ ઢળી પડયા તે પહોંચી ગયા તેના દાદા પરદાદા પાસે. આમ કેટલીક વખત શરીરને પણ જોખમ પહોંચે છે. સાધારણ બુદ્ધિથી વિચાર કરીએ તો પણ ત્રાંબાના વાસણમાં દૂધ પડે એટલે તે ઝેર જેવો વિકાર ઉત્પન્ન કરે છે. હવે લોજવાળા મોટે ભાગે ત્રાંબાની કીટલી રાખી ચા આપે છે એ શું હાથે કરીને ચા પીનારા પોતાનું મોત માગતા નથી? ખરેખર અજાયબીની વાત તો એ

છે કે મનુષ્યની બુદ્ધિ આટલી હદ સૂધી કેમ હરાઇ ગઈ હશે કે તેને પોતાનું શરીર ધર્મ તથા દ્રવ્યના રક્ષણ કરવાનું પણ ભાન રહ્યું નથી? કાળ તારી ગતિ અગમ્ય છે. તેં પરીક્ષિત રાજા જેવા ધર્માત્માના શરીરમાં પ્રવેશ કરી બુદ્ધિમાં ભ્રમ ઉત્પન્ન કર્યો હતો તો આજકાલના ક્ષુદ્ર જંતુ જેવા અલ્પમતિ વ્યસનદાસો મોહ પામે એમાં શંકા કિંવા આશ્ચર્ય શું?

---

## સદસદ્‌વિવેક બુદ્ધિ અથવા અંતઃકરણનો અવાજ.

મનુષ્ય અલ્પજ્ઞ છે, ભૂલથી ભરેલો છે, તેથી તરંગીપણે વર્તવામાં ઠામ ઠામ ઠોકર ખાય છે. અર્જુન જેવો જ્ઞાની વારંવાર મોહવશ થઇ જતો હતો તો આપણા જેવા અજ્ઞાનોનું શું ગજું? એ વિષયમાં અર્જુનેજ ભગવાનને પૂછયું છે કે સારા નરસું કિંવા કર્તવ્ય અકર્તવ્યનો નિર્ણય કરવા માટે મારે શું કરવું? ભગવાને ઉત્તર આપતાં જણાવ્યું છે કે જયારે તને કોઇ વિષયમાં શંકા ઉઠે ત્યારે તારે ધર્મશાસ્ત્રો તપાસવા અને તેમ ન બને તો શાસ્ત્રજ્ઞ વિદ્રાન્ પાસે જવું. તેને દંડવત કરી વિનયથી શંકા નિવેદન કરવી અને તેઓ શાસ્ત્ર દ્રષ્ટિએ જે આજ્ઞા આપે તે પ્રમાણે તારે વર્તવું; પરંતુ કદાપિ સ્વચ્છંદે વર્તવું નહિ.

**तस्माच्छास्त्रं प्रमाणं ते कार्याकार्य व्यवस्थितौ ।**
**ज्ञात्वा शास्त्र विधानोक्तं कर्म कर्तुमिहार्हसि ॥**

અર્થાત્ આ કરવા યોગ્ય છે અને આ કરવા યોગ્ય નથી, એનો નિર્ણય કરવામાં તારે શ્રુતિ, સ્મૃતિ તથા પુરાણાદિને પ્રમાણુ ગણવા અને ધર્મશાસ્ત્રોએ કહેલું કર્મ જાણીને કર્માધિકારી થયો થકો તું અધિકાર પ્રમાણે કર્મ કરવાને યોગ્ય છે.

હિંદુ પ્રજા ઉપરોકત ભગવદ્ વાકયને અવલંબી પોતાનું જીવન ગુજારે છે તેને ગાંધીજીએ બહેકાવી સદસદ્ વિવેક બુદ્ધિ અથવા અંતઃકરણુના અવાજ પ્રમાણે ચાલવાનો મિથ્યા ઉપદેશ આપી ભયંકર અનર્થ કરી મૂકયો છે. ભોળા અજ્ઞાન વિદ્યાર્થીઓને તથા લોકોને નિશાળો છોડવાની બાબતમાં તથા ઢેઢને અડવાના વિષયમાં તેમજ ધારાસભા કોર્ટ આદિ બોયકોટ કરવા માટે શિક્ષકો, માતા પિતા કે ધર્મશાસ્ત્રોને ન ગણકારતા અંતઃકરણના અવાજ પ્રમાણે વર્તવાનું તેણે જણાવ્યું છે. જો ગાંધીજીનું કહેવું સત્ય હોય તો તેના કહ્યા પહેલા વસ્તુતઃ સૌ અંતઃકરણના અવાજ પ્રમાણે વર્તતાજ હતા, પરંતુ પોતાનું મંતવ્ય સિદ્ધ કરવા સારૂ લોકોનો તે હક્ક છિનવી લઇ અર્થાત્ લોકોનું અંતઃકરણ હરી લેઇ પોતાના અંતઃકરણના અવાજ પ્રમાણે વર્તાવી પિતા પુત્ર વચ્ચે, પતિ પત્ની વચ્ચે, ભાઈ ભાઇ વચ્ચે, મિત્ર મિત્ર વચ્ચે અને ગુરૂ શિષ્ય વચ્ચે તેણે વૈમનસ્ય કિંવા ભારે કલહ કરી મૂકયો છે. જો અંતઃકરણની મરછા પ્રમાણે વર્તવામાંજ મનુષ્યનું શ્રેય હોય તો દારૂડીયો દારૂ પીયે છે, વ્યભિચારી વ્યભિચાર કરે છે, જુગારી જુગાર રમે છે, ચોર ચોરી કરે છે વગેરે દુરાચારીઓ સૌ પોત પોતાના અંતઃકરણના અવાજ કિંવા સદસદ્ વિવેક બુદ્ધિ પ્રમાણે દુરાચાર કરે છે તેઓને શા માટે શિષ્ટ પુરૂષોએ સદ્બોધ આપી

અટકાવવા જોઇએ! ગાંધીના કહેવા પ્રમાણે તો તેઓ ઉચિત વ્યવહાર કરે છે એમ ઠરવું ઘટે, પરંતુ તેને કોઇ ઉચિત ગણતું નથી. મન કિંવા અંતઃકરણ તો એવા છે કે જે તેની નજરે પડે, જે તર્કમાં આવે તે કરવા લલચાય છે. સારૂં, લોક હિતકારી કાર્ય તર્કમાં આવ્યું હોય તો ઠીક નહિતર કોઇને એમ અંતઃકરણમાં અવાજ ઉઠયો કે આખી પૃથ્વીનું દ્રવ્ય અને ઉત્તમોત્તમ ભોગ્ય વસ્તુઓ જેની પાસે હોય તેની પાસેથી ઇચ્છાએ કે બળાત્કારે સંપાદન કરી હું ભોગવું અને સૌ મને ઇશ્વર ગણી પુજે તો શું તેને તેમ કરવા દેવું? અર્થાત્ દરેક બુદ્ધિમાન્ પુરૂષ તત્કાળ તેવા દુષ્ટ વિચાર-વાળાને ગાંડો બેવકૂફ સમજી તિરસ્કારશે; તદ્વત્ ગાંધીજીના અંતઃકરણના અવાજ કે સદસદ્ બુદ્ધિનું થવું જોઇએ.

સત્ય કહીએ તો અંતઃકરણના અવાજની હિમાયત એ એક પ્રકારનો દંભ-ઢોંગજ પૂરવાર થયેલ છે. ગાંધીએ પોતાનો કક્કો ખરો કરાવવા માટે જયાં સૂધી કોંગ્રેસાદિ સંસ્થા પોતાના કબજામાં નહોતી આવી ત્યાંસૂધી તેની હિમાયત કરી હતી અને પછી તે સ્વાધીન થતાં તેણે કોંગ્રેસની આજ્ઞા નહિ માનવામાં પાપ અને દેશદ્રોહ જણાવ્યો છે. કેટલાક સ્વતંત્ર બુદ્ધિના દેશભકત વકતાઓએ કોંગ્રેસ અને સભાઓમાં પોતાના અંતઃકરણના અવાજ પ્રમાણે ગાંધીને મહાત્મા ગાંધી ન કહેતા મી. ગાંધી કહ્યા એથી અંધ-શ્રદ્ધાળુ લોકોએ ગાંધીજીની હાજરીમાંજ તેઓનું અપમાન કરી પરાણે મહાત્મા ગાંધી કહેવા ફરજ પાડેલી છતાં અંતઃકરણનો

અવાજ અને સદસદ્ વિવેક બુદ્ધિનો હિમાયતી મહાતમા લોકોને વારતો નથી કે તે તેના અંતઃકરણના અવાજ પ્રમાણે કહે છે માટે કહેવા દો. મતલબ કે અજ્ઞાન લોકોને અંતઃકરણના અવાજ અનુસાર ચાલવાનું કહેવું એ એક અવિચારી ઉપદેશ છે, તેમાં ચોખ્ખું પાખંડ રહેલું છે; માટે પોતાનું હિત ઇચ્છનાર સમજુ માણસોએ તેવી અનર્થકારી વાત ન સાંભળતા કે સ્વીકારતા ધર્મશાસ્ત્ર, ગુરૂ અને માતાપિતા વડીલોનીજ આજ્ઞાને અનુસરવું.

## અહિંસાનું સત્ય સ્વરૂપ.

शस्त्रं द्विजातिभिर्ग्राह्यं धर्मोयत्रोपरुध्यते ।
द्विजातीनां च वर्णानां विप्लवे कालकारि ते ॥
आत्मनश्च परित्राणे दक्षिणानां च सङ्गरे ।
स्त्री विप्राभ्युपपत्तौ च घ्नन्धर्मेण दुष्यति ॥

પ્રાણી માત્રે મન વાણીને કર્મથી અહિંસક રહેવું જોઇએ. પશુ પક્ષી કે મનુષ્યને કોઇ પ્રકારની ઇજા ન કરવી જોઇએ. અહિંસાનું વ્રત યથાર્થ રીતે પાળનાર સિંહ જેવા વિકરાળ જાનવર ઉપર પણ કાબુ મેળવી શકે છે. અહિંસા વ્રતધારી પુરૂષો આગળ સિંહ વાઘ તેની મદોન્મત્તતા છોડી બકરા જેવા નમ્ર બની જાય છે. અહિંસા પાળનારો પ્રાણીમાત્રનો મિત્ર બને છે ને પ્રાણીમાત્ર તેનું હિતચિંતક બને છે. અહિંસા વ્રત રાખ-

નારનો જેમ મૃત્યુ લોકપર વિજય થાય છે તેમ સ્વર્ગમાં પણ તેને ઉત્તમ ગતિ પ્રાપ્ત થાય છે. હિંદુ ધર્મ શાસ્ત્રમાં અહિંસાનું બહુ બહુ મહાત્મ્ય વર્ણવાયું છે, ને પ્રાયઃ હિંદુ પ્રજા તે પ્રમાણે વર્તી પણ રહી છે.

પરંતુ અહિંસાના પણ પ્રકાર છે. યજ્ઞ નિમિત્તે હિંસા થાય એ હિંસા ગણાતી નથી, કિંતુ અહિંસા–પુણ્ય ગણાય છે; કારણ કે જો યજ્ઞ યાગ ન કરાય તો દેવતાઓ પ્રસન્ન ન થાય ને વરસાદ ન વરસાવે એમ શાસ્ત્રકારો કહે છે. ક્ષત્રિયો વન જંગલોમાં જઇ સિંહ વાઘનો શિકાર કરે એમાં દોષ મનાતો નથી પણ તે તેનો વાસ્તવિક ધર્મ મનાયો છે. જો ક્ષત્રિય રાજાઓ શિકાર ન કરે તો તેનામાં યુદ્ધ તાલીમ નષ્ટ થાય, ક્રૂર પશુઓ લોકોમાં રંજાડ કરી મૂકે, બળવાન રાજા યુદ્ધ તાલીમ વગરના નિર્બળ રાજાપર આક્રમણ કરી તેને પરવશ બનાવે. તેમ પોતાના અંગપર કે માતાપિતા ગુરૂ સ્ત્રીવર્ગ દેવમંદિર કે કે ગાય ઉપર કોઈ દુષ્ટ અત્યાચાર ગુજારે ત્યારે તેની હિંસા–ઘાત કરવામાં પાપ મનાયું નથી પણ પુણ્ય–અહિંસા સિદ્ધ થઇ છે. આતતાયી ( આગ લગાડનાર, ઝેર આપનાર, હાથમાં હથિયાર લઇ સામો થનાર, ધન ચોરનાર, ભૂમિનું તથા સ્ત્રીનું હરણ કરનાર આ છ આતતાયી ગણાય છે. ) જો સામો મારવા માટે આવતો હોય તો તેને વિચાર કર્યા વિનાજ મારવો. આતતાયીને મારવામાં મારનારને જરા પણ દોષ લાગતો નથી એમ શાસ્ત્ર ખુલ્લે ખુલ્લું કહે છે. આપત્કાળના પ્રસંગમાં પણ મહર્ષિ મનુ, બૃહદ્ વિષ્ણુ આદિ શાસ્ત્રકારોએ આ પ્રમાણે છૂટ મુકી છેઃ—

"જ્યારે સાહસિક લોકોના બળથી ધર્મનો માર્ગ બંધ થાય–રોકાય અથવા સમયના પ્રવાહથી વર્ણ વિપ્લવ થવા માંડે (જેમ હમણા થઈ રહ્યો છે) ત્યારે ધર્મની રક્ષાને માટે બ્રાહ્મણ ક્ષત્રિય વૈશ્ય વગેરે દ્વિજાતિઓએ શસ્ત્ર–હથિયાર ધારણ કરવા જોઇએ. પોતાની રક્ષા માટે, ન્યાયપૂર્વક યુદ્ધ અને સ્ત્રીઓ તથા બ્રાહ્મણોની રક્ષા માટે ધર્મપૂર્વક પ્રાણીવધ કરવાથી દોષ લાગતો નથી."

"ગુરૂ, બાળક, વૃદ્ધ અથવા બહુશ્રુત બ્રાહ્મણ (જ્ઞાની મહાત્મા) પણ જો આતતાયી થઇ આવે તો વગર વિચાર કર્યે એનો નાશ કરવો જોઇએ. પ્રકટ અથવા ગુપ્ત રીતિથી આતતાયીને મારવામાં જરા પણ દોષ લાગતો નથી."

"ક્ષત્રિય પોતાના બાહુબળથી, વૈશ્ય અને શૂદ્ર ધનથી અને બ્રાહ્મણ જપ તથા હોમ હવનના બળથી આપત્કાળને હટાવે" વગેરે ધર્મશાસ્ત્રોના પ્રમાણ છે. આ પ્રમાણોને જૈનો ન સમજે કે ન માને અને જેમ તેઓ રાજાઓ જંગલમાં શિકાર કરવા જતાં નકામો શોર બકોર કરી મૂકી કીડી મંકોડીને બચાવી મનુષ્યનો સ્વાર્થવૃત્તિથી નાશ કરવા તત્પર થાય છે તેથી તેમજ ગાંધીજીએ પણ અહિંસાનો અવળો ઉપદેશ કર્યો એથી પ્રજા નમાલી નપુંસક જેવી બની ગઇ છે. અહિંસા કે જે ધર્મ પ્રાપ્તિનું એક સાધન છે ને જેનો ઉપયોગ ઉપર પ્રમાણે શાસ્ત્ર વાક્યને અનુસરી કરવાનો છે તે ન સમજતા ગાંધીજીએ અહિંસાને ધ્યેય–જીવનનો મુખ્ય હેતુ છે એમ સમજાવી પ્રજાને તદ્દન બાયલી બનાવી દીધી છતાં પણ તેમાં ખુબી તો એ રહેલી છે કે અહિંસાના આંદોલનનો લાભ લઇ મુસલમાનો કે

ઇતર પરદેશી પ્રજા હિંદુઓપર હુમલા કરે, હિંદુઓની બેન દીકરીઓની આબરૂ ઇજ્જત લૂંટે, ગાયોની કતલ કરે, હિંદુઓને બળાત્કારે વટલાવે, મંદિરો અને દેવમૂર્તિઓ તોડે તો પણ હિંદુઓથી કાંઇ ન બોલાય. આત્મરક્ષણ કરવા માટેના સાધનોનો હિંદુઓથી બિલકુલ ઉપયોગ ન થઇ શકે; એટલુંજ નહિ પણ અહિંસાના એના ( ગાંધીજીના ) એવા મિથ્યા ઉપદેશથી હિંદુઓએ ચૂપકી પકડી, મલબાર મુલતાન વગેરે સ્થળોમાં અત્યાચારો સહન કર્યા તેથી તેમાં પણ ગાંધીજીને હિંદુઓનાજ દોષની ગંધ આવી છે. ગાંધીજી પોતે અહિંસાના કટ્ટર હિમાયતી કહેવરાવતા હોવા છતાં લડાઇ વખતે સરકારને વિના શરતે રીક્રુટ આપવા નીકળ્યા હતા તેમ મુસલમાનોએ હિંદુઓપર જયારે જયારે અત્યાચારો ગુજાર્યા ત્યારે ત્યારે તે વિશે તેઓને હિંસા કરવા બદલ ઠપકો દેવાને બદલે તેઓનો બચાવ કરે છે એથી વિચારશીલ પુરૂષો તો તેને મહાન ધૂર્ત-હિંદુ પ્રજા અને સનાતન ધર્મનો શત્રુજ ગણે છે. અહિંસાની બાબતમાં લોકોએ કેમ વર્તવું તે વિષે ગાંધી જેવા કોઇ અવિચારીના વાકયો પકડી ન બસતાં ઉપર પ્રમાણે શાસ્ત્રાજ્ઞાને હૃદયમાં ધારણ કરી વર્તવું એજ વાસ્તવિક અહિંસા છે, ને એવી શાસ્ત્રોક્ત અહિંસાના પાલનમાંજ સત્ય શ્રેય સમાયલું છે.

## દાન અને જપ મહાત્મ્ય.

दातव्यमिति यद्दानं दीयतेऽनुपकारिणे ।
देशे काले च पात्रे च तद्दानं सात्विकं स्मृतम् ॥

કલિયુગમાં લોકો આત્મકલ્યાણ–મોક્ષ માટે તપ યોગ યજ્ઞાદિ કઠિન સાધન ન આચરી શકે, કિંવા તે આચરવા અશકય છે એમ વિચારી પરમ કૃપાળુ મહર્ષિ વેદવ્યાસે દાન અને જપ આ સમયમાં ખાસ કરી કરતા રહેવાની લોકોને આજ્ઞા કરી છે. દાન આપવુંજ જોઇએ, એવો નિશ્ચય કરીને સામો ઉપકાર કરવાને અસમર્થ હોય એવા સુપાત્ર એટલે તપ તથા શાસ્ત્ર સંપન્ન બ્રાહ્મણને કુરૂક્ષેત્રાદિ પવિત્ર સ્થળમાં કોઇ પુણ્યવાળા પર્વને દહાડે જે દાન અપાય છે, તે દાન સત્વગુણી કહેવાય છે અને તે પ્રકારનું દાન એજ દાન કહેવાય છે ને તે દાતાને સદ્દગતિ અપાવે છે. પરંતુ અત્યારે દાન તો ઘણા થાય છે પણ તેવા દેશ કાળને પાત્ર જોઇ સત્વગુણી દાન કવચિત્‌જ થતાં દ્રષ્ટિએ પડે છે. હમણા તો જે દાન થઇ રહ્યા છે તે ખહુધા કીર્તિની લાલસાથી અદેશ અકાળ અને અપાત્રેજ દાન થાય છે, જેથી કરનાર અને જેને કરવામાં આવે છે તે ઉભય નરકગામી થાય છે.

ગાંધીજીએ સ્વરાજય હિંદી પ્રજાને ઘેર કરી દેવાને માટે કરોડો રૂપિયાનું દાન માગ્યું. લોકોએ તે વગર વિચાર્યું આપ્યું ને તે કયાં ખવાઇ તવાઇ ગયું તેનો પત્તો નથી. સરકારી શાળાઓ

શયતાની પાખંડી છે માટે તે ખાલી કરો ને રાષ્ટ્રીય શિક્ષણ શાળાઓ સ્થાપવા માટે દ્રવ્ય આપો. ભોળા ભલા લોકોએ અંધ શ્રદ્ધાથી તેમ કર્યું ને તે દાનની મોટી રકમોમાંથી "ગુજરાત વિદ્યાપીઠ" અર્થાત્ લાક્ષાગૃહ નામની સંસ્થા ગાંધીના હાથે સ્થપાણી. ગુજરાત વિદ્યાપીઠમાં રાષ્ટ્રીય શિક્ષણ એટલે દેશને ઉપયોગી એવું ધર્મ સાથે વેપાર હુન્નર ઉદ્યોગ આયુર્વેદ ગણિત ઇતિહાસ અને ભાષાઓનું જ્ઞાન આપવું જોઇએ તેને બદલે મંગળાચરણમાંજ હિંદુઓને પતિત બનાવવા માટે ઢેઢાઓને દાખલ કરી, તેઓને ઉંચ વર્ણના હિંદુઓના છોકરાઓ સાથે બેસાડી રેંટીઓ કાંતવાનું નિરર્થક શિક્ષણ આપવું શરૂ કરી સૌને ભ્રષ્ટ અને મૂઢ બનાવ્યા છે.

આસ્તિક હિંદુઓના (મુસલમાનો તો હિંદુઓને દ્રવ્ય આપતા નથી. ઉલટું હિંદુઓએ મૂર્ખ બની ખિલાફતના ફંડમાં આપ્યું તે છોટાણી જેવા લાખો રૂપિયા ગરપ કરી ગયા) દાનનો વિદ્યાપીઠ સ્થાપવાથી કેમ જાણે પૂરો ઉપયોગ ન થયો હોય તેમ સમજી ગાંધીજીએ તેના પેટામાં "ગુજરાત પુરાતત્ત્વ મંદિર" નામની સંસ્થા ખોલી છે. એ સંસ્થામાં જૈનોથી બહિષ્કૃત એવા એક સાધુને તથા બે ત્રણ બુદ્ધિસ્ટ તથા નાસ્તિક મતવાદીઓને કાર્યકર્તા તરીકે ગાંધીજીએ યોજયા છે. હિંદુઓના દાનના પૈસા વડે જયારે એ સંસ્થાના કાર્યવાહકોએ જૈન તથા બુદ્ધ ધર્મને લગતા પુસ્તકો સાત આઠ પ્રકટ કર્યા એટલે કેટલાક હિંદુઓએ તેઓને પ્રશ્નો કર્યા કે તમે આવું હિંદુ ધર્મ વિરૂદ્ધ સાહિત્ય પ્રકટ કરો છો પણ હિંદુ ધર્મનું કેમ કરતા નથી? ઉત્તરમાં તેઓએ જણાવ્યું

કે એ પણ થઇ રહ્યું છે. તેમના કહેવા મુજબ હમણા તેઓ તરફથી "આર્યોના તહેવારોનો ઇતિહાસ" એ નામનું એક પુસ્તક "ઋગ્વેદી" ની સંજ્ઞાથી લખાએલું પ્રકટ થયું છે તે અમે વાંચ્યું અને અમારા અનેક મિત્રોને પણ વંચાવ્યું. ગુજરાતી પ્રેસે જેમ "વ્રતરાજ" નામનું પુસ્તક પ્રકટ કરી તેમાં શાસ્ત્રોક્ત દૃષ્ટિએ હિંદુઓના વ્રતો, તેનું મહાત્મ્ય, વિધિ વગેરે બતાવ્યા છે તેમ તેથી ઉલટુંજ આ "આર્યોના તહેવારનો ઇતિહાસ"માં નાસ્તિક બુદ્ધિએ હિંદુઓના તમામ દેવ દેવતા અવતારોને મિથ્યા કપોલ કલ્પિત ઠરાવવામાં આવ્યા છે. મત્સ્યાવતાર, વરાહાવતાર, નૃસિંહાવતાર, વામનજી, પરશુરામ, શ્રીરામચંદ્રજી, શ્રીકૃષ્ણ, આદિ ઇશ્વરના અવતાર નહોતા; પરંતુ ડારવીનના સિદ્ધાંતાનુસાર અથવા બુદ્ધ ધર્મ પ્રમાણે તેઓ સૃષ્ટિની ઉત્પત્તિનું ભાન કરાવનારા હતા એટલે કે માછલા, ડુક્કર, સિંહ, ઠીંગણો માણસ, તામસી માણસ, સ્ત્રીમાં મોહ પામેલો માણસ, રાજકાર્યે પટુતાવાળો માણસ વિગેરે ક્રમપૂર્વક જન્મી છેવટે પૂર્ણ પ્રજ્ઞારૂપે તો બુદ્ધદેવ થયા. તેમ રામાયણ તથા ભાગવતાદિ પુરાણોમાં શ્રીરામચંદ્રજીએ શલ્યાની અહલ્યા કરી, સમુદ્રમાં તરતો સેતુબંધ બાંધ્યો, શ્રીકૃષ્ણે કાલિયા નાગને નાથ્યો વગેરે ખોટી વાતો છે, લોકો જે પ્રમાણે તેનો અર્થ કરે છે તેમ થતો નથી અને ઘણી વાતો એ ગ્રંથોમાં પાછળથી ઉમેરાયલી છે. શ્રીરામચંદ્રજીએ કે શ્રીકૃષ્ણે ચમત્કારિક કાર્યો કર્યા તો જેસસ ક્રાઇસ્ટે, મહમદ સેલે કે યુરોપના શોધકોએ ટેલીફોન ગ્રામોફોનાદિ શોધી કયાં ચમત્કાર નથી કર્યા? તો તો તેઓને પણ ઇશ્વરના અવતાર માનવા જોઇએ વગેરે અત્યંત નીચતાભરી, હિંદુ ધર્મને કલંકિત

કરનારી, હિંદુ ધર્મ શાસ્ત્રોનું ખંડન કરી ઉગતી ઉછરતી પ્રજાને નાસ્તિક, અશ્રદ્ધાળુ, ધર્મદ્રોહી બનાવનારી વાતો એ પુસ્તકમાં આબેહુબ ભરી છે. શ્રીમદ્ વલ્લભાચાર્યજી ( મહાપ્રભુજી ) જેવાના સંબંધમાં પણ એ દુષ્ટોએ કહેવાનું બાકી રાખ્યું નથી. એ પુસ્તકના ૨૨૨ પૃષ્ટપર તેઓ જણાવે છે કે "વલ્લભાચાર્યે લોકોમાં પુષ્ટિમાર્ગ નામનો સંપ્રદાય ચાલુ કર્યો અને વિષયોપભોગનું મહત્ત્વ વધાર્યું. રાધાકૃષ્ણની પૂજા કરવી અને નવવિધા ભક્તિથી તેમની આરાધના કરતી વખતે વિષયોપભોગને તિરસ્કારવો નહિ, એવું કહેવાથી વલ્લભીપંથ નીતિ માર્ગથી પડયો."

કહેવાનો ભાવાર્થ એ છે કે વગર વિચાર્યું અપાત્રે દાન કરવાથી ઉપર પ્રમાણે આપણાજ દ્રવ્યથી આપણોજ ઉચ્છેદ થાય છે; માટે દ્રવ્ય ખર્ચનારે–દાન કરનારે વિવેક રાખીને ધર્મનું સંરક્ષણ થાય તેવી સુપાત્ર ગો બ્રાહ્મણ હિતકારી સંસ્થા, પાઠશાળાઓને કે વ્યક્તિઓને પૂર્ણ તપાસી ખાત્રી કરી પછીજ દાન દેવું.

દાનની જેમ જપનો મહિમા પણ અગાધ છે. ચોવીશે કલાક દુન્યાના પ્રપંચમાં ગુંથાઇ લોકો અનેક સાચા ખોટા કરે છે, તેમાંથી હમેશા કલાક બે કલાક બચાવી મુંબઈની ભાટીયા મહાજન વાડીમાંની શ્રીમાન્ નરહરિ શાસ્ત્રીની ભગવદ્ગીતા પાઠશાળા જેવી સંસ્થામાં, શ્રીનર નારાયણના મંદિરમાંની શ્રીમાન્ જાદવજી મહારાજની ભજન મંડળીમાં કિંવા માધવબાગમાંની શ્રીમાન્ મગનલાલ શાસ્ત્રીની પાઠશાળામાં જઈ ભગવદ્નામ ઉચ્ચારે, ઉપદેશ સાંભળે કે ગીતાનું પારાયણ કરે તો તેના જેવું બીજું એકેય ફળદાયી નથી. ભગવાન્ મનુ કહે છે કેઃ—

**विधियज्ञाज्जपयज्ञो विशिष्टो दशभिर्गुणैः ।**
**उपांशुः स्याच्छतगुणः साहस्रो मानसः स्मृतः ॥**

અર્થાત્ કર્મયજ્ઞો કરતાં એટલે દર્શ, પૌર્ણમાસ નામના યજ્ઞો કરતાં જપયજ્ઞ દશગણો ઉત્તમ છે, ઉપાંશુ જપ એટલે પાસે બેનસારો પણ ન સાંભળે એવો જપ સોગણો ઉત્તમ છે તથા માનસિક જપ એટલે હોઠ હાલે નહિ તેમ મનમાં કરેલો જપ હજારગણો ઉત્તમ છે એમ જાણવું. આવા પ્રભાવવાળા દાન અને જપ કરવાનું છોડી જો તેને બદલે કોઈ ગાંધી જેવા મૂર્ખ રેંટીઆ ફેરવવાનો ઉપદેશ કરે તો માનવું કે તે પાગલ છે-શુદ્ધ બુદ્ધ રહિત છે.

મોક્ષના ધ્યેયવાળી હિંદુ પ્રજા સુપાત્રે દાન કરવાનું તથા હરિ નામનો જપ-ભક્તિ યથાશક્તિ અખંડિત કરતા રહી આલોક પરલોકનું સાર્થક ઉક્ત લખાણનું તાત્પર્ય સમજી કરતી રહે એવી પ્રભુ પ્રત્યે અમારી અભ્યર્થના છે.



# ખાદી અને રેંટીઆની ફીલ્સુફી.

સ્વતંત્રતાના સામ્રાજયમાં હિંદુઓ વિવિધ પ્રકારના હુન્નર ઉદ્યોગ અને વાણિજય ખીલવી પરદેશથી સંપત્તિ ઘસડી લાવતા હતા; પરંતુ જયારથી મુસલમાનોએ હિંદપર ઉપરા ઉપરી આક્રમણ કર્યાં અને હિંદુઓ માંહોમાંહની ફાટફુટને લઈ પરવશ બન્યા ત્યારથી વાણિજયને ધક્કો ભારે પહોંચ્યો છે. મુસલમાન કાળમાં પ્રજાને ઘણું ઘણું સોસવું પડયું હતું છતાં લોકોમાં શૌર્ય અને વીર્ય ટકી રહ્યા હતા, પ્રજા હથિયાર બંધ હતી; પરંતુ અંગ્રેજી શાસનમાં તો તે પ્રજાની હરિફાઇ અને જબરજસ્તીને લઇ દેશના વેપાર ઉદ્યોગ કળા કૌશલ્ય સદંતર નષ્ટ થઈ ગયા છે. નિત્યની વપરાશની એવી નાની મોટી હરેક ચીજ પરદેશથી અત્યારે મંગાવવી પડે છે. દર વર્ષે ઓછામાં ઓછો દોઢ અબજ રૂપિયાનો માલ પરદેશથી હિંદમાં આયાત થાય છે. જેમકે કાપડ રૂ. ૬૦ાા કરોડનું, ખાંડ રૂ. ૩૦ાા કરોડની, દારૂ રૂ. ૩ા કરોડનો, લોઢું રૂ. ૧૨ાા કરોડનું, રેલ્વે યંત્ર રૂ. ૧) કરોડના, રેશમ કાચુ રૂ. ૪ાા કરોડનું, દવા રૂ. ૪ા કરોડની, કટલેરી રૂ. ૩ા કરોડની, કાગળો રૂ. ૨ાા કરોડના, મીઠું રૂ. ૨ા કરોડનું, જેલી બીસ્કુટ રૂ. ૨) કરોડના, તેજાના, રૂ. ૨ાા કરોડના, ઉનની બનાવટનો માલ રૂ. ૨ા કરોડનો, મોટરો, સાઈકલો તથા એપરેટસો રૂ. ૨ા કરોડના, સાબુ રૂ. ૧) કરોડનો, તમાકુ સીગરેટ રૂ. ૨ા કરોડની, દીવાસળી રૂ. ૧ાા કરોડની તથા કાચ રૂ. ૧ા કરોડનો વિગેરે અનેક વસ્તુ ખરીદી દેશ કંગાલ અને વધારે પરાધીન બનતો જાય છે.

યુરોપમાં લડાઇ સળગી ત્યારે ઉપર જણાવેલ દોઢ અબજ રૂપિયાની વસ્તુઓમાંથી ઘણીખરી આવતી અટકી ગઈ હતી. દેશના આગેવાનોએ તે વખતે જો મગજ ઠેકાણે રાખી દીર્ઘદ્રષ્ટિથી વિચાર કરી ઉપાય લીધા હોત તો ઘણીખરી પરદેશી વસ્તુઓ આયાત થતી અટકી ગઈ હોત ને દેશને દરિદ્રતામાંથી બચાવી શક્યા હોત. જે જે ચીજ યુરોપ અમેરિકા જપાનથી હિંદમાં આયાત થાય છે તે તે મોટે ભાગે હિંદમાંથી ચડેલી કાચી વસ્તુની પાકી બની તેના પર અનેક ખર્ચ-મજુરી, નફા, નુર ચડી આયાત થાય છે, એટલે તે જો કાચી વસ્તુઓ દેશમાંજ રોકી પાકી બનાવાય તો આયાત કરવાની-મંગાવવાની બિલકુલ જરૂર પડે નહિ.

લોકમાન્ય તિલકે સ્વદેશીનું ખરૂં હાર્દ સમજી બ્રિટીશ ગુડઝ બોયકોટ કરવાની અને પરદેશથી મંગાવવી પડતી દરેક વસ્તુ દેશમાં બનાવવાની હીલચાલ ઉપાડી લીધી હતી પરંતુ દેશના દુર્ભાગ્યે તેઓ સ્વર્ગસ્થ થતાં ગાંધીજી સ્વરાજયની ચળવળના મોખરે આવ્યા ને તેમને બ્રિટીશ ગુડઝ બોયકોટની ચળવળમાં તિરસ્કારની ગંધ આવી. રાષ્ટ્રીય પક્ષના નેતાઓએ બ્રિટીશ ગુડઝ બહિષ્કાર કરવા માટે ઘણુંય મથન કર્યું પણ તિર-સ્કારની ગંધવાળા ગાંધીજીએ તેને જરાપણ સ્થાન લેવા દીધું નહિ છતાં તેને પાટવી કુંવરના આગમન વખતેજ બ્રિટીશ કપડાં ગરીબોના અંગપરથી લાખો રૂપિયાના ઉતરાવી હોળી કરવાનું સૂઝયું. રીફુટ સમયની અહિંસાની જેમ આ વખતે વિલાયતી કાપડ બાળાવી નાંખવામાં તેની તિરસ્કારની ગંધ ઉડી ગઇ

હતી. સ્વદેશી મીલ કારખાનાના ઉદ્યોગને પગભર થવાની જે ઉત્તમોત્તમ તક પ્રાપ્ત થઈ હતી તેને ન સાધવા દેતાં અર્થાત્ તે ખીલવવામાં તેણે ગુલામી જણાવી ખાદી અને રેંટીઆની ચળવળ અતિ ઉગ્ર વેગથી ચલાવવા માંડી.

ખાદી પહેરે, ખાસ કરી જે ગાંધીપંથી કુડતું ટોપી ઘાલી રેંટીઓ ફેરવે તેજ દેશભકત, તેજ સભામાં બેસી શકે, તેજ ભાષણ કરી શકે, તેજ કોંગ્રેસાદિનો સભાસદ થઇ શકે, પછી ભલે તે સંફેદ કુડતા ટોપીનો વેશધારી વિલાયતી બુટ પગમાં ઘાલી, વિલાયતી સીગરેટ મોંમાં ઘાલી, વિલાયતી દવા લોકોના પેટમાં ઘાલી, વિલાયતી મોટરમાં હરે ફરે ને ગમે તેવા દુરાચાર કરે તેની તેને પરવા નહોતી અને નથી. આ દંભમાં માન પાન મળતું હોવાથી તેમજ સ્વાર્થ સરતો હોવાથી ઘણાએ કેવળ દેખાદેખીથી મોહથી અને લાલચ લોભ કે તિરસ્કારના ભયથી ખાદી પહેરી ઘરમાં રેંટીઆ વસાવી દીધા છે. આથી ખાદી તથા રેંટીઆ બનાવનારા અને વેચનારા ખૂબ કમાવા લાગ્યા છે. તેઓએ પ્રસંગને અનુકૂળ ધારી ખાદી રેંટીઆના ભાવ પણ મરજી મુજબ—બેકના ત્રણ ગણા વધારી લાભ લીધો છે. ભણેલા ગણેલા વર્ગે ઉંચા ભાવની ખાદી વાપરવા માંડી એટલે ખાદી—પાણકોરાના ખરા વાપરનારા કણબી કોળી વગેરે ખેડુત વર્ગ જે તેના જાડા—ખેડના ધંધાને અનુસરી કાયમ ખાદી—પાણકોરૂં વાપરનારા હતા તેઓએ તે મોંઘા ભાવની ખાદી છોડી સસ્તા ભાવનો જાપાની લઠો વાપરવા માંડયો છે. ઇશ્વરી નિયમ એવો છે કે મનુષ્ય હમેશા સારૂં સુંદર સસ્તુ સમય સંજોગ તથા સ્થિતિને અનુસરતું વાપરવા ઇચ્છે છે.

શ્રીમંત વર્ગ અને રાજા મહારાજાઓ હમેશા સુંવાળા અને ઉંચી કિંમતના વસ્ત્રો વાપરે છે, મધ્યમ વર્ગ સાધારણ કિંમતના ને ગરીબ ઓછી કિંમતના લાંબો કાળ ટકે એવા મજબૂત જાડા કપડા વાપરે છે. તેમ માંગલિક પ્રસંગે લોકો રેશમી અને કિંમતી વસ્ત્રનો ઉપયોગ કરે છે, શિયાળામાં ઉનના લુગડા પહેરે છે ને ઉનાળામાં મલમલ જેવા પાતળા વસ્ત્ર પહેરવા એ સર્વ સાધારણ સ્વભાવ અને પ્રચલિત રીતિ છે પરંતુ એપર જાણી જોઇને દુર્લક્ષ કરી ગાંધીએ બધાને એક નાથે નાથવા માંડયા છે. આખા દેશમાં તેણે લોકોને ફતવાપર ફતવા મોકલાવ્યા કે ગમે તે સ્થિતિ અને સંજોગમાં તમે ખાદી પહેરો અને રેંટીઓ કાંતો. લગ્ન મરણ, શ્રીમંતાઇ ગરીબાઇ, રાગી વિરાગી, રાજા પ્રજા, સ્ત્રી, પુરૂષ, બાળક તમામે ખાદી પહેરી રેંટીઓ કાંતવો અને વણવું. તેણે ખાદી પહેરી રેંટીઓ કાંતવામાં સ્વરાજ્ય મળવાનું, હૃદય શુદ્ધ થવાનું તથા જ્ઞાન, મોક્ષ વગેરે મળી જવાનું જણાવ્યું.

પાઘડી કે જે દેશનો ખરેખરો ભૂષણાસ્પદ પોશાક છે તે રચનાથી ખાદીના ટોપી કુડતું ધારણ કરાવવાથી તે ધારણ કરનારા જેલના કેદી જેવા કંગાલ બિહામણા લાગે છે. અમેરિકામાં એક સ્થળે કોઇ અમેરિકને સ્વામી રામને તેના શિર પરની પાઘડી સંબંધમાં પ્રશ્ન પૂછતાં સ્વામીએ જણાવ્યું કે અમે હાથ પગ વગેરે તમારૂં લઇશું પણ માથું–પાઘડી તો અમારૂંજ રાખીશું. માથું–પાઘડી કદાપિ બીજાનું નહિ લઇએ. લો. તિલકે પણ વિલાયતમાં તેજ પ્રમાણે વર્તન કર્યું હતું અર્થાત્ લોકમાન્યે પાઘડી શિરપરથી કદી ખસેડી નહોતી, પરંતુ મૂર્ખ

અને અંધ શ્રદ્ધાળુ લોકોએ તો રાષ્ટ્રીય પોશાક-પાઘડી વગેરેને છોડી કુડતું ટોપી પહેર્યો એટલુંજ નહિ પણ ગાંધીના કહેવાથી રેંટીઆનો વરઘોડો કાઢી રેંટીઆની પૂજા પણ કરી. જેમ તેણે દેવ દેવતાની પૂજાને ઠેકાણે રેંટીઆને સુદર્શન ચક્ર મનાવી, તેમાં વેદનું ગાન થતું જણાવી, પ્રભુ નામની માળા ફેરવવાને બદલે રેંટીઆથી-પ્રભુ-પ્રાપ્ત થવાનું જણાવી પૂજા કરાવનાર અને કોંગ્રેસની બેઠકમાં પ્રતિનિધિઓ પાસે જોડા કોથળીમાં નંખાવી ઉપડાવ્યા તેમ જો તેના જાતિ ભાઇ જગત ઉપકારી ઢેઢાઓના વિષ્ટાના ટોપલા પૂજવાનું મૂર્ખ અંધ-શ્રદ્ધાળુ લોકોને તેણે કહ્યું હોત તો પણ કેટલાય નાદાન્ બુદ્ધિના સ્વાર્થી દુષ્ટો તેમ કરવા પણ તત્પર થતે. બ્રાહ્મણ ઢેઢડીને પરણી શકે ને ઢેઢડી બ્રાહ્મણને પરણી શકે એ પ્રકારના મી. પટેલના વર્ણસંકર ·બીલની ચર્ચા નડીઆદમાં ચાલતી હતી, તે અરસામાં કોઇ અમદાવાદનો ફુલચંદ ગાંધી નામનો વાણીયો આવેશમાં આવી જાહેર સભામાં બોલી ઉઠયો હતો કે હું ઢેઢની છોકરી પરણવા તૈયાર છું; પરંતુ મુશ્કેલી એ થઇ કે તેને તેના જેવો ઢેઢમાંથી કોઇ વર્ણસંકર તેની દીકરી પરણાવવા તત્પર થયો નહિ.

બેલ ગાડાનું વાહન સસ્તું અને સારૂં છે છતાં મોટર છોડી કોઇ તેમાં મુસાફરી કરતું નથી, તેમ બંટી કોદરાનું ધાન સસ્તું છે છતાં તે ન ખાતાં સૌ દૂધપાક પુરીનું ભોજન પસંદ કરે છે; તેવીજ રીતે ખાદી અને રેંટીઆના સંબંધમાં સમજવાનું છે. હિંદુસ્થાન દુનિયા સાથે છે, દુનિયાની બહાર નથી. જયારે તે દુનિયા સાથે છે ત્યારે તેણે તેની હરિફાઇમાં બરાબર સાવધાનતાથી

રહેવુંજ પડશે. આજસુધી પ્રમાદ વશ રહી આંખ મીંચામણા કરી જેમ કચડાઇ ગયું તેમ હવે માનભર જીવવું હશે તો પાલવશે નહિ. લોકોને ખાદી કાયમ પહેરવી કદી પસંદ પડશે નહિ તેમ લોકોની જરૂરીઆત ફક્ત ખાદી એકજ નથી પણ તેનાથી અનેક રીતે ઉપયોગી એવી સેંકડો વસ્તુઓની છે. અત્યારે લોકોનું જીવન બહુ મોંઘુ થઇ ગયું છે. ગરીબ માણસને પણ રોજ ઓછામાં ઓછો રૂપિયો એક ઘર ખર્ચનો જોઇએ છે. રેંટીઓ કાંતનાર માણસ દિવસમાં આઠ કલાક સતત કાંતે ત્યારે માંડ આઠ પૈસા કમાણી કરી શકે, તેમાં નિર્વાહ શી રીતે ચલાવવો? આજે માણસ મજુરી કરે તો પણ દશ બાર આના સહજ કમાઇ શકે છે; તેથી અત્યારના મશિનરીના જમાનામાં રેંટીઆને હાથ ધરી બેસવું બિલકુલ અશક્ય છે. રેંટીઆની વાતો અને ઉપદેશ કરનારા ખૂદ દિવસમાં એક કલાક પણ રેંટીઓ કાંતતા નથી તો બીજાઓ શી રીતે કાંતી શકે? રેંટીઓ એ સ્રી વર્ગનું તેમાં ખાસ કરીને રાંડી રાંડોને નવરાશનો વખત ગાળવાનું એક સાધન છે. બુદ્ધિશાળી બળવાન્ માણસને માટે તો તત્ત્વજ્ઞાન, નવી નવી શોધ ખોળ કે વેપાર વાણિજય રાજનીતિ ખેડવાનો પૂરતો અવકાશ છે. માટે સ્વરાજય ચાહનાર સમજુ લોકોએ તેવી ખાદી રેંટીઆની મિથ્યા પ્રવૃત્તિને આદર ન આપતાં બ્રિટીશ ગુડઝ બહિષ્કારના આંદોલન સાથે જે જે વસ્તુ પરદેશથી આવતી હોય અને જેની દેશને અનિવાર્ય આવશ્યકતા હોય તે તે શીખવા, બનાવવા ઉત્તેજન આપવા તથા પ્રસાર કરવા ભારે તજવીજ કરવી ઘટે.

# હિંદુ સંગઠન અને શુદ્ધિ.

त्रेतायां मन्त्रशक्तिश्च ज्ञानशक्ति कृतेयुगे ।
द्वापरे युद्धशक्तिश्च संघशक्ति कलौयुगे ॥

ત્રેતાયુગમાં જ્યારે લોકોપર આફત આવતી ત્યારે લોકો મંત્ર બળથી તેનું નિવારણ કરતા, સત્યયુગમાં જ્ઞાનબળથી, દ્વાપર યુગમાં યુદ્ધ શકિતથી અને કલિયુગમાં સંઘ શકિતથી થઇ શકે.

અત્યારે હિંદુ જાતિ તથા સનાતન ધર્મપર સર્વ દિશાએથી પ્રચંડ પ્રહાર થઇ રહ્યા છે. બુદ્ધ, જૈન, મુસલમાન, ખ્રિસ્તી, આર્યસમાજ, બ્રહ્મોસમાજ, આગાખાની, થીઓસોફીસ્ટ, શીખ, પારસી, સુધારક, નાસ્તિક આદિ સર્વ પંથના લોકો હિંદુ જાતિ તથા ધર્મના લોકોની નબળાઈ જોઈ હિંદુઓના દેવ દેવતાઓને તથા શાસ્ત્રોને નિંદવામાં જરાય બાકી રાખતા નથી. દુષ્કાળ કે રોગને બહાને માત્ર નામની મદદ કરી હિંદુઓને વટલાવવા માટે તેઓ તનતોડ મહેનત કરી રહ્યા છે. હિંદુ ધર્મશાસ્ત્રોને વિકૃત સ્વરૂપમાં મૂકી અર્થના અનર્થ કરી હિંદુઓને અશ્રદ્ધાળુ બનાવવા માટે પણ ભગીરથ પ્રયત્ન થઇ રહ્યો છે, અને બળ જબરાઈથી હિંદુઓ પર હલ્લા કરી, તેઓના મંદિરો અને મકાનોનો નાશ કરી, તેઓની સ્ત્રી બેન દીકરી માતાની લાજ આબરૂ લૂંટી બળાત્કારે વટલાવવા અને બળાત્કારથી ન વટલે તો છેવટે સંહાર કરવાનું પણ પરધર્મી લોક બાકી રાખતા નથી.

દુષ્કાળ અને રોગના બહાના નીચે પરોપકારનો ઝભો પહેરી હિંદુઓને વટલાવનાર ખ્રિસ્તી-મિશનરી લોક છે. તેઓ અન્ન વસ્ત્રની થોડીક મદદ આપી નિઃસહાય દરિદ્ર હિંદુઓને ખ્રિસ્તી બનાવે છે. તેમ મિરત વગેરે સ્થળે હોસ્પીટાલ ખોલી ત્યાં પ્રવીણ ડોકટરોને રોકવાથી સેંકડો હિંદુ દરદીઓ ઓપરેશન કે એવા કોઇ મોટા દર્દની ચિકિત્સા કરાવવા માટે જાય છે ને ઘણાખરા જાણ્યે કે અજાણ્યે વટલેલા ઢેઢ ભંગી કે યુરેજીયનના હાથનું રાંધેલું અન્ન ખાઇ ભ્રષ્ટ બને છે. આપણા નાસ્તિક હિંદુઓ પણ ગાંધીનું જોઇ જોઇ તેમ કરવા લાગ્યા છે, જેમકે સ્વામી શ્રદ્ધાનંદે કોંગ્રેસ કમિટીના દરેક સભ્યને અંત્યજ નોકર ફરજીયાત રાખવાનો આગ્રહ કર્યો છે ને મુંબઇમાં આસ્તિક લોકોના પૈસા વડે નભતી પીપલ્સ ફ્રી હોસ્પીટાલમાં ડો. સાઠે વગેરે પણ દરદીઓને ખાવા પીવાનું મદ્રાસી આયા કે ઢેઢડી જેવી વટલેલી સ્ત્રીને હાથે પહોંચડાવે છે. હિંદુઓને વટલાવી ખ્રિસ્તી બનાવવા માટે અમેરિકાદિ દેશના ક્રિશ્ચિયનોએ તો કરોડો રૂપિયા કાઢી અનેક પાધરીઓને હિંદમાં મોકલાવી દીધા છે.

બુદ્ધ અને જૈનોનો ઉચ્છેદ શ્રીમદ્ આદ્ય શંકરાચાર્યે તથા કુમારીલ ભટ્ટે કર્યો ખરો, છતાં પણ કાંઇક તેના બીજ અવશેષ રહી ગયેલા હતા; તે કુમારપાલ રાજાના વખતમાં પુનઃ જૈનોએ માથું ઉંચકી અંકુરીત કર્યા. હેમાચાર્ય નામના એક જૈન સાધુએ હિંદુઓના ચોવીશ અવતાર પરથી તેના ચોવીશ તીર્થંકર ઠોકી બેસાડયા છે ને ભગવાન્ શ્રીકૃષ્ણને તો તેણે નારકી જીવ બનાવી શ્રીકૃષ્ણના ભાઇ નેમીનાથને પ્રભુ બનાવ્યા છે. તેમ હિંદુઓના રામાયણ

મહાભારત પરથી તેણે જૈન રામાયણ અને જૈન મહાભારત બનાવી શ્રીરામચંદ્રજી તથા કૌરવ પાંડવોને જૈન અનુયાયી તરીકે ચિતર્યા છે.

જેવી રીતે જૈનોએ પોતાની દુનિયા કરી લેવા ધારી છે, તેવીજ રીતે આગાખાન પંથના ખોજાઓએ પણ હિંદુઓને વટલાવી, ખોજા બનાવવા માટે કમ્મર કસી છે. ખોજા પંથનો ધર્મ ગુરૂ કે જેને ખોજા કોમનો મોટો ભાગ ઇશ્વરના અવતાર તરીકે માને છે તે સાહેબ લોકોના પૈસોથી વિલાયતમાં અહર્નિશ વિરાજી બાદશાહી મોજ શોખ ઉડાવે છે. હરેક ધર્મવાળાઓને પોતપોતાનો પંથ સબળ કરતા જોઇ આગાખાન અને તેના અનુયાયીઓએ લાખો રૂપિયા કાઢી હિંદુઓને લોભ લાલચ અને મિથ્યા ઉપદેશથી વટલાવવાનું કાર્ય શરૂ કરી દીધું છે. તે લોકોએ આગાખાનને નકલંક અથવા કલંકી ભગવાનનો અવતાર ગણાવી હિંદુઓને ભરમાવવા માટે હિંદુ ધર્મ ગ્રંથોની વિકૃતિ-ભયંકર અનર્થ કરી નીચેના ભ્રષ્ટ પુસ્તકો બહાર પાડયા છેઃ—નકલંક જ્ઞાનપ્રકાશ ૩ ભાગ, નકલંક ભજન સંગ્રહ ૮ ભાગ, ખુલ્લી ચીઠી ભોપાલું, આફતાવે હકીકત, નકલંક શાલોકે ૩ ભાગ, હેલભીઆરા, જન્મોત્સવ જ્યોત્સના, અસલ દુઆ, હકીકત, ઇસ્માયલી આયના, ઇસાએ ઇસ્લામ એટલે શું? નારીકે સુલ્તાન મુહમ્મદ, ઇસ્માયલી ચાબુક, ખિસ્તીયમ, કૃષ્ણ વાણી, ઇસ્માયલી દર્પણ, નુરેવહદાનીયત ૨ ભાગ, ઇસ્માયલી પ્ર. ૨ ભાગ, મુલ ગાયત્રી, કાયા તિમીર ભાસ્કર, નકલંકી ગીત, મોટા દશ અવતાર, વૈદિક ઇસ્લામ, રાગમાલા, ઇમામે મૌજુદ,

અસલિયત ખોજા, અસલે દુઆ, ઈલાહી મત મરહુરે જાન, અલ્લો પનિષદ્, સતપથની, ગુલજારે હકીકત, બુદ્ધ અવતાર, મસનવી પીર, સમ્સ નિષેધ પ્રકાશ ભાગ ૨, મુસ્લીમ ધર્મ, તથા ઇજહારે હકીકત ચિત્રાવલી વગેરે.

ઉક્ત પુસ્તકોમાં હિંદુ લોકો જેને દશમો અવતાર માને છે તે અવતાર સ્વયં આગાખાન છે એમ જણાવી તેઓએ એટલી હદ સુધી લખ્યું છે કે, " જો હાલને હાલ ૧૨ કરોડ હિંદુઓ ઈસ્લામી મજબ સ્વીકારે તો તત્કાળ સ્વરાજ મળે. " આ કાર્ય સફળ કરવા માટે તે લોકોએ ભણેલા ગણેલા હિંદુ ગ્રેજ્યુએટોને તથા શાસ્ત્રીઓને મોટા પગાર આપી રોકયા છે. ઉંચ વર્ણના હિંદુઓને વટલાવવાનું કામ અશકય ધારી તેઓ બહુધા શૂદ્ર તથા અંત્યજ વર્ગને ભ્રષ્ટ કરવા સારૂ અથાગ મહેનત લઇ રહ્યા છે.

મુસલમાનોનો મોટો ભાગ હિંદુઓમાંથી વટલેલા શૂદ્ર અજ્ઞાની વર્ગનો છે. ઔરંગઝેબ તથા અલાઉદ્દીન ખુનીના બળાત્કારથી ઘણા હિંદુઓ વટલી મુસલમાન થયેલા છે. એ મુસલમાનોને ગમે તેટલી મદદ કરીએ, ગમે તેટલો તેઓ સાથે સ્નેહ બતાવીએ, ગમે તેટલું સહન કરી ભોગ આપીએ છતાં તેઓ કદાપિ અધમતા છોડે તેમ નથી. રાજાધિરાજ પૃથુરાજે શાહબુદીનને કઈક વખત પકડી દયાથી માફી બક્ષી છતાં તે કૃતઘ્ની થઇ ઉભો રહ્યો. અલાઉદ્દીનને મહારાણા હમીરે ક્ષમા બક્ષી જતો કર્યો તોય તેણે તેની નીચતા જળકાવી, તેમ હમણાના મુસલમાનોને ખિલાફતની ચળવળમાં હિંદુઓએ તન મન ધનથી મદદ

કરી છતાં પણ તેઓએ મલબાર, મુલતાન, ઝાંસી, સહરાનપુર, નાગપુર, પંજાબ, સિદ્ધપુર, દિલ્હી, ગુલબર્ગા વગેરે સ્થળે નિરપરાધી હિંદુઓપર અત્યંત દુષ્ટતા ભર્યા જુલ્મો ગુજાર્યા છે. હિંદુઓને માર મારી વટલાવવા ઉપરાંત, તેઓના દેવ મંદિરોમાંની મૂર્તિઓ તોડી ફોડી, સ્ત્રીઓની લાજ લૂંટી, માલ મિલકત પડાવી, ઘરો તારાજ કરી કઇક બાળકોને રેંસી નાંખ્યા છે.

હિંદુ જાતિ અને ધર્મના લોકોપર જયારે વિધર્મીઓના હાથે આટ આટલો અસહ્ય જુલ્મ ગુજરે છે ત્યારે હિંદુ પ્રજા, તેના શ્રીમંતો, આગેવાનો, આચાર્યો, રાજા મહારાજાઓ તથા વિદ્વાન્ પંડિતો શું કરે છે? શું તેઓ હૃદય વિનાના મૂઢ પામર પશુ બની ગયા છે કે પોતાનું રક્ષણ પોતે કરવા તત્પર થતા નથી? ખરેખર તેમજ છે. ઘણાખરા હિંદુ શ્રીમંતો, આગેવાનો, ધર્માચાર્યો તથા રાજાઓ પ્રાયઃ શંઢ હૃદયહીન નરપશુઓજ બની ગયા છે. તેઓ કાયરતા, પ્રમાદ, સ્વાર્થ, લોભ, વિષય વાસનાદિ દુર્ગુણોમાં સબડયા કરે છે, નહિતર આમ મૃતપ્રાણી સમાન મૌન શાન્તિ સેવી પાપના ભાગી ન બને.

પંડિત માલવિયાજીએ ગયાજીની હિંદુ મહાસભામાં હિંદુઓને તેઓની દયાજનક સ્થિતિનું ભાન કરાવી જાગૃત કર્યા અને હિંદુ સંગઠન કરવા માટે મોટી મોટી વાતો કરી કાશીમાં હિંદુ સભા સુદ્ધાં બોલાવી ત્યારે અમને એમ લાગ્યું હતું કે કલિયુગમાં આત્મરક્ષણ કરવા માટે વ્યાસ ભગવાનના ઉપદેશાનુસાર જે સંઘ શકિત જમાવવાની અગત્યતા છે તે પંડિતજીના સંગઠન

કરવાના પ્રયાસથી પાર પડશે; પરંતુ તત્કાળ પંડિતજીએ પણ તેનું પોત પ્રકાશ્યું. તેણે જણાવ્યું કે પ્રથમ આપણે તમામ જાતિના હિંદુઓએ એકત્ર થવા માટે બુદ્ધ જૈન શીખ વગેરે અહિંદુ ગણાતી કોમ સાથે અંત્યજ–ઢેઢ ભંગી ચમારોને પણ સ્પૃશ્યાસ્પૃશ્યનો બાધ કાઢી સાથે મેળાવી લેવા જોઇએ. અખાડા તથા સ્વયંસેવક દળ હિંદુઓના ગામે ગામ ઉભા કરી તેમાં તેઓની શરીર તથા મનની શક્તિ ખીલવી, હિંદુઓને તાલીમબાજ નિર્ભય મનના બનાવી, જ્યારે કોઇ પરધર્મી લોક હિંદુઓ પર હલ્લો કરે ત્યારે તે તાલીમબાજ સ્વયં સેવકોની મદદથી તેઓની ખોડ ભૂલાવી દેવી, એવા હેતુને પડતો મૂકી પંડિતજી ગાંધીના શિષ્ય બની ચમાર ભંગીને વળગ્યા એટલે ઉલટા હિંદુઓમાં માંહોમાંહે વિક્ષેપ અને નબળાઇ વધી પડયા છે.

મલબારમાં હજારો હિંદુઓને મુસલમાનોએ બળાત્કારે વટલાવ્યા છે, તેઓની શાસ્ત્ર વિધિએ પ્રાયશ્ચિત્ત અપાવી શુદ્ધિ કરાવી શકાય છે. તેમ વર્ષો થયા સંયુક્ત પ્રાંતમાં મલકાના રજપુત જેઓ માત્ર નામના મુસલમાનો કહેવાય છે પરંતુ ધર્મક્રિયા તમામ હિંદુઓની કરે છે તેઓને પણ પ્રાયશ્ચિત્ત આપી હિંદુ ગણી શકાય; પ્રાયશ્ચિત્ત લેઈ શુદ્ધ થયેલા તેઓ હિંદુ ગણી શકાય પણ તેઓ પોતાની અલગ જાતિ બાંધી તેની અંદર રોટી બેટી આદિનો વ્યવહાર કરી શકે. મૂળ જાતિમાં કદાપિ તેઓ ભળી શકે નહિ. ધર્મનું તથા ધર્મશાસ્ત્રોનું ખુન કરવાવાળા આર્ય સમાજીસ્ટોએ સ્વામી શ્રદ્ધાનંદની આગેવાની હેઠળ શુદ્ધિની ચળવળ થોડો વખત ચલાવી પણ જ્યારે તેઓએ મલકાના તથા તે

સાથે ગમે તે જાતિના નીચ શૂદ્રોને કે યવન મ્લેચ્છોને શુદ્ધ-ઉંચ વર્ણના હિંદુઓ બનાવવાની તથા અંત્યજોને ભેળવવાની બજારી કરવા માંડી ત્યારે તેઓ સામે હિંદુઓને ધિક્કાર વછુટયો ને હમણા તેઓ પણ શાંત પડી ગયા છે.

મહર્ષિ દેવલ કહે છે કેઃ—

**गृहीतो यो बलान्म्लेच्छैः पञ्च षट् सप्त वा समाः ।**
**दशादि विंशतिं यावत्तस्य शुद्धिर्विधीयते ॥**
**प्राजापत्यद्वयन्तस्य शुद्धि रेषा विधीयते ।**
**अतः परं नास्ति शुद्धिर्यस्तु म्लेच्छैः सहोषितः ॥**

અર્થાત્ જેને મ્લેચ્છ બળાત્કારથી પકડી પોતાને આધીન રાખે છે, તેની શુદ્ધિ પાંચ, છ સાત વર્ષથી લઇને વીશ વર્ષ સુધી બે વાર પ્રાજાપત્ય વ્રત વિદ્વાન્ બ્રાહ્મણ પાસે યથા વિધિ કરવાથી થાય છે, તેની પછી ( તે મુદત પછી ) થતી નથી.

ચમત્કાર વિના કયાંય કદિ નમસ્કાર થાય જ નહિ એ સૂત્ર હિંદુઓએ લક્ષમાં રાખી પોતાનું દળ અતિ ત્વરાથી જમાવવું જોઇએ. દુશ્મનને ભાઇ સાહેબ કહી સહન કરવાથી તે શત્રુ મટી કદાપિ મિત્ર બની સદ્ વ્યવહાર કરશેજ નહિ. અલબત જે લોક આપણી સાથે સ્નેહથી, ભાઇચારાથી વર્તે તેની સાથે તો આપણે સગા ભાઇની માફકજ વર્તવું પણ જે દુષ્ટો નિષ્કારણ સતાવે, પોચું જોઇ અત્યાચાર ગુજારવા તત્પર થાય તેને તો બરાબર દંડ દેવો. એવાઓ સાથે તો અખાડાઓમાં શરીર શકિત ખીલ-

વવાની તાલીમ લઈ, વૃદ્ધોની આગેવાની નીચે જુવાનીઆઓના સંઘ જમાવી **શઠં પ્રતિ શાઠ્યમ્** જ કરવું એટલે એ કૃતઘ્ની અત્યાચારીઓની મતિ એની મેળે તુરતજ ઠેકાણે આવશે ને ઉલટા તેઓ લાચાર બની ભાઇબંધી કરવા આતુરતા બતાવશે. ગાંધી તો પોતાને કોઇ વખત મૂર્તિભંજક મુસલમાન કહે છે, તો કોઇ વખત જૈન, ખ્રિસ્તી, બુદ્ધિસ્ટ કહે છે. તેણે જ હિંદુ ધર્મ શાસ્ત્રોને તથા હિંદુઓને વારંવાર નિંદી અહિંસાના ઉપદેશ વડે નિર્માલ્ય નપુંસક જેવા બનાવ્યા છે ને મુસલમાન વગેરેને વખતો વખત વખાણી, તેઓએ હિંદુઓ પર અત્યાચારો ગુજાર્યા છતાં એક પણ શબ્દ તેઓને ઠપકાનો ન કહેતા ઉલટા તેઓની પીઠ થાબડી પંપાળ્યા છે; એથીજ હિંદુઓની આટલી દુર્દશા થવા પામી છે; માટે જાતિ તથા ધર્મના અભિમાની એવા હિંદુઓએ પોતાનું શરીર બળ, બુદ્ધિ બળ, તથા સંઘબળ વધારી હિંદુઓનું સંગઠન કરવું ને તે સાથે શાસ્ત્ર વિધિને અનુસરી શુદ્ધિની ચળવળ પણ કરવી; પરંતુ પંડિતજી, શ્રદ્ધાનંદજી કે ગાંધીજીની માફક સંગઠન અને શુદ્ધિના નામે માંહોમાંહની લડાઈ કે અશુદ્ધિ કદાપિ ન પેદા કરવી.

---

# પરિષદો અને મહાસભા.



**त्रैविद्यो हेतु कस्तर्की नैरुक्तो धर्मपाठकः ।**
**त्रयश्चा श्रमिणः पूर्वे परिषत्स्याद्दशावरा ॥**

ધર્મશાસ્ત્રો કહે છે કે, " ત્રણ વેદને જાણનારા, શ્રુતિ સ્મૃતિને અનુકૂલ એવા ન્યાયને જાણનારા, મીમાંસાના તર્કને જાણનારા અને નિરૂક્ત તથા માનવ ધર્મશાસ્ત્રને જાણનારા બ્રહ્મચારી, ગૃહસ્થ કે વાનપ્રસ્થ આશ્રમવાળા ઓછામાં ઓછા દશ બ્રાહ્મણોની સભા એ પરિષદ્ કહેવાય છે. "

આગલા વખતમાં જ્યારે દેશમાં દેશ ઉપર કે ધર્મ ઉપર સંકટ આવી પડતું ત્યારે ઉપર પ્રમાણે યોગ્યતાવાળા પુરૂષો એકત્ર થઇ વિચાર કરતા ને માર્ગ કાઢતા; પરંતુ અત્યારે એ ધોરણ રહ્યું નથી. આજકાલ પરિષદ્, કોન્ફરન્સ, સમ્મેલન, કોંગ્રેસ, સભા, મહાસભા વગેરે પુષ્કળ સંસ્થાઓ અસ્તિત્વમાં આવી છે; વારંવાર તેના અધિવેશનો મળે છે પરંતુ નથી તો તેમાં ઉપરના શાસ્ત્ર વાક્ય અનુસાર કામ કરનારા જ્ઞાની પુરૂષો કે નથી તેમાં જેઓ કાર્ય કરે છે તેઓ કોઇ સંગીન કામ કરી બતાવનારા વ્યવહાર કુશળ ચતુર પુરૂષો ! અત્યારે તો એવા અવળી મતિના આગેવાની લે છે કે જેઓ સેંકડો અને હજારો લોકોના લાખો રૂપિયા નકામા ખર્ચાવી લોકોને એકત્ર કરે છે અને ખોટા વાતોના તડાકા મારી–નિરર્થક ઠરાવો પસાર કરી, ફોકટ તાળીઓ પીટાવી ત્રીજે દિવસ આવેલાઓને વિખેરી મૂકે છે.

ધર્મ પરાયણ વૃત્તિવાળા લોકોએ ભીરૂતાથી કે આળસ પ્રમાદથી ઘરનો ખુણો પકડયો એટલે અત્યારે પરિષદ્ કોન્ફરન્સ કોંગ્રેસ સમ્મેલન સભા મ્યુનિસિપાલિટી કે ધારા સભા વગેરે સંસ્થાઓમાં અર્ધદગ્ધ નાસ્તિક પાખંડી વર્ણસંકરો આગેવાન થઇ પડયા છે. તેઓ જે કાંઈ કામ કરે છે, તેમાં તેમની મલિન, ધર્મદ્રોહી ભાવનાઓ ઉતારે છે. સામાજીક, ધાર્મિક, ઔદ્યોગિક, સાહિત્ય, શિક્ષણ, ખેતીવાડી, રાજકીય જ્ઞાતિઓ કે હરકોઈ પ્રકારની સંસ્થા–પરિષદ્ કોન્ફરન્સ કે કોંગ્રેસમાં જેઓ આગેવાન તરીકે કામ કરનારા હોય છે તેઓ તે સંસ્થા સ્થાપવાના કે સભા ભરવાના મૂળ ઉદ્દેશને પડતો મૂકી સર્વત્ર વર્ણસંકરત્વ ફેલાવવા–બ્રાહ્મણ ભંગી હિંદુ મુસલમાન ખ્રિસ્તીનો એકાકાર કરાવવા તરફ ઢળી જાય છે, જેમકે કોંગ્રેસ અને પ્રાંતિક કોન્ફરન્સો તથા કાઠિયાવાડ રાજકીય પરિષદાદિમાં રાજકીય વિષય પડતો મૂકી અંત્યજ સ્પર્શ અને રેંટીઆ ખાદીના વાહીઆત ભાષણો અને ઠરાવો થવા પામ્યા છે. દુઃખ દરિદ્રતા પરાધીનતા ધર્મહીનતા આદિ નિવારણ કરવાના હેતુથી અનેક અગવડો વેઠી હજારો રૂપિયા ખર્ચી બોલાવાયલી પરિષદ્માં જ્યારે આવા અવિચારી અને મૂર્ખ લોકો આગેવાન બની ઉલટા વધારે અનર્થ કરવાના ઉપાય ઘડે ત્યારે તો શાણા પુરૂષોને સહજ એમ થઇ આવે છે કે આના કરતા આવી પરિષદો કોન્ફરન્સો કે સભા મહા સભાઓ બિલકુલ ન બોલાવાય કિંવા તેની હૈયાતીજ પૃથ્વીપર ન રહે તો અતિ ઉત્તમ ગણાય. એવી સભા પરિષદો ધર્મ રહિત, વર્ણસંકરોના વડપણ હેઠળ ન બોલાવાય તો વિશેષ અનર્થ થતો

તો જરૂર અટકે ! ઉપર પ્રમાણે અનર્થ થતો જોઇ વિચારશીલ દેશ હિતેચ્છુને મન એવું થઈ આવે એમાં આશ્ચર્ય નથી.

પ્રકૃતિના નિયમાનુસાર કોઇ પ્રાણી નિશ્ચેષ્ટ ક્ષણભર પણ રહી શકતું નથી, કાંઇક ને કાંઇક તે અવિશ્રાંત ઉદ્યોગ કર્યાજ કરે છે. મુશ્કેલીઓ ટાળવા માટે લોકો સમ્મેલનો પરિષદો વગેરે અવશ્ય ભરાવાના જ, તેમ ધારાસભા મ્યુનિસિપાલિટી વગેરે સંસ્થાઓમાં પ્રતિનિધિ બનીને ઘણા હૈયાચડાઓ ચોક્કસ ઉમેદવારી પણ કરવાના; પરંતુ જયારે તેમાં આપણા હિંદુઓનાજ મતથી પારસી ખ્રિસ્તી મુસલમાન યાહુદી અને ધર્મભ્રષ્ટ હિંદુઓ જઇ અનર્થ કરે છે ત્યારે શામાટે ધર્મનિષ્ઠ હિંદુઓએ ઉમેદવારી કરી ન જવું ? શામાટે ધર્મવત્સલ બુદ્ધિમાન્ સદાચારી પ્રમાણિક હિંદુઓને હિંદુઓએ પોતા તરફથી ચૂંટી, મત આપી ન મોકલવા ? અમારા નમ્ર મત પ્રમાણે કાંતો દેશમાં આજકાલ જેવી છે તેવી ધર્મ બોળનારી કોઇ સભા પરિષદ્ કોન્ફરન્સ કે મહાસભા ન રહેવી જોઇએ કિંવા હિંદુઓએ નહિ થવા દેવી જોઇએ પણ જો થવા દેવી તો તેના કાર્યવાહકો તરીકે ધર્મપરાયણ નિઃસ્વાર્થ વૃત્તિવાળા હિંદુ કાર્યકર્તાઓનેજ ચૂંટી મોકલવા; પરંતુ હમણાની માફક તટસ્થ કિંવા વ્યામોહ વૃત્તિ ધારણ કરી અનર્થમાં વધારો તો સમજુ હિંદુઓએ ન થવા દેવો જોઇએ.

---

## ઉપસંહાર.

**कर्मण्ये वाधिकारस्ते मा फलेषु कदाचन ।**
**मा कर्मफलहेतु र्भूर्मा ते संगोऽस्त्वकर्मणि ॥**

સનાતન ધર્મનું રહસ્ય, તેના સિદ્ધાંત તથા અંગ પ્રત્યંગ સાથે યથામતિ નિરૂપણ કરી ગાંધીજી તે કોણ! કેવા અને શું કાર્ય કરનારા છે! તે પણ ખૂબ અનુભવને અંતે આ ગ્રંથમાં દર્શાવવા પ્રયત્ન કર્યો છે. ન્યાયાધીશ ઉભય પક્ષને ન્યાય આપી શકતો નથી. સત્યવાદીને જેમ તે પ્રિય હિતવાદી પ્રમાણીક માલુમ પડે છે તેમ ગુન્હેગારને તે અપ્રિય, અન્યાયી અનુભવાય છે. "તત્વામૃત" ની માફક મારૂં આ પુસ્તક પણ કદાચ ગાંધી-પંથી ભાઇઓને કટુ, અપ્રિય લાગશે, એ હું સારી પેઠે સમજું છું પણ ધર્મ જાતિ તથા દેશની ખાતર મારે તેમ કર્યા વિના છૂટકો નથી; પરંતુ તેઓય, સનાતની ધર્માત્માઓની માફક પોતાનું જાતિ હિત તથા ધર્મનું અભિમાન કાયમ રાખી દેશોન્નતિ કરવા પ્રેરાય એજ મારૂં મંતવ્ય છે. હિંદુ સનાતન ધર્મને હું પરમ અલૌકિક વસ્તુ સમજું છું. તેના આચરણ અવલંબનથીજ લોકોનો આલોક પરલોક સફળ થઇ શકે એમ છે એવું મારૂં દઢ માનવું છે. દુનિયાના ઈતર દેશ-જાતિના લોકો તથા ધર્મો પ્રત્યે મને તિરસ્કાર નથી પરંતુ એટલું હું દઢતાપૂર્વક માનું છું કે તે તમામ સનાતન ધર્મમાંથી વિકૃત સ્વરૂપે ઉદ્ભવેલા છે; માટે સનાતન ધર્મની તુલનામાં તે સર્વે તુચ્છ છે, તેનાથી કદાપિ

મોક્ષ પ્રાપ્ત થઇ શકેજ નહિ; મોક્ષ તો એક સનાતન ધર્મના પરિપાલનથીજ મળી શકે એમ છે. મોક્ષ—આત્યંતિક શાન્તિ ઇચ્છનાર હરેક મનુષ્યે વહેલા મોડું હિંદુ સનાતન ધર્મને શરણે આવ્યા વિના છૂટકોજ નથી, કારણકે બીજા તમામ ધર્મોમાં અપૂર્ણતા અનેક પ્રકારની રહેલી છે, ત્યારે સનાતન ધર્મમાં સઘળી રીતે સંપૂર્ણતા છે. ઇતર જાતિ, ધર્મ તથા દેશના લોકો પ્રત્યે મને તિરસ્કાર નથી એમ હું ઉપર દર્શાવું છું છતાં હિંદુઓની ભલમનસાઇ, ભોળપણ કે નબળાઇનો ગેરલાભ લઇ જેઓ હિંદુ જાતિ તથા સનાતન ધર્મપર હુમલા કરે છે, માર મારે છે, વટલાવે છે, મૂર્તિઓની કતલ કરે છે ને ગાયોનો વધ કરે છે; તેઓ પ્રત્યે મને સંપૂર્ણ ધિક્કાર છે એટલુંજ નહિ પણ તેવા કૃતઘ્નીઓને કઠોર શિક્ષા કરી આ દેશમાં સુદ્ધાં રહેવા ન દેવા જોઇએ એવો હું મારો અંગત મત ધરાવું છું. આટલી સામાન્ય વાતો કહ્યા પછી સનાતની હિંદુઓને બે શબ્દ કહેવા ઇચ્છું છું કે હવે તમારે ક્યાંસૂધી બેદરકારી કુસંપ નિર્બળતા સેવી દુષ્ટોના પગ તળે ચગદાઈ દુઃખ સહેવું છે! જો તમારામાં કાંઇક માણસાઇ હોય ને ધર્મ વહાલો હોય ને પૃથ્વીપર માનસહ ટકવું હોય તો નીચેની સૂચના સ્મરણમાં રાખી નિર્ભયપણે પુરૂષાર્થ કરવા તત્વર થાવઃ—

૧ પ્રત્યેક હિંદુએ નાનપણથીજ ગીતા, ભાગવત, રામાયણ, મહાભારત, મનુસ્મૃતિ આદિ ધર્મગ્રંથોનું શિક્ષણ અત્યંત કાળજીથી પ્રાપ્ત કરી તેની આજ્ઞા પ્રમાણે ગમે તેવા વિકટ સ્થિતિ સંજોગોમાં પણ વર્તવું.

૨ હિંદુ, હિંદુએ એક બીજાને અત્યંત પ્રેમથી ચહાવું અને એકબીજાના સુખદુઃખમાં એક બીજાએ બની શકતી હરેક સહાયતા પહોંચાડવી.

૩ અખાડાઓ ઠામઠામ ખોલી, બ્રહ્મચર્ય પાળી, સાત્વિક સત્વવાળા ખોરાકના સેવનથી તાલીમ લઈ, અખૂટ શરીર બળ તથા બુદ્ધિબળ મેળવી ગાય બ્રાહ્મણ, દેવમંદિર, સ્ત્રી બાળક અને હિંદુ જાતિ તથા સનાતન ધર્મનું રક્ષણ પ્રાણાંતે પણ કરવા તત્પર થવું.

૪ ગામેગામ ગૌશાળા, ગીતા પાઠશાળા, હિંદુ સનાતન ધર્મ સભા અને સનાતન ધર્મ પુસ્તકાલય ખોલવા.

૫ પ્રત્યેક પ્રાંતમાં સનાતન ધર્મનું "દૈનિક પત્ર" અને "ગુરૂકુળ બ્રહ્મચર્યાશ્રમ" ચાલુ કરાવવા.

૬ ધર્મજ્ઞ સુચારિત્રવાન્ વિદ્વાનોને ઉપદેશક તરીકે નિયત કરી વર્ણાશ્રમ ધર્મ, સંધ્યાવંદન, યજ્ઞ, જપ, તપ, ભક્તિ, શ્રાદ્ધ, સોળ સંસ્કાર વગેરેનું મહાત્મ્ય આદિ યથા વિધિ લોકોને સમજાવી, ગાંધી પટેલ શ્રદ્ધાનંદ જેવા ધૂર્ત પાખંડીઓની અંત્યજ સ્પર્શ, વર્ણાન્તર લગ્ન તથા યથેચ્છ ખાનપાનની ચળવળને જડમૂળથી ઉખેડી મૂકવી.

૭ તારકેશ્વર વાઇકોમ વગેરે સ્થળે ચાલતો દુરાગ્રહ અને ખ્રિસ્તી તથા આગાખાનાદિનું જોસભેર ચાલતું વટાળ કાર્ય તથા સર્વત્ર હિંદુઓનાપર મુસલમાનોનો ગુજરતો અત્યંત અધમતાભર્યો અત્યાચાર જો તેઓ સીધી રીતે ન માને તો વિના વિલંબે સંઘ બળ જમાવી હિંદુ રાજાઓની મદદ લઇ આત્મરક્ષણાર્થે કટિબદ્ધ થવું.

૮ સ્વદેશી હુન્નર ઉદ્યોગ કળા કૌશલ્યને પગભર કરવા, બનાવવા, શિખવા તથા ઉત્તેજન આપી પરદેશીનો બહિષ્કાર કરવા પ્રત્યેક હિંદુએ પ્રયત્ન કરવો, જેથી ગરીબાઇ તથા પરવશતા ઘણે અંશે ઓછી થઈ જશે.

૯ અધર્મ અને પાપ ફેલાવતા નવજીવન, સૌરાષ્ટ્ર, હિંદુસ્થાન, ક્રોનીકલ, સાહિત્ય, સમાલોચક આદિ નાસ્તિક છાપાઓ કે તેવા વર્ણસંકરોના બનાવેલા પુસ્તકો કદાપિ વાંચવા નહિ.

૧૦ સ્વરાજ્ય કે રાષ્ટ્રીયશાળા વગેરે અનેક પ્રકારના ફંડફાળા પ્રજાને લુટવા માટે ઉઘરાવાય છે, તેમાં ધર્માભિમાની હિંદુએ એક પાઇ પણ ન આપવી. ધમ તથા જાતિનું ગૌરવ સાચવી દેશહિતાર્થે કાર્ય કરનારા ચૂસ્ત સનાતની હિંદુઓ જેમાં કાર્ય કરતા હોય તેજ સંસ્થાને મદદ કરવી.

૧૧ ધારાસભા કે મ્યુનિસિપાલિટીમાં જવા ઇચ્છનાર જે મેમ્બર ચૂસ્ત સનાતની હિંદુ હોય તેનેજ મત આપવો; નાસ્તિક પરધર્મીને તો કદાપિ મત આપવોજ નહિ.

૧૨ ગાંધીજી પટેલ શ્રદ્ધાનંદની માફક આપણા હિંદુઓમાં પંડિત માલવિયા, જામનગરના હાથીભાઈ શાસ્ત્રી તથા ખિલાફતી શંકરાચાર્ય ભારતી કૃષ્ણતીર્થ જેવા પોતાને સનાતની કહેવરાવી વટોળ ઘાલે છે તેઓથી ખાસ કરી બચવું.

આ બાર સૂચનાઓ સમજી અને વ્યવહારમાં મૂકવા હિંદુ ભાઇઓ યત્ન કરે, એવું ઇચ્છી હરિઃ ૐ તત્ સત્.

સમાપ્ત.

# સાંગાણીકૃત પુસ્તકો વિષે વિદ્વાનોના

# અભિપ્રાયો.

૧

**સાતમી સાહિત્ય પરિષદના પ્રમુખ રા. બ. શ્રીયુત કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી** લખે છે કે—"પુસ્તકની સંજ્ઞાપરથી એમાં સૃષ્ટિના તત્વામૃતનો આસ્વાદ હશે એમ કોઇને પણ સહજ લાગે. પુસ્તક વાંચે ત્યારે તેને સમજાય કે એમાં તો તમે તમારા પ્રવાસનું અમૃત આપ્યું છે. મેં તમારૂં પુસ્તક રસપૂર્વક વાંચ્યું છે. તમારા ધાર્મિક ને સામાજિક વિચારો તમે નીડરતાથી દર્શાવ્યા છે તે જોઇ મને આનંદ થયો છે. વિચાર, વાણી ને આચારની સુસંગતા વિરલ છે. તમારા વિચાર ને વાણી સુસંગત છે, એ બહુ ખુશીની વાત છે. મોટા, પ્રતિષ્ઠિત પુરૂષોની બાબતમાં વિરોધ દર્શાવવો પડે ત્યાં મર્યાદાપૂર્વક તેમ કરવાની આવશ્યક્તા છે એવું મારૂં નમ્ર મત છે."

૨

**મુંબઇનું સુપ્રસિદ્ધ "ગુજરાતી" પત્ર** જણાવે છે કેઃ—"મી. સાંગાણીના અંતરમાં જગતનું પ્રતિબિંબ કેવું પડેલું છે તે જાણવાની ઇચ્છા રાખનારે આ પુસ્તક વાંચવા જેવું છે. લેખક દેશાભિમાની છે એટલે ગાંધીજી કે અરવિંદ ઘોષ જેવા લોકમાન્ય અને લોકપ્રસિદ્ધ પુરૂષોના સંબંધમાં લેખકને પોતાને જે સત્ય લાગ્યું છે તે જણાવતા ડર્યા નથી. લેખક યુરોપ, અમેરિકા, ચીન જાપાનની તેમજ હિંદના ચારે ખુણામાં યાત્રા કરી આવેલા છે.

તેમજ હિંદમાં ફરતાં ફરતાં જાહેર પુરૂષોનો સમાગમ કરી આવેલા છે અને તે પછી પોતાનો મત દર્શાવ્યો છે. ”

૩

**ડૉ૦ કાલિદાસ મોતીરામ દ્વિવેદી** રાજકોટથી લખે છે કે—“ અત્યારના કલિયુગના સમયમાં વર્ણાશ્રમ ધર્મને ઉખેડનારા અને હિંદુ પ્રજાને ધર્મ ઉપરથી અશ્રદ્ધાળુ બનાવનાર પાખંડીઓને ઉઘાડા પાડનારૂં આ પુસ્તક ખરેખર લાભદાયક અને દરેક હિંદુ પ્રજાને વાંચવા લાયક છે. “તત્ત્વામૃત” બહાર પાડવામાં આપે જે હિંમત, નિડરતા અને સ્વધર્મ પ્રત્યે પ્રીતિ દર્શાવી છે તથા હિંદુ પ્રજાની આપે જે સેવા બજાવી છે તેને માટે હું આપને ધન્યવાદ આપું છું.

૪

**શ્રીયુત મણિલાલ કેશવલાલ નાણાવટી બી. એ. એલએલ; બી.** જુનાગઢથી લખે છે કેઃ—“ આ આપનું “ તત્ત્વામૃત ” હું અથથી ઇતિ ધ્યાનપૂર્વક વાંચી ગયો છું તે પરથી આપનું મનોબલ, વર્ણનાત્મક શક્તિ, બારીક અવલોકન કરવાની ટેવ, રસજ્ઞતા, સત્ય પ્રદર્શનમાં નિર્ભયતા, ચુસ્ત ધાર્મિક વૃત્તિ, ઉત્સાહ, કર્તવ્ય પરાયણતા અને સહનશીલતા આદિ અનેક ગુણોનું મને દિગ્દર્શન થયું છે. આ પુસ્તક ભિન્ન ભિન્ન પ્રસંગોની, સ્થળોની, મનુષ્ય સ્વભાવની, વ્યક્તિઓની માહિતીથી ભરપૂર છે અને અનેક રીતે લોકોપયોગી છે. ”

૫

**“ સ્વધર્મ જાગૃતિ ” ના સંપાદક શ્રીયુત કૌશિકરામ વિઘ્નહરરામ મહેતા બી. એ.** જણાવે છે કેઃ—“ આ ગ્રંથ તત્ત્વ-

જ્ઞાનનો નથી, પરંતુ પંદર વર્ષ દરમ્યાન લેખકે પૃથ્વિપટ ઉપર કરેલા વિવિધ અનુભવોના દોહનરૂપ છે. શ્રીયુત સાંગાણી એક ચુસ્ત સનાતની છે અને પોતાની ભાવનાને ખંડિત થવા દીધા વિના અનેક આપત્તિઓમાંથી તથા કસોટીઓમાંથી પસાર થયા છે. લંડન પારિસ વગેરે ધનાઢય અને રમણીય મહાનગરો; કાશી શ્રીનગર વગેરે પ્રસિદ્ધ યાત્રાના સ્થળો; શ્રીગાંધીજી અરવિંદ ઘોષ વગેરે લોકનેતાઓ; વડોદરા કળાભુવન, શાન્તિ નિકેતન વગેરે સંસ્થાઓ એ સર્વ શ્રીયુત સાંગાણીની રસમય પ્રવાહી ચેતન શૈલીથી સજીવ હોય એમ આપણી આંખ આગળ હાલતા ચાલતા માલુમ પડે છે. શ્રીયુત સાંગાણી ગુજરાતની એક વીર વ્યક્તિ છે, અને મોટા મનાતા પુરૂષોની ઝાટકણી કરતાં એઓ ડરતા નથી. પુસ્તકનું વાતાવરણ આદિથી અંત સુધી પવિત્ર છે અને તેના રસ પ્રવાહમાં વાંચનાર ઘસડાઈ જાય છે. શ્રી સાંગાણીનું આ પુસ્તક એકંદર બહુ લોકપ્રિય અને લોકહિતકર થઇ પડે એવું છે. સાક્ષરવર શ્રીયુત નર્મદાશંકરભાઇએ એ પુસ્તકનો વિદ્વત્તા ભરેલો અને મનનીય ઉપોદ્‌ઘાત લખી તેની ઉપયોગિતામાં વધારો કર્યો છે.

૬

**ભાવનગર શ્રી સનાતન ધર્મ પ્રવર્તક મંડળના મંત્રી શ્રીયુત ચુનીલાલ છોટમલાલ બોહરા લખે છે કેઃ—**"વિવિધ પ્રકારની ઉત્તમોત્તમ વાસનાને લીધે દેશદેશાંતરોમાં પર્યટન કરી જે જે અનુભવજન્ય જ્ઞાન તમોએ સંપાદન કર્યું છે, તે તે અનુભવાત્મક જ્ઞાનના યથાર્થ તત્ત્વનું તમોએ આ તમારા "તત્ત્વામૃત"

નામની પુસ્તક પ્રસિદ્ધિથી તથા તેના અતિ વિસ્તારપૂર્વક પ્રચારથી સમસ્ત ભારતવાસી પ્રજાને જે અમૂલ્ય પ્રદાન કર્યું છે, તે નિમિત્તે સમગ્ર પ્રજા તમારી અત્યંત ઋણી તેમજ ઉપકૃત થયેલ છે, એ વાત નિઃસંશય છે.

૭

રાણપુર (કે જ્યાંથી "સૌરાષ્ટ્ર" પત્ર પ્રકટ થાય છે ત્યાં) થી શ્રીયુત પ્રાણશંકર ઘનશ્યામ દવે લખે છે કે–"આપે વી. પી. થી મોકલાવેલ "તત્વામૃત" તથા નારાયણ નીતિ, હિંદુ તીર્થયાત્રા વર્ણન, નેપાલનો પ્રવાસ અને હિમાલયની યાત્રા મળી પાંચે પુસ્તકો મળ્યા, વાંચી મનન કરતા બહુજ આનંદ થયો. આપનો પ્રયાસ ઘણોજ સ્તુત્ય છે. આપનો શ્રમ તથા વખતનો વ્યય તદ્દન સફળ થયો છે તેમજ હું તો માનું છું. જેમ સનાતન ધર્મરૂપી પ્રખર સૂર્યની સામા ઉનાળાના વાદળા અસ્ત વ્યસ્ત થઇ વિખેરાઈ છે, તેમ "તત્ત્વામૃત" ની બાબતમાં પણ દંભીયોના–રે ખુદ હિંદુઓ તરફથી પણ હુમલાઓ ચારે તરફથી થઈ રહ્યા છે ત્યારે સનાતન ધર્મરૂપી કામધેનુના રક્ષણના સુપ્રયત્નો ઘણાજ આવકારદાયક છે. સોના ઉપર ઢોળ હોઈ શકે નહિ તેમ "તત્ત્વામૃત" ના અધિક વખાણ કરી શકાય તેમ નથી. તેનુ મૂલ્ય તો સ્વાર્થસાધુઓના હતાશ થઇ જવામાંજ આંકી શકાય તેમ છે. તેની બીજી આવૃત્તિ જોઇ હું રાજી થઇશ અને જ્યારે તત્ત્વામૃતનો બીજો ભાગ બહાર પડે ત્યારે એક કોપી મને વી. પી. થી મોકલવા કૃપા કરશોજી."

૮

શ્રીયુત હીરાલાલ ડાહ્યાભાઈ નાણાવટી, સોલીસીટર લખે છે કેઃ—"તમારૂં "તત્ત્વામૃત" નામનું પુસ્તક વાંચ્યું. તેમોએ નાની ઉમરમાં દુનિયાના મોટા મોટા ભાગોમાં પ્રવાસ કર્યો છે અને તે પણ એક ચુસ્ત સનાતનીના આચાર વિચારનું અતિક્રમણ કર્યા વિના કર્યો છે એ જાણીને અત્યંત આનંદ થાય છે. જે જે દેશમાં તમે મુસાફરી કરી આવ્યા છો તે તે દેશની આંતરિક ઘટનાનો અનુભવ પ્રજા આગળ રજુ કરીને જન સમાજના મોટા ભાગને વ્યામોહમાંથી બચાવવાનું કાર્ય કરી તેમના ઉપર ઉપકાર કર્યો છે એમ કહ્યા વિના ચાલે એમ નથી."

૯

પોરબંદરના મ.જી દિવાન શ્રીયુત નરભેશંકર જીવણરામ લખે છે કેઃ—"આપનું "તત્ત્વામૃત" પુસ્તક મેં આદિથી અંત સુધી વાંચી જોયું છે. તે પુસ્તક આપના શ્રેય અને પ્રેય પ્રાપ્તિના વર્ણાશ્રમ ધર્મ જાળવી રાખી કરેલા પ્રયાસોના યથાસ્થિત અનુભવનું જ્ઞાન આપી શિક્ષણ સાથે ગમ્મત આપે તેવી સરળ સુંદર અને રમુજી ભાષામાં લખાએલું છે. મને તો એ પુસ્તક બહુ ચિત્તાકર્ષક માલુમ પડ્યું છે.

૧૦

અમદાવાદનું "ગુજરાતી પંચ" જણાવે છે કે-'શુદ્ધ ભાવથી આ ગ્રંથ વાંચનારને વ્યવહારની ઝીણવટ તથા મનુષ્ય પોતાના ધર્મના અભિમાન સાથે ટકવાળું જીવન કેવી રીતે ગાળી શકે છે તે સરળતાથી સમજાશે."

૧૧

**વેરાવળથી શાસ્ત્રી ચીમનલાલ હરિશંકર લખે છે કે-** આપનું "તત્ત્વામૃત" મળ્યું. પુસ્તક ઘણુંજ સારૂં છે. વિવિધ અનુભવાભિલાષી જરૂર આ ગ્રંથથી તૃપ્ત થાય."

૧૨

**મોરબીના દિવાન સાહેબ શ્રીયુત વૃંદાવનદાસ પટવારી. બી. એ. એલએલ; બી.** લખે છે કેઃ—"આપે લખેલા પાંચ પુસ્તકઃ હિમાલયની યાત્રા, નારાયણ નીતિ, હિંદુ તીર્થ યાત્રા વર્ણન તથા હિમાલય ઉન્નતિ પથ પ્રદર્શક નીતિ મને મોકલ્યા તેને માટે આભારી છું. સાહિત્યમાં રસ લેનારા સાક્ષરો સાહિત્ય ઘણું લખે છે પરંતુ તેમાં ધાર્મિક, ઔદ્યોગિક, ઐતિહાસિક અને નૈસર્ગિક તત્ત્વ બહુ ઓછું હોય છે. મને જણાવતાં અતિ હર્ષ ઉપજે છે કે જે ગુજરાતી ભાષાને ખોટ છે તે આપના પુસ્તકોથી ઘણે અંશે દૂર થશે. આપના પુસ્તકો ધર્મભાવનું પોષણ કરનારા ઉન્નતિની ખરી દિશામાં જવાની પ્રજાને પ્રવૃત્તિ કરાવનારા અને સરળ હોમ આપનો પ્રયાસ ઘણો સ્તુત્ય અને આદરને પાત્ર છે. આવા ગ્રંથોનો પ્રચાર થવાથી જનસમાજના જીવનમાં સુધારો થશે એ નિઃશંક છે. પ્રભુ તંદુરસ્તી સાથે દીર્ઘાયુષ્ય અર્પી આવાજ બીજા ગ્રંથો પ્રસિદ્ધ કરવા આપને પ્રવૃત્ત કરો એમ ઇચ્છું છું."

૧૩

**અમદાવાદના ડે. કલેકટર શ્રીયુત નર્મદાશંકર દેવશંકર મહેતા, બી. એ.** લખે છે કેઃ-"આપના તરફથી "નારાયણ ગ્રંથ-માળા"ના પાંચ પુષ્પોઃ હિમાલયની યાત્રા, આત્મોત્કર્ષ, નારાયણ

નીતિ, નેપાલનો પ્રવાસ તથા હિન્દુ તીર્થયાત્રા વર્ણન મને મળ્યાં છે. તે પુષ્પોના દલોનું હું અવલોકન કરી ગયો છું. આ પુષ્પોમાં હિંદુ ધર્મના સનાતન સુંદર સત્યોની સુવાસ આવે છે. હું ધારૂં છું કે હિન્દુ બાળકોને આ પુષ્પોની માળા કંઠાભરણરૂપે આપવા લાયક છે. 'નેપાલનો પ્રવાસ' એ લેખ મને વધારે આકર્ષક જણાયો છે, કારણ કે તેમાં કેવળ હિન્દુ ધર્મવાળા રાજાના રાજ્યતંત્રમાં ત્રૈવર્ણિક વ્યવસ્થા કેવી જીવંત છે તેની છાયા સારી રીતે આપવામાં આવી છે. તે સાથે ત્યાંના લોકોનો આચાર, શાસન પદ્ધતિ, રાજા (પાંચ સરકાર) અને પ્રધાન (તીન સરકાર)નો પરસ્પર સંબંધ, નેપાળ સરકારનો હિંદી સરકાર સાથેનો સંબંધ અને તેમાં જળવાયેલો નેપાલ સરકારનો મોભો ઇત્યાદિ પ્રસંગોનું ચિત્ર ગુજરાતી પ્રજા આગળ આપે પ્રસાદવાળી ભાષામાં ઘણું સારૂં ચિતર્યું છે. તે સાથે ત્યાંની શાસન પદ્ધતિની કેટલીક ખામીઓ, તીન સરકારની હાલની ઇંગ્રેજી નકલી અનુકરણ કરવાની રીત, એક પત્નીવ્રતનો અભાવ, રખાત સ્ત્રીઓનો રીવાજ, કેળવણીનો જુજ પ્રચાર વગેરે દોષો જણાવવામાં આપે ઉત્તમ વિવેચક મતિ અને તુલના શક્તિનું વાંચકને ભાન કરાવ્યું છે. આશા છે કે આ માલાના નવા પુષ્પો ક્રમશઃગ્રથિત થઇ પ્રજાને પરિમલથી મોહિત કરશે. "

૧

# ધર્મ વિરોધીઓના ઉકળાટનું ઔષધ.

હિંદુ સનાતન ધર્મ પ્રેમી સજ્જનો તથા સાચા સ્વદેશ હિતેચ્છુ ગૃહસ્થો જેમ "તત્ત્વામૃત"ના વાંચનથી અત્યંત પ્રસન્ન થઇ ઉપર પ્રમાણે અભિપ્રાયો દર્શાવી રહ્યા છે તેમ બીજી તરફથી ગાંધી પંથી વર્ણસંકરોના હૃદય ભેદાઇ રહ્યા છે. પોતાનું પાપી પેટ ભરવા માટે તેઓ તેના ગાંધી બાપુની જે પોકરાવી "ચડજા બેટા શૂલિકુ ખુદા તેરા ખેર કરેંગા" જેવા અધમ આંદોલન પ્રસરાવનારાઓને તત્ત્વામૃત વિઘ્નરૂપ થતાં તેઓએ તે સામે ખૂબ ખખાળા કાઢતા તેઓને નીચે પ્રમાણે પત્રો લખવામાં આવ્યાં છે:—

## "સૌરાષ્ટ્ર"ના તંત્રીને પત્ર.

**રા. અમૃતલાલ દલપતભાઈ શેઠ,**

તંત્રી, "સૌરાષ્ટ્ર"—રાણપુર.

તમારો તા. ૨૯-૬-૨૪ નો સૌરાષ્ટ્રનો અંક વાંચ્યો. તમે તત્ત્વામૃત વિષે નોંધ લીધી છે તેમાં ટપાલ ખર્ચની ટીકીટ મોકલી પુસ્તક પાછું મંગાવી લેવા જણાવ્યું છે તે મુજબ આ સાથે તેના ટપાલ ખર્ચની ત્રણ આનાની ટીકીટ બીડું છું તો પુસ્તક પાછું મને રવાના કરશો.

તમોને પુસ્તક મોકલવા પહેલાં હું તમારી લાયકાત નહોતો જાણતો એમ નહિ પણ જાણતો હતોજ છતાં તમારા જેવા સ્વાર્થ-સાધુ, પાખંડી, વર્ણસંકર વૃત્તિના પ્રજાના હિતશત્રુઓ ગાંધીની પાછળ અહિંસા શાંતિ રેંટીઓ ઢેઢ અને ખાદીનું ડાકલું વગાડી હિંદુ પ્રજા તથા રાષ્ટ્રનું સત્યાનાશ કાઢનારાઓને પણ ભાન થાય

કે બીજી તરફ હિંદુ જાતિ તથા સનાતન ધર્મ સંરક્ષણના પ્રયત્નો દેશોદયનો વાસ્તવિક માર્ગ દાખવવા સાથે કેટલા ઉગ્ર વેગથી થઈ રહ્યા છે, એમ દર્શાવવાના હેતુથીજ એ પુસ્તક તમોને મોકલવામાં આવ્યું હતું.

લોકહિતની એવી સેંકડો મહત્ત્વની હકીકતો દર્શાવી શ્રેય અને પ્રેયના માર્ગે દોરી જનારૂં એ પુસ્તક તમારા જેવા નાલાયક અપવિત્ર અને આર્યસંસ્કૃતિના દ્રોહીને રૂચે નહિ ને હાથમાં કે ઘરમાં શોભે નહિ એ બરાબર છે પરંતુ બે માસ જેટલા અલ્પ સમયમાં સુબુદ્ધિવાળા લોકોએ બે હજારમાં તેરસો પ્રત ખરીદી લાભ લીધો છે અને તેઓ પોતાના ગૃહો તથા પુસ્તકાલયો શોભાવી રહ્યા છે એટલુંજ નહિ પણ તમારા જેવા પામર બુદ્ધિના નાસ્તિક નિંદકો જેના ચરણની રજ સેવે તો હૃદય નિર્મળ થાય અને જ્ઞાન ઉપજે એવા સમર્થ વિદ્વાનો "તત્ત્વામૃત" વિષે શું અને કેવો અભિપ્રાય આપી રહ્યા છે! એ "શ્રી દશા સોરઠીઆ માસિક"નો આષાઢ માસનો અંક જોવાથી જાણી શકાશે.

આશા છે કે "તત્ત્વામૃત" વળતી ટપાલે રવાના કરશો. બાકી તો "તત્ત્વામૃત"ની બીજી આવૃત્તિ પણ થોડા સમયમાં પ્રકટ થશે ને તમારા જેવા કહેવાતા ગાંધીપંથી અસહકારીઓના પાપનો ઘડો હવે ભરાઈ રહેવા આવ્યો છે તે પણ ફુટી કરેલા કર્મનું ફળ અવશ્ય ચખાડશે. એજ. મુંબઈ તા. ૧-૭-૨૪.

નારણજી પુરૂષોત્તમ સાંગાણી.

---

૨

# " સમાલોચક " ના તંત્રીને પત્ર.

રા. રમણીયલાલ ગોવર્ધનરામ ત્રિપાઠી,

તંત્રી " સમાલોચક "—મુબઇ.

તમારો ચાલુ માસનો અંક વાંચ્યો. તેમાં તમે તત્ત્વામૃત વિષે અભિપ્રાય દર્શાવતા એક છાકટાની માફક અનેક પ્રકારે તેની કુત્સિત નિંદા કરી, છેવટે તે પુસ્તક બાળવાની હિમાયત કરી છે. હિંદુ ધર્મ પ્રતિપાદન કરનારા ગ્રંથો બાળવા માટે ઔરંગઝેબે પહેલ કર્યાનું કહેવાય છે. આર્યસમાજ બ્રહ્મોસમાજ, ક્રિશ્ચિયનો વગેરે ઘણાઓએ હિંદુધર્મ વિરૂદ્ધ વર્તન કર્યું છે છતાં પણ કોઇએ આજસુધી ગ્રંથો બાળવાની વાત કરી નથી તે તમારા જેવા નરાધમ વૃતિના ગાંધીપંથી, ગોવર્ધનભાઇની પાછળ પાકી કરવા લાગ્યા છે ( અને કલકત્તામાં કેટલાક દુષ્ટોએ મુબઇના " ગુજરાતી " પત્રનું તેમ કર્યું પણ ખરૂં ) એ તમારા માટે અત્યંત શરમ ભરેલું હોઈ હિંદુ પ્રજાએ ખાસ વિચારવા જેવું છે.

સ્વરાજ્ય મેળવવા માટે દેશના બળ બુદ્ધિ સાધન વેપાર હુન્નર ઉદ્યોગ વધારી શિવાજી મહારાજ, લોકમાન્ય તિલક કે આયર્લેન્ડની જેમ સામ દામ દંડ ભેદની રાજનીતિ અખત્યાર કરી કામ લેવું જોઇએ તથા સનાતન ધર્મ પરમ પવિત્ર અને સર્વ શ્રેષ્ટ છે, કારણ કે તેના નિયામક સ્વયં ભગવાન્ તથા મંત્રદ્રષ્ટા ઋષિમુનિઓ છે તેથી તેના અવલંબનથી ધર્મ અર્થ કામ અને મોક્ષ સિદ્ધ થઈ શકે છે, એ વાત મેં " તત્ત્વામૃત " માં બહુ

સ્પષ્ટતાથી દર્શાવી, તેની વિરૂદ્ધ આંદોલન પ્રેરનાર તથા શાસ્ત્રો અને ઋષિમુનિઓને સેતાની પાખંડી કહી ઢેઢ ભંગી ચમારને ઉચ્ચ વર્ણના હિંદુઓ સાથે સ્પર્શ કરાવવાની મિથ્યા ચેષ્ટા કરનાર ગાંધીજીને, તેનો યથાર્થ પરિચય કરાવી વાર્યા એથી તો જો તમે શુદ્ધ હિંદુ સંતાન હોત તો તો પરમ સંતોષ પામી સનાતન ધર્મનું રક્ષણ કરવા તત્પર થતે; પણ તેમ તેમ નથી એટલે તમે તેના વાંચનથી બળી મરી એક નરપિશાચ જેવો અધમ વેગ ધારણ કરી મારાપર ઉતરી પડયા છો.

દીર્ઘદ્રષ્ટિથી વિચારતા તમે એવા કુટિલ બનો એમાં કાંઈ નવાઇ નથી; કારણકે તમારા પિતાએ "સરસ્વતીચંદ્ર" માં નવીનચંદ્ર અને કમુદના પુનર્લગ્ન કરવા ધારી સનાતન ધર્મના સિદ્ધાંતનું ખૂન કરવાનો ઈરાદો રાખ્યો હતો પણ કોઇ સજ્જનની સલાહથી તેઓ વિદ્વાન્ હતા એટલે તેમ કરતા અટકી ગયા હતા ત્યારે તમે તો તેના સંસ્કારવાળા. બાપને નામે કમાઇ ખાનારા, જડબુદ્ધિના અંધશ્રદ્ધાળુ, ધર્મકર્મને તથા ધર્મશાસ્ત્રના શ્રવણ મનન વાંચનને તમારા જન્મ વખતેજ તિલાંજલી આપી આવેલા અને એક યવન મ્લેચ્છ જેવું સ્વચ્છંદી જીવન ગુજારનારા છો એટલે "તત્ત્વામૃત" તમારૂં અંતઃકરણ દગ્ધ કરે એ સ્વાભાવિક છે; પરંતુ તેવું જાણતા છતાં અને મારા ધર્મનિષ્ઠ વિદ્વાન્ મિત્રોની તમારા જેવા ધૂર્તોના હાથમાં પુસ્તકો મૂકવાની મનાઈ છતાં મેં ઇરાદાપૂર્વકજ તમારા જેવા દુરાત્માઓના મલિન હૃદય પણ એના વાંચનથી સુધરે એવા શુભ હેતુથી એ પુસ્તક મોકલાવ્યું હતું.

તમે સફેદ કુડતું ટોપી ઘાલી, રેંટીઆ ખાદીની હિમાયત કરતા ગાંધી સરોજીનીની પાછળ અમુક હેતુએ ચેલા તરીકે

ફરી "સમાલોચક" માં પણ તેવાઓની પતિત રહેણીકરણી અને વિચારોનો પડઘો પાડી મી. ઉછરંગરાય ઓઝા કે જેણે પોતે નાગર જ્ઞાતિના હોવા છતાં ઉચ નીચનો ભેદ ગણ્યા વિના એક પંક્તિએ બેસી વર્ણસંકર ખાનપાન-પ્રીતિભોજન કર્યું છે; તેનો ફોટો સમાલોચકના અંકમાં છાપી તેને આદર્શ માની મનાવો છો એથી તમે કોણ, કેવા અને કેટલા ભ્રષ્ટ, ધર્મહીન હિંદુ છો એ સૌ કોઇ સમજી શકે એવું છે.

અત્યારે સ્વરાજયના નામે ખાદી રેંટીઆની હિમાયતથી દેશના તમામ હુન્નર ઉદ્યોગ વેપારનું, અહિંસાના નામે મર્દાનગીનું, અંત્યજ સ્પર્શના નામે સનાતન ધર્મનું અને મુસલમાન કોમને અવિચારી ઉત્તેજન આપી ઉદ્ધત બનાવવાથી હિંદુ જાતિ, તેના દેહ સ્ત્રી પુત્ર માલમિલકત તથા દેવમંદિરોનું પારાવાર સત્યાનાશ વળી ગયું છે ને બચેલાનું નિત્ય વળી રહ્યું છે, તે તમારા જેવા પામર-ક્ષુદ્ર બુદ્ધિનો પ્રાણી જાણી કે સમજી ન શકે પણ શ્રીયુત નર્મદાશંકર દેવશંકર મહેતા જેવા વિદ્વાન્ તથા શેઠ અમરચંદ માવજી જેવા ધર્માત્મન્ જોઇ જાણી વિચારી સમજી શકે છે અને તેથીજ તેઓ સહર્ષ પ્રસ્તાવના લખી શકે છે અને અર્પણ પત્રિકા ગ્રહણ કરી શકે છે; એટલુંજ નહિ પણ તમારા જેવા અધમોની અધમતા નિવારવા માટે તેઓ જેમ ઉત્સુક છે તેમ બીજા અનેક ધર્મજ્ઞ વિદ્વાનો તથા શ્રીમંતો પણ તત્પર છે જેની સમય આવ્યે પ્રતીતિ થશે. બાકી તો તમે જેને Great Soul-મહાન્ આત્મા માનો છો તેને અમે સનાતની હિંદુઓ પણ મહાન્ આત્મા-Great Soul જરૂર માનીએ છીએ પરંતુ તમારા અમારા વચ્ચેની માન્યતામાં માત્ર ફેર

એટલોજ કે અમે તેઓને Great Demon's Soul-"મહાન દૈત્યનો આત્મા" માનીએ છીએ.

આત્મોન્નતિ સાધવાને માટે હિંદુ જેવી પવિત્ર જાતિમાં તમારો જન્મ થયા છતાં તેનું અવગાહન અવલંબન ન કરતા ભયંકર અજ્ઞાનતા, અણુસમજ, મોહ અને સ્વાર્થ આદિ કારણોને વશ થઇ તેનો ( જાતિ તથા ધર્મનો ) દ્રોહ કરી, તેનું ( જાતિ ધર્મ તથા દેશ હિતનું ) સચોટ રીતે પ્રતિપાદન કરનારા "તત્ત્વામૃત" જેવા ગ્રંથ બાળવાની ભલામણ કરો છો તો તે પહેલા તમારા જેવા નાસ્તિક વર્ણસંકરોના છાપા ચોપાનીઆ તથા પુસ્તકો અને તેના લખનારાઓ સુદ્ધાં પોતે બળી ભસ્મીભૂત ન થઇ જાય તેની સાવચેતી રાખજો. પ્રભુએ તમારા જેવા નાલાયકોને કંગાલ નપુંસક જેવા સામર્થ્ય હીન બનાવ્યા છે પણ જો કદાચ દુર્દૈવ કોઇ સત્તા પ્રાપ્ત થઇ હોત તો તો તમે પાપીઓ સદાચારી ધર્માત્મા અને સત્ય વક્તાઓને તો દુનિયાપરજ ન ટકવા દેતે; પરંતુ એસે દિન કહાસે કે મીયાકે પાવમેં જુતીયા !

"તત્ત્વામૃત" નું તાત્પર્ય તમારા જેવા ધર્મભ્રષ્ટ ક્ષુલ્લક બુદ્ધિના ન સમજી શકે પણ જેઓ ખરા વિદ્વાન્ છે તેઓ શું સમજયા છે ને તેઓએ શા શા અભિપ્રાયો તે વિષે દર્શાવ્યા છે! તે આ સાથેનું હેન્ડબીલ વાંચી વિચારી બને તો તમારી વૃત્તિ અને હૃદય સુધારવા યત્ન કરશો.

મુંબઇ તા. ૨૧-૮-૨૪.

લી૦ નારણજી પુરૂષોત્તમ સાંગાણી.

૧૪

'પ્રાતઃકાલ" ના અધિપતિ શ્રીયુત જગન્નાથ પ્રભાશંકર પંડિત જણાવે છે કેઃ-" આ પુસ્તકમાં લેખકને બરમા, સીંગાપોર, જાપાન, ચીન, માર્સેલ્સ, લંડન, પારીસ, ઇટાલી વગેરે પરદેશમાં તથા આ દેશના કાશ્મીર, બીહાર, પોંડીચેરી, હરદ્વાર વગેરે સ્થાનમાં થએલો જાતિય અનુભવ ઉત્તમ પ્રકારે લખવામાં આવ્યો છે. આ દેશ પરદેશના સ્થાનમાં જોવા જાણવા જેવી શી શી બાબતો છે તે જણાવવા ઉપરાંત તમણે બીજી આપણી પ્રજાને જાણવા જેવી ઘણી બાબતો જણાવેલી છે. હિંદમાં પણ મહાત્મા ગાંધીજી સાથેનો પોતાનો પરિચય તથા અરવિંદ ઘોષના સંબંધમાં થએલો પોતાનો અનુભવ જણાવેલો છે. તેમાં કેટલાક પુરૂષોના ચિત્રો પણ આપેલા છે. ભાષા રસવાળી અને સાદી છે. પુસ્તક વાંચતાં રસ પડે તેવું લખાયું છે. લેખકે કોઇનો પણ ખોટો ભય નહિ ધરતાં જે સત્ય અનુભવ હોય તે આ પુસ્તકમાં જણાવેલો છે. લેખક સાહસિક અને ધૈર્યશીલ તથા સ્વદેશની ઉન્નતિને અત્યંત ચાહનાર તથા દેશના સાચા અને ચિરસ્થાયી કલ્યાણને ઇચ્છનારા છે. આ પુસ્તક પ્રત્યેક મનુષ્યે વાંચવા જેવું છે."

૧૫

મહાત્મા "પથીક" શ્રી રાધાકૃષ્ણ લોદ્રાથી લખે છે કેઃ—" તત્ત્વામૃત " મળ્યું, પરમ અનુકંપા. પંગુ જનને પૃથ્વીની પ્રદક્ષિણા કરવી હોય તો તેનું સૂક્ષ્મ સ્વરૂપ નકશો તેની કરી લેવી અને નિર્ધન જનને અનંત ઘટનાઓ સ્વાનુભવવી હોય તો માત્ર અલ્પ ખર્ચથી "તત્ત્વામૃત"નું વાંચન કરી લેવાથી વિસ્તીર્ણ ખર્ચાળ પ્રત્યક્ષ સ્વાનુભવની ખામી પૂરી પડશે એમ મારો મત છે."

१६

सुप्रसिद्ध " श्री वेङ्कटेश्वर समाचार " ना संपादक महोदय जणावे छे केः—" यह पुस्तक श्रीयुत नारायणजी पुरुषोत्तम सांगाणीकी लेखनीसे गुजराती भाषामें लिखी गयी है । सांगाणीजीने इसमे अपनी बीती बात बडे रोचके ढङ्गसे लिखी है । आपका जीवन आरम्भसेही धर्मकी जिज्ञासामें व्यतीत हुआ है । धर्मके तत्त्वो और वास्तविक शांतिकी प्राप्तिके लिये आप कहा नहीं गये? आप बर्मा, चीन, जापान, लङ्का, फ्रास, इङ्गलेण्ड, अमेरिका आदि देशोका भ्रमण कर अन्तमे फिर भारतमे आये । और फिर हिमालय, काश्मीर आदि देशोका भ्रमण करते रहे आपकी लिखी पुस्तकमें उपरोक्त सब देशोकी शैरका बडा रोचक वर्णन है जिसे पढकर पाठकोको उपरोक्त देशोका दिग्दर्शन हो जाता है । इसके बाद आप देशके राजनैतिक और सामाजिक तथा धार्मिक नेताओसे मिले । आपका संतोष गांधीजीकी धार्मिक नीतिसे नही हुआ । आप सनातन धर्मके कट्टर अनुयायी है । जिन लोकोको आपके धार्मिक विचार पसन्द न आवे, वे भी आपकी पुस्तकसे आपके देशाटनका आनन्द उठा सकते है । पुस्तक उपन्यासकी भांति रोचक है । गुजराती समज सकनेवाले पाठकोको इसका समुचित आदर करना चाहिये ।

૧૭

**શ્રીયુત મગનલાલ દલપતરામ ખખ્ખર, જે. પી.** લખે છે કેઃ—"રા. રા. નારણજી પુરૂષોત્તમ સાંગાણીએ ભારતભૂમિપર દેશાટન કરી આંગલ ભૌમ ઇત્યાદિ પ્રદેશનું પર્યટન કર્યું છે, તે દરમ્યાન પોતાને મળેલા અનુભવના સારરૂપ આ "તત્વામૃત" નામક ગ્રંથ તેમણે પ્રકટ કર્યો છે. મી. સાંગાણીની આ કૃતિમાં સાંસારિક, ધાર્મિક, આથિક અને વ્યવહારિક વિષયો ઉપરાંત કેટલાક રાજ્યકીય વિષયોનો પણ સમાવેશ થઇ જાય છે, અને તે સર્વનું પોતે શુદ્ધ અંતઃકરણથી પક્ષપાત વિના તાદૃશ્ય ચિત્ર દર્શાવ્યું છે. દેશસેવા માટે જીવન ગાળનાર પ્રાતઃસ્મરણીય વ્યક્તિની જેમ તેમણે યથાર્થ પ્રસંશા કરી છે, તેમ જે મહાન્ નેતા તરીકે દેશને શ્રેયસ્કર નથી નીવડી તેના ગુણ દોષનું પણ યથાર્થ વર્ણન શુદ્ધ ભાવનાથી લખ્યું છે. મી. સાંગાણીની લેખિની શુષ્ક નથી, તેમ તેની વાર્તાના વૃત્તાંત પણ શુષ્ક નથી. એકંદરે પુસ્તક મનનીય અને રસિક છે."

૧૮

**"સમાજ જીવન" ના અધિપતિ શ્રીયુત નારાયણજી ગોકુળદાસ ડાસાણી**, જણાવે છે કેઃ—"આ "તત્વામૃત" ગ્રંથમાં લેખકે શાસ્ત્રીય ચર્ચાનો શુષ્કવાદ કર્યો નથી, પણ દેશ દેશાન્તરમાં પર્યટન કરી અનેક મુશીબતો વેઠી મેળવેલા અનુભવની પ્રસાદી અર્પી છે. ધાર્મિકતા, નિખાલસપણું, સત્યપ્રિયતા, હિંમત, સાહસ ધૈર્ય, દૃઢતા, નિડરતા વગેરે ભાઇ સાંગાણીમાં રહેલા ગુણો ખાસ વખાણવા લાયક છે. તેઓ આફ્લ પોપલીયા—નાજુક નાગરિક

નથી પણ એક પ્રચંડ કસાયલી વ્યક્તિ છે. આ પુસ્તકમાં લખાયલા એમના પર્યટનોના વર્ણનો વાંચતાં રા. સાંગાણીના સાહસ અને સહનશક્તિ માટે માન પેદા થાય છે. એમણે ૩૨ વર્ષની વયમાં ઘણી ઘણી પ્રવૃત્તિ ખેડી નાખી છે, એવું આ પુસ્તક વાંચતાં જણાય છે. પ્રસંગોપાત મજકુર ગ્રંથમાં મહાસભાના આગેવાનો–પ્રસિદ્ધ પુરૂષો માટે લેખકે નગ્ન સત્યમાં પોતાના વિચારો દર્શાવ્યા છે તે અલબત કોઇ પણ વાંચનારને વધારે પડતા લાગે એવું છે. મ૦ ગાંધીજી માટે વધુ પડતી ટીકા કરી છે તેમાં લેખકના સ્વમંતવ્યનો ઝનુની ભાવ તરી આવે છે, એમ વાંચનારને લાગી આવે તો નવાઇ નથી. વિશેષમાં તીર્થ સ્થાનો, દંભી સાધુઓ વગેરે તરફનો અનુભવ જનતાને ઘણો ઉપયોગી થઇ શકે તેવો છે. એકંદર રીતે પુસ્તક લખવા પાછળ લીધેલી મહેનત અને પર્યટનના ખેડેલા સાહસ માટે અમે ભાઇ સાંગાણીને ધન્યવાદ આપીએ છીએ."

## ૧૯

શ્રીયુત ગુલાબરાય કલ્યાણરાય હાથીભાઈ લખે છે કેઃ—
" "તત્ત્વામૃત" નામક પુસ્તકમાં તમોએ આળેખેલા પ્રતિબિંબો આદર્શરૂપ સનાતનતા અને સદ્ધર્મતાના નિરૂપણનાજ છે. હરિહરના ઉપાસકોનો અમિત ભેદ ભાંગવામાં, અધર્મીઓના આકરા પાખંડને પ્રહારવામાં, વર્ણાશ્રમ ધર્મની વિજયતા વધારવામાં અને સ્વરૂપને સંભાળી વિકટ પંથે પ્રચરતા તરી તારવામાં આ ગ્રંથ આબાલ વૃદ્ધને અસાધારણ વિભૂતિરૂપ છે."

૨૦

"બુદ્ધિપ્રકાશ"ના તંત્રી શ્રીયુત હીરાલાલ ત્રીભોવનદાસ પારેખ, બી. એ. જણાવે છે કેઃ—"રા. નારણજીભાઈ સાંગાણી આખો દેશ ફરી વળ્યા છે એટલુંજ નહિ પણ જાપાન, અમેરિકા, ઇંગ્લાંડ, ફ્રાન્સ આદિ મુલ્કોમાં મુસાફરી પણ કરી આવ્યા છે. એ મુસાફરી દરમ્યાન પોતાને મળેલા અનુભવનો લાભ તેમણે આપણને આ પુસ્તકદ્વારા આપ્યો છે. એ રીતે પુસ્તકનું નામ "તત્વામૃત સાર્થક છે તે વૃત્તાંત વાર્તાની માફક રૂચિકર નિવડી, બોધક માલુમ પડશે. તેમાં એમણે તેમના પરિચયમાં આવેલી કેટલીક જાણીતી વ્યક્તિઓનો પરિચય કરાવ્યો છે એ એક રીતે પુસ્તકના આકર્ષણમાં ઉમેરો કરે છે પણ શ્રીયુત અરવિંદ ઘોષ સામે તેમણે જે આક્ષેપ કર્યો છે તે સાથે ભાગ્યેજ કોઇ સંમત થશે. આખું પુસ્તક વાંચવા જેવું છે. આશા છે કે વાંચક વર્ગ તેનો સારી રીતે લાભ લેશે."

૨૧

જામનગરના સર ન્યાયાધીશ શ્રીયુત ઇચ્છાશંકર જયશંકર લખે છે કેઃ—"આપના તરફથી "તત્વામૃત"નું પુસ્તક ભેટ તરીકે મળ્યું તેનો સાભાર સ્વીકાર કરૂં છું. પુસ્તક અથથી તે ઇતિસુધી વાંચ્યું તેથી હેતુ ને પરિણામ સહિત ચાલુ જમાનાની ભિન્ન ભિન્ન પ્રવૃત્તિઓનો આપને જે જાત અનુભવ થયો તેનું આબેહુબ દિગ્દર્શન થાય છે. સમગ્ર પુસ્તકના સારનો સમાવેશ તેજ પુસ્તક. પૃષ્ટ ૩૨૧ ના છેવટના શબ્દોમાં સૂત્રરૂપે થાય છે તે શબ્દો નીચે પ્રમાણે છેઃ—"કોઈ કોઇનો તારક કે ઉદ્ધારક નથી. લોકોએ કોઇ એક વિશિષ્ટ વ્યક્તિપર મોહ રાખી

પરવશ ન બનતાં આત્મા અને ઇશ્વર પ્રત્યે શ્રદ્ધા રાખી દેશકાળ પરિસ્થિતિને લક્ષમાં લઇ ધર્મ તથા ઇતિહાસને અવલંબી ચાલવામાંજ વાસ્તવિક શ્રેય સમાયેલું છે."

૨૨

**શ્રીયુત પોપટલાલ ગોવિંદજી સાંગાણી કોચીનથી** લખે છે કેઃ—"આપના તરફથી "તત્વામૃત" નું પુસ્તક મળ્યું, તે આભાર સાથે સ્વીકાર્યું છે. પુસ્તકનું પૂઠું કાગળો અને ફોટાઓ આકર્ષક છે. ભાષા સાદી પણ સચોટ અને પુસ્તક હાથમાં લીધા પછી મૂકવાનું મન થતું નથી. તમારામાં રહેલો સાહસિક અને નિડરતાનો ગુણ પાને પાને તરવરી રહેલ છે. ૧૮–૧૯ વરસ જેટલી નાની ઉમરમાં કાશ્મીર, બર્મા, જપાન, ઇંગ્લંડ, ઇટાલી વગેરે ફરતા દેશોનું પરિક્રમણ પ્રસંશાપાત્ર છે. સાધનરહિત દશામાં એકાએક આવી લાંબી મુસાફરી ખેડવી એ ભારે હિમત અને મનની દઢતા વિના થઇ શકે નહિ. જાતીય પર્યટન સાથે દેશોદેશના રીતરિવાજની સમાલોચના પણ વાંચવા લાયક છે. ટુંક મુદતમાં પુસ્તકની તેરસો નકલોનો ઉઠાવ થઇ ગયો એ તેની લોકપ્રિયતા બતાવે છે. આ પુસ્તકનો જનસમાજ છુટથી લાભ લે તેમ ઇચ્છું છું."

૨૩

**દેવગઢ બારીઆના દિવાન સાહેબ શ્રીયુત મોતીલાલ લલ્લુભાઇ, એમ. એ. એલએલ; બી.** લખે છે કેઃ—"આપનું "તત્વામૃત" નામનું પુસ્તક મળ્યું છે તે માટે આપનો ઉપકાર માનું છું. આપના વિશાળ અને તલસ્પર્શી ધ્યાન જનસમાજને ઉપયોગી થયા વગર રહેજ નહિ. પરમાત્મા આપની તે સત્ પ્રવૃત્તિ ચાલુ રખાવો."

# સાંગાણીનાં કુલ પુસ્તકો.

---

| | | |
|---|---|---|
| હિમાલયની યાત્રા ( આવૃત્તિ બીજી ) | કિં. રૂ. | ૦—૬—૦ |
| નારાયણ નીતિ | કિં. રૂ. | ૦—૪—૦ |
| આત્મબોધ ( આવૃત્તિ બીજી ) | કિં. રૂ. | ૦—૪—૦ |
| હિંદુ તીર્થ યાત્રા વર્ણન „ | કિં. રૂ. | ૦—૪—૦ |
| નેપાળનો પ્રવાસ .... ... | કિં. રૂ. | ૦—૪—૦ |
| હિમાલય ઉપરનાં પરમ અદ્વૈત નીતિ... | કિં. રૂ. | ૦—૧૨—૦ |
| નરસાયન ( અપરા દેશ વિદેશની મુસાફરીના અનુભવની સત્યાગ્રહો નવિન અનુભવ ) ભાગ ૧ લો. | કિં. રૂ. | ૦—૮—૦ |
| સનાતન ધર્મ અને સાહિત્ય ... | કિં. રૂ. | ૦—૮—૦ |
| મનુષ્ય ધર્મ— ( છપાય છે )... | કિં. રૂ. | ૦—૪—૦ |
| નરસાયન ભાગ ૨ જો. „ | કિં. રૂ. | ૨—૦—૦ |

પુસ્તકો મળવાનું ઠેકાણું:—

નારાયણજી પુરૂષોત્તમ સાંગાણી.

ઠાકુરની ભીંડી—બીડી બજાર,

મુંબઈ.

# શ્રી કચ્છ સોરઠીઆ વાણિક.

ના જ્ઞાતિ—ભાણજીભાઈ પુરૂષોત્તમ આંગાણી.

આ વણિક ગચ્છમાં શ્રી કચ્છ સોરઠીઆ વણિક જ્ઞાતિના લોકોના રિવાજો, ભજનકીર્તન સંપ્રદાય ધર્મ, કબીરજી, રામાનંદ [illegible], ઉપરાંત [illegible], પુસ્તકોના [illegible] વગેરે સાંપ્રદાયિક વિષયોમાં પણ અતિ મનન કરવા [illegible] તેમાં પૂર્વજોની [illegible] [illegible] સંવત ૧૯[illegible] નીચેના ઠરાવો કર્યા છે:—

સેક્રેટરી, શ્રી કચ્છ સોરઠીઆ વાણિક

ભાણજી [illegible],

માંડવી